

મર્હૂમ શાન્તમ્રાન શ્રી બુટેરાયજી મહારાજ.



સદ્‌ગુણાનુરાગી શાન્તમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી.

१ शान्तमूर्ति बुटेरायजी महाराज
2 5 कर्पूरविजय जी

ભૂમિકા

પ્રિય પાઠક ગણ !

કળિકાળ સર્વજ્ઞ ભગવાન્ **શ્રી હેમચંદ્રાચાર્ય** કે જેઓ ભારતવર્ષના ભૂષણરૂપે સુપ્રસિદ્ધ તત્ત્વવેત્તા, અસાધારણ વિદ્વાન્, સમર્થયોગી, મહાન્ પ્રતિભાશાળી કવિશ્વર અને અલૌકિક શક્તિવાન્ મહાપુરૂષ હતા, તેઓશ્રીના સમુદ્ર જેવા ગંભીર અર્થવાળા અનેક વિષયોથી ગુંથેલા ગ્રન્થો તેમની અપુર્વ વિદ્વતા અને પરોપકાર પરાયણતાની કીર્તિને વિસ્તારી રહ્યા છે. તેમના નહાના મ્હોટા તમામ ગ્રન્થો સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રમાં બીજ રૂપે છે. આ શ્રી **"વીત-રાગ-મહાદેવ સ્તોત્ર"** ભક્તિયોગ અને દેવ સ્વરૂપ દર્શાવનારા પદ્યબંધ ગ્રન્થો ઉક્ત મહર્ષિના રચેલા છે, વીતરાગસ્તોત્રમાં વીતરાગદેવની સ્તવના એવા ભક્તિભર હૃદયે કરી છે કે, વાંચનાર જીજ્ઞાસુઓના રોમેરોમ વિકસ્વર થાય તેમ છે. ગ્રન્થના દરેક અધિકારમાં અને શ્લોકોમાં સંસ્કારવાળી પ્રૌઢ સંસ્કૃત વાણીની છટા, કાવ્યની સરળતા મધુરતા

અને અર્થની ચમત્કૃતિ સાથે ગૌરવતા, હૃદયંગમ રસ પૂર્ણ ભાવ, સેવ્ય સેવક ભાવનો આબેહુબ ચિતાર અને કર્તાનો વીર્યોલ્લાસ વીગેરે દીવ્ય ઝળકી રહ્યાં છે.

દેવ ગુરૂ ધર્મ તત્ત્વનો સત્ય નિર્ણય, આપ્ત વર્ગની ઓળખાણ. પદાર્થની સ્યાદ્વાદમય ઘટના, એકાન્ત વાદીઓના વિરોધનો ધ્વંસ, જગત્કર્તૃત્વ નિર્ણય, પ્રખરજ્ઞાનીઓની અલૌકિકતા, આપ્ત વચનોનું અવિ સંવાદ પણું. વીતરાગ દેવના મનવાણી અને શરિરની લોકોત્તર શ્રેષ્ઠતા. અતિશયોનું આબેહુબ વર્ણન અને તીર્થંકર નામકર્મની લોકોત્તર લબ્ધિઓ વગેરે વગેરે અનેક બાબતોને વીસ અધિકારમાં. વ્હેંચી પદ્યબંધ ગુંથી સ્તુતિ રૂપે જે અમૃતનો સિંધુ રેલાવ્યો છે. તે ખરેખર બૃહસ્પતિને પણ અગોચર અને યોગીઓને વારંવાર ચિંતવવા લાયક છે. કર્તાએ સદ્બુદ્ધિ અને શક્તિથી ભક્તિના અખંડ ઝરાને જાણે આ સ્તુતિરૂપ ગ્રન્થમાંજ વહેવરાવ્યો હોય નહિ એમ સમજાય છે, બીજો ગ્રન્થ "મહાદેવ સ્તોત્ર" પણ એજ મહર્ષિનો રચેલો છે. ત્હેમાં મહાદેવ કોને કહી શકાય? દેવનું સ્વરૂપ કેવું હોય? વીતરાગ દશા કેવી રીતે અને કોને ક્યારે પ્રાપ્ત થઈ શકે? લૌકિક અને લોકોતર દેવની પરસ્પર વિરોધતા વિગેરે વિગેરે આબેહુબ દર્શાવી,

મહાદેવપણું વીતરાગ દેવમાંજ છે, એમ પ્રતિ· પાદન કર્યું છે, અહા ! ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય સૂરિશ્વરનાં યથાવિધ વખાણ ક્યા શબ્દોમાં કરવાં તે નહિ જડવાથી તે કામ અમારા સુજ્ઞ વાંચકવર્ગ અને વિવેકી તત્ત્વજ્ઞોને સોંપીએ છીએ, હે આચાર્ય ભગવાન ! આપની કૃતિઓ જોઇને તથા આપનું નામ સાંભળીને પશ્ચિમાત્ય વિદ્વાનો પણ ચકિત થઇ માથું ધુણાવે છે, તો પછી એવો હતભાગીઆર્ય—જૈન કોણ હોય કે જેને આપના નામથી પ્રમોદ ના થાય ? અમો જૈનો તો નિકટ ઉપકારી એવા આપ વડેજ ઉજળા છીએ.

આ વીતરાગસ્તોત્ર ઉક્ત સૂરિજીએ યોગશા સ્ત્રના ૧૨ પ્રકાશ સાથે શ્રી કુમારપાળ મહારાજ નિમિત્તે રચેલ છે. તે મહાન્ ભૂપતિ બન્ને ગ્રંથના ૩૨ પ્રકાશનો સ્વાધ્યાય સામાયક અંગિકાર કરીને પ્રતિ- દીન કરતા હતા. મધ્યસ્થ ભક્તિરાગી આત્માઓના હિતાર્થે શાન્ત મૂર્તિ શ્રી કર્પૂરવિજયજીમહારાજે આ બન્ને અત્યુત્તમ ગ્રન્થોનું ગુજરાતીમાં ભાષાન્તર રચી અતિ ઉપકાર કર્યો છે. તેને અનુસરીને રાજનગર નિવાસી કવિ સાંકળચંદ પિતામ્બરદાસે પદ્ય· બંધ કાવ્યમાં ભાષાઅનુવાદ રચ્યા છે, તથા શ્રી

કુમારપાળ વિરચિત આત્મનિંદયા રૂપ જિણેંદ્ર-સ્તુતિ તથા શ્રી રત્નાકરપચીશીના અનુવાદો પણ ત્હેમણેજ રચેલા છે, જે આ ગ્રન્થમાં આવેલ છે. ઉક્ત કાવનો પ્રયાસ ઘણોજ સ્તુત્ય છે, ત્હેમની કાવ્યરચના ઘણી સરળ મીઠી અને લોકપ્રિય છે. કાવ્યમાં અલંકાર ઝડ ઝમક, અર્થની ગૌરવતા, શબ્દની છટા અને પદસમાસમાં તો ત્હેમની વિલક્ષણ શક્તિ છે. ત્હેમણે નિસ્પૃહ દાવે અતિ યત્ને આ કાવ્ય કરી સંસ્કૃતથી અજ્ઞાત ભવ્ય સમાજ ઉપર ઉપકાર કર્યો છે.

આ પુસ્તકની ૩૦૦૦ પ્રતો પ્રભાસ પાટણ નિવાસી સંઘવી **લીલાધર નેમચંદ** તરફથી તથા ૧૦૦૦ પ્રતો ભાવનગર નિવાસી ભાઇ કુંવરજી આણંદજી તરફથી તથા ૧૦૦૦ પ્રતો કવિ **સાંકળચંદ પીતામ્બરદાસ** તરફથી તથા ૧૦૦૦ પ્રતો શા. **દલપતસુરામ નરોતમદાસ** ના પુત્ર ચીમનલાલ તરફથી ભેટ તરિકે છપાવી છે. તેથી તે તે ઉદાર ગ્રહસ્થોને આભારમાનીએ છીએ.

છેવટે પાઠક વર્ગનું તથા મનન અધ્યયન કરનારનું કલ્યાણ ઇચ્છિ ાવરમીએ છીએ. ભૂલચૂક મિથ્યા દુષ્કૃત.

ભવદિય

વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી-અમદાવાદ.

વી. સંવત ૧૨૯૪ મા તાડપત્રપર હસ્તચિત્રીત મૂર્તિઓપરથી લીધેલો ફોટો.



ત્રિકાળ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્ર સૂરિશ્વરજી.   પરમાર્હત્ શ્રી કુમારપાળ ભૂપાળ.

त्वय्यादर्शतलालीनप्रतिमाप्रतिरूपके ।
क्षरत्स्वेदविलीनत्वकथाऽपि वपुषः कुतः ॥४॥
न केवलं रागमुक्तं वीतराग ! मनस्तव ।
वपुःस्थितं रक्तमपि क्षीरधारासहोदरम् ॥५॥
जगद्विलक्षणं किंवा तवान्यद्वक्तुमीश्महे ।
यदविस्रमबीभत्सं शुभ्रं मांसमपि प्रभो ! ॥६॥
जलस्थलसमुद्भूताः संत्यज्य सुमनःस्रजः ।
तव निःश्वाससौरभ्यमनुयान्ति मधुव्रताः॥७॥
लोकोत्तरचमत्कारकरी तव भवस्थितिः ।
यतो नाहारनीहारौ गोचरश्चर्मचक्षुषाम् ॥८॥

इति द्वितीयप्रकाशः

सर्वाभिमुख्यतो नाथ ! तीर्थकृन्नामकर्मजात् ।
सर्वथा सम्मुखीनस्त्वमानन्दयसि यत्प्रजाः॥१॥
यद्योजनप्रमाणेऽपि धर्मदेशनसद्मनि ।
संमान्ति कोटिशस्तिर्यग्नृदेवाःसपरिच्छदाः॥२॥

तेषामेव स्वस्वभाषापरिणाममनोहरम् ।
अप्येकरूपं वचनं यत्ते धर्मावबोधकृत् ॥ ३ ॥
साऽग्रेपि योजनशते पूर्वोत्पन्ना गदाम्बुदाः ।
यदञ्जसा विलीयन्ते त्वद्विहारानिलोर्मिभिः ।४।
नाविर्भवन्ति यद्भूमौ मूषकाः शलभाःशुकाः
क्षणेन क्षितिपक्षिप्ता अनीतय इवेतयः ॥ ५ ॥
स्त्रीक्षेत्रपद्रादिभवो यद्वैराग्निः प्रशाम्यति ।
त्वत्कृपापुष्करावर्तवर्षादिव भुवस्तले ॥ ६ ॥
त्वत्प्रभावे भुवि भ्राम्यत्यशिवोच्छेदडिण्डिमे ।
सम्भवन्ति न यन्नाथ मारयो भुवनारयः ॥७॥
कामवर्षिणि लोकानां त्वयि विश्वैकवत्सले ।
अतिवृष्टिरवृष्टिर्वा भवेद्यन्नोपतापकृत् ॥ ८ ॥
स्वराष्ट्रपरराष्ट्रेभ्यो यत्क्षुद्रोपद्रवा द्रुतम् ।
विद्रवन्ति त्वत्प्रभावात् सिंहनादादिव द्विपाः ९
यत्क्षीयते च दुर्भिक्षं क्षितौ विहरति त्वयि ।
सर्वाद्भुतप्रभावाढ्ये जङ्गमे कल्पपादपे ॥१०॥

यन्मूर्ध्नः पश्चिमे भागे जितमार्तण्डमण्डलम् ।
मा भूद्वपुर्दुरालोकमितीवोत्पिण्डितं महः ॥११॥
स एष योगसाम्राज्यमहिमाविश्वविश्रुतः ।
कर्मक्षयोत्थो भगवन्कस्य नाश्चर्यकारणम् ॥१२॥
अनन्तकालप्रचितमनन्तमपि सर्वथा ।
त्वत्तो नान्यः कर्मकक्षमुन्मूलयति मूलतः॥१३॥
तथोपाये प्रवृत्तस्त्वं क्रियासमभिहारतः ।
यथानिच्छन्नुपेयस्य परां श्रियमशिश्रियः ॥१४॥
मैत्री पवित्रपात्राय मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय तुभ्यं योगात्मने नमः॥१५॥
इति तृतीयप्रकाशः

मिथ्यादृशां युगान्तार्कः सुदृशाममृताञ्जनम् ।
तिलकं तीर्थकृल्लक्ष्म्याः पुरश्चक्रं तवैधते ॥१॥
एकोऽयमेव जगति स्वामीत्याख्यातुमुच्छ्रिता ।
उच्चैरिन्द्रध्वजव्याजात्तर्जनी जंभविद्विषा ।

यत्र पादौ पदं धत्तस्तत्र तत्र सुरासुराः ।
किरन्ति पङ्कजव्याजाच्छ्रियं पङ्कजवासिनीम्॥३
दानशीलतपोभावभेदाद्धर्मं चतुर्विधम् ।
मन्ये युगपदाख्यातुं चतुर्वक्त्रोऽभवद्भवान् ॥४॥
त्वयि दोषत्रयात्त्रातुं प्रवृत्ते भुवनत्रयीम् ।
प्राकारत्रितयं चक्रुस्त्रयोऽपि त्रिदिवौकसः ॥५॥
अधोमुखाः कण्टकाः स्युर्धात्र्यां विहरतस्तव ।
भवेयुः सम्मुखीनाः किं तामसास्तिग्मरोचिषः६
केशरोमनखश्मश्रु तवावस्थितमित्ययम् ।
बाह्योऽपि योगमहिमा नाप्तस्तीर्थकरैः परैः॥७॥
शब्दरूपरसस्पर्शगन्धाख्याः पञ्च गोचराः ।
भजन्ति प्रातिकूल्यं न त्वदग्रे तार्किका इव ॥८॥
त्वत्पादावृतवः सर्वे युगपत्पर्युपासते ।
आकालकृतकन्दर्पसाहायकभयादिव ॥ ९ ॥
सुगन्ध्युदकवर्षेण दिव्यपुष्पोत्करेण च ।
भावित्वत्पादसंस्पर्शां पूजयन्ति भुवं सुराः॥१०

जगत्प्रतीक्ष्य त्वां यान्ति पक्षिणोऽपि प्रदक्षिणम्।
का गतिर्महतां तेषां त्वयि ये वामवृत्तयः॥११॥
पञ्चेन्द्रियाणां दौःशील्यं क्व भवेद्भवदन्तिके ।
एकेन्द्रियोऽपि यन्मुञ्चत्यनिलः प्रतिकूलताम् १२
मूर्ध्ना नमन्ति तरवस्त्वन्माहात्म्यचमत्कृताः ।
तत्कृतार्थं शिरस्तेषां व्यर्थं मिथ्यादृशां पुनः १३
जघन्यतः कोटिसङ्ख्यास्त्वां सेवन्ते सुरासुराः ।
भाग्यसम्भारलभ्येऽर्थे न मन्दा अप्युदासते १४

इति चतुर्थप्रकाशः

गायन्निवालिविरुतैर्नृत्यन्निव चलैर्दलैः ।
त्वद्गुणैरिव रक्तोऽसौ मोदतेऽशोकपादपः॥१॥
आयोजनं सुमनसोऽधस्तान्निक्षिप्तबन्धनाः ।
जानुदघ्नीः सुमनसो देशनोर्व्यां किरन्ति ते॥२॥
मालवकैशिकीमुख्यग्रामरागपवित्रितः ।
तव दिव्यो ध्वनिः पीतो हर्षोद्ग्रीवैर्मृगैरपि ॥३॥

तवेन्दुधामधवला चकास्ति चमरावली ।
हंसालिरिव वक्त्राब्जपरिचर्यापरायणा ॥ ४ ॥
मृगेन्द्रासनमारूढे त्वयि तन्वति देशनाम् ।
श्रोतुं मृगास्समायान्ति मृगेन्द्रमिव सेवितुम्॥५॥
भासां चयैः परिवृतो ज्योत्स्नाभिरिव चन्द्रमाः।
चकोराणामिव दृशां ददासि परमां मुदम्॥६॥
दुन्दुभिर्विश्वविश्वेश पुरो व्योम्नि प्रतिध्वनन् ।
जगत्या षु ते प्राज्यं साम्राज्यमिव शंसति ॥७॥
तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी ।
छत्रत्रयीत्रिभुवनप्रभुत्वप्रौढिशंसिनी ॥ ८ ॥
एतां चमत्कारकरीं प्रातिहार्यश्रियं तव ।
चित्रीयन्ते न के दृष्ट्वा नाथ मिथ्यादृशोऽपि हि९

इति पंचमप्रकाशः

लावण्यपुण्यवपुषि त्वयि नेत्रामृताञ्जने ।
माध्यस्थ्यमपि दौःस्थ्याय किम्पुनर्द्वेषविप्लवः १

तवापि प्रतिपक्षोऽस्ति सोऽपि कोपादिविप्लुतः।
अनया किंवदन्त्यापि किं जीवन्ति विवेकिनः २
विपक्षस्ते विरक्तश्चेत्स त्वमेवाथ रागवान् ।
न विपक्षो विपक्षः किं ! खद्योतो द्युतिमालिनः ३
स्पृहयन्ति त्वद्योगाय, यत्तेऽपि लवसत्तमाः ।
योगमुद्रादरिद्राणां परेषां तत्कथैव का ॥ ४॥
त्वां प्रपद्यामहे नाथं त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता किम्ब्रुमः किमु कुर्महे ॥५॥
स्वयं मलीमसाचारैः प्रतारणपरैः परैः ।
वञ्च्यते जगदप्येतत्कस्य पूत्कुर्महे पुरः ॥६॥
नित्यमुक्तान् जगज्जन्मक्षेमक्षयकृतोद्यमान् ।
वन्ध्यास्तनन्धयप्रायान् को देवांश्चेतनः श्रयेत् ७
कृतार्था जठरोपस्थदुःस्थितैरपि दैवतैः ।
भवादृशान्निह्नुवते हाहा देवास्तिकाः परे ॥८॥
खपुष्पप्रायमुत्प्रेक्ष्य किञ्चिन्मानं प्रकल्प्य च ।
संमान्ति देहे गेहे वा न गेहेनर्दिनः परे ॥९॥

कामरागस्नेहरागावीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि ॥१०
प्रसन्नमास्यं मध्यस्थे दृशौ लोकम्पृणं वचः ।
इति प्रीतिपदे बाढं मूढास्त्वय्यप्युदासते ॥११॥
तिष्ठेद्वायुर्द्रवेदद्रिर्ज्वलेज्जलमपि क्वचित् ।
तथापि ग्रस्तो रागाद्यैर्नाप्तो भवितुमर्हति ॥१२॥

इति षष्ठप्रकाशः

धर्माधर्मौ विना नाङ्गं विनाङ्गेन मुखं कुतः ।
मुखाद्विना न वक्तृत्वं तच्छास्तारः परे कथम् ॥१
अदेहस्य जगत्सर्गे प्रवृत्तिरपि नोचिता ।
न च प्रयोजनं किंचित्स्वातन्त्र्यान्न पराज्ञया ॥२
क्रीडया चेत्प्रवर्तेत रागवान्स्यात्कुमारवत् ।
कृपयाऽथ सृजेत्तर्हि सुख्येव सकलं सृजेत् ॥३॥
दुःखदौर्गत्यदुर्योनिजन्मादिक्लेशविह्वलम् ।
जनं तु सृजतस्तस्य कृपालोः का कृपालुता ॥४

कर्मापेक्षस्स चेत्तर्हि न स्वतन्त्रोऽस्मदादिवत्।
कर्मजन्ये च वैचित्र्ये किमनेन शिखण्डिना ? ५॥
अथ स्वभावतो वृत्तिरवितर्क्या महेशितुः ।
परीक्षकाणां तर्ह्येष परीक्षाक्षेपडिण्डिमः ॥ ६॥
सर्वभावेषु कर्तृत्वं ज्ञातृत्वं यदि सम्मतम् ।
मतं नः सन्ति सर्वज्ञा मुक्ताः कायभृतोऽपि च॥७॥
सृष्टिवादकुहेवाकमुन्मुच्येत्यप्रमाणकम् ।
त्वच्छासने रमन्ते ते येषां नाथ ! प्रसीदसि॥८॥

इति सप्तमप्रकाशः

सत्त्वस्यैकान्तनित्यत्वे कृतनाशाकृतागमौ ।
स्यातामेकान्तनाशेऽपि कृतनाशाकृतागमौ ॥१॥
आत्मन्येकान्तनित्ये स्यान्न भोगः सुखदुःखयोः ।
एकान्तानित्यरूपेऽपि न भोगः सुखदुःखयोः॥२॥
पुण्यपापे बन्धमोक्षौ न नित्यैकान्तदर्शने ।
पुण्यपापे बन्धमोक्षौ नानित्यैकान्तदर्शने ॥३॥

क्रमाक्रमाभ्यां नित्यानां युज्यतेऽर्थक्रिया न हि:
एकान्तक्षणिकत्वेऽपि युज्यतेऽर्थक्रिया न हि ॥४
यदा तु नित्यानित्यत्वरूपता वस्तुनो भवेत् ।
यथात्थ भगवन्नैव तदा दोषोऽस्ति कश्चन ॥५॥
गुडो हि कफहेतुः स्यान्नागरं पित्तकारणम् ।
द्वयात्मनि न दोषोऽस्ति गुडनागरभेषजे ॥६॥
द्वयं विरुद्धं नैकत्राऽसत्प्रमाणप्रसिद्धितः ।
विरुद्धवर्णयोगो हि दृष्टो मेचकवस्तुषु ॥७॥
विज्ञानस्यैकमाकारं नानाकारकरम्बितम् ।
इच्छंस्तथागतः प्राज्ञो नानेकान्तं प्रतिक्षिपेत् ८॥
चित्रमेकमनेकं च रूपं प्रामाणिकं वदन् ।
योगो वैशेषिको वापि नानेकान्तं प्रतिक्षिपेत् ९
इच्छन्प्रधानं सत्त्वाद्यैर्विरुद्धैर्गुम्फितं गुणैः ।
साङ्ख्यः सङ्ख्यावतां मुख्यो नानेकान्तं प्रतिक्षिपेत्
विमतिस्सम्मतिर्वापि चार्वाकस्य न मृग्यते ।
परलोकात्ममोक्षेषु यस्य मुह्यति शेमुषी ॥११॥

तेनोत्पादव्ययस्थेमसम्भिन्नं गोरसादिवत् ।
त्वदुपज्ञं कृतधियः प्रपन्ना वस्तुतस्तु सत् ॥१२॥

इत्यष्टमप्रकाशः

यत्राल्पेनापि कालेन त्वद्भक्तेः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु कृतं कृतयुगादिभिः॥१॥
सुषमातो दुःषमायां कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौ हि श्लाघ्या कल्पतरोःस्थितिः॥२
श्राद्धः श्रोता सुधीर्वक्ता युज्येयातां यदीश तत्।
त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि॥३॥
युगान्तरेऽपिचेन्नाथ! भवन्त्युच्छृङ्खलाः खलाः
वृथैव तर्हि कुप्यामः कलये वामकेलये ॥४॥
कल्याणसिद्ध्यै साधीयान् कलिरेव कषोपलः ।
विनाग्निं गन्धमहिमा काकतुण्डस्य नैधते ॥५॥
निशि दीपोऽम्बुधौ द्वीपं मरौ शाखी हिमेशिखी
कलौ दुरापः प्राप्तोऽयं त्वत्पादाब्जरजःकणः॥६॥

युगान्तरेषु भ्रान्तोऽस्मि त्वद्दर्शनविनाकृतः ।
नमोऽस्तु कलये यत्र त्वद्दर्शनमजायत ॥ ७॥
बहुदोषो दोषहीनात्त्वत्तः कलिरशोभत ।
विषयुक्तो विषहरात्फणीन्द्र इव रत्नतः ॥ ८ ॥

इति नवमप्रकाशः

मत्प्रसत्तेस्त्वत्प्रसादस्त्वत्प्रसादादियं पुनः ।
इत्यन्योन्याश्रयं भिन्धि प्रसीद भगवन् ! मयि?
निरीक्षितुं रूपलक्ष्मीं सहस्राक्षोऽपि न क्षमः।
स्वामिन्!सहस्रजिह्वोऽपिशक्तो वक्तुं न ते गुणान्
संशयान् नाथ! हरसेऽनुत्तरस्वर्गिणामपि ।
अतःपरोऽपि किं कोऽपि गुणःस्तुत्योऽस्तिवस्तुतः
इदं विरुद्धं श्रद्धत्तां कथमश्रद्दधानकः ।
आनन्दसुखसक्तिश्च विरक्तिश्च समं त्वयि ॥४॥
नाथेयं घट्यमानापि दुर्घटा घटतां कथम् ।
उपेक्षा सर्वसत्त्वेषु परमा चोपकारिता ॥ ५॥

द्वयं विरुद्धं भगवंस्तव नान्यस्य कस्यचित् ।
निर्ग्रन्थता परा या च या चोच्चैश्चक्रवर्तिता॥६
नारका अपि मोदन्ते यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्रं को वा वर्णयितुं क्षमः॥७॥
शमोऽद्भुतोऽद्भुतं रूपं सर्वात्मसु कृपाद्भुता
सर्वाद्भुतनिधीशाय तुभ्यं भगवते नमः ॥८॥

इति दशमप्रकाशः

निग्रन्परीषहचमूमुपसर्गान्प्रतिक्षिपन् ।
प्राप्तोऽसि शमसौहित्यं महतां कापि वैदुषी॥१॥
अरक्तो भुक्तवान्मुक्तिमद्विष्टो हतवान्द्विषः ।
अहो महात्मनां कोऽपि महिमा लोकदुर्लभः॥२॥
सर्वथा निर्जिगीषेण भीतभीतेन चागसः ।
त्वया जगत्त्रयं जिग्ये महतां कापि चातुरी ३॥
दत्तं न किञ्चित्कस्मैचिन्नात्तं किञ्चित्कुतश्चन ।
प्रभुत्वं ते तथाप्येतत्कला कापि विपश्चिताम् ॥४

यद्देहस्यापि दानेन सुकृतं नार्जितं परैः ।
उदासीनस्य तन्नाथ ! पादपीठे तवालुठत् ॥५॥
रागादिषु नृशंसेन सर्वात्मसु कृपालुना ।
भीमकान्तगुणेनोच्चैः साम्राज्यं साधितं त्वया ६।
सर्वे सर्वात्मनाऽन्येषु दोषास्त्वयि पुनर्गुणाः ॥
स्तुतिस्तवेयं चेन्मिथ्या तत्प्रमाणं सभासदः॥७
महीयसामपि महान्महनीयो महात्मनाम् ।
अहो मे स्तुवतः स्वामी स्तुतेर्गोचरमागमत् ॥८

इत्येकादशप्रकाशः

पद्व्यासादरैः पूर्वं तथा वैराग्यमाहरः ।
यथेह जन्मन्याजन्म तत्सात्मीभावमागमत् ॥१॥
दुःखहेतुषु वैराग्यं न तथा नाथ ! निस्तुषम् ।
मोक्षोपायप्रवीणस्य यथा ते सुखहेतुषु ॥२॥
विवेकशाणैर्वैराग्यशस्त्रं शातं त्वया तथा ।
यथा मोक्षेऽपि तत्साक्षादकुण्ठितपराक्रमम् ॥३॥

यदा मरुन्नरेन्द्रश्रीस्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम विरक्तत्वं तदापि ते ॥४॥
नित्यं विरक्तः कामेभ्यो यदा योगं प्रपद्यसे ।
अलमेभिरिति प्राज्यं तदा वैराग्यमस्ति ते ॥५
सुखे दुःखे भवे मोक्षे यदौदासीन्यमीशिषे ।
तदा वैराग्यमेवेति कुत्र नासि विरागवान् ॥६॥
दुःखगर्भे मोहगर्भे वैराग्ये निष्ठिताः परे ।
ज्ञानगर्भं तु वैराग्यं त्वय्येकायनतां गतम् ॥७॥
औदासीन्येऽपि सततं विश्वविश्वोपकारिणे ।
नमो वैराग्यनिघ्नाय तायिने परमात्मने ॥८॥

इति द्वादशप्रकाशः

अनाहूतसहायस्त्वं त्वमकारणवत्सलः ।
अनभ्यर्थितसाधुस्त्वं त्वमसम्बन्धबान्धवः ॥१॥
अनक्तस्निग्धमनसममृजोज्ज्वलवाक्पथम् ।
अधौतामलशीलं त्वां शरण्यं शरणं श्रये ॥२॥

अचण्डवीरवृत्तिना शमिना शमवर्त्तिना ।
त्वया काममकुट्यन्त कुटिलाः कर्मकण्टकाः॥३॥
अभवाय महेशायागदाय नरकच्छिदे ।
अराजसाय ब्रह्मणे कस्मैचिद्भवते नमः ॥४॥
अनुश्रितफलोदर्कादनिपातगरीयसः ।
असङ्कल्पितकल्पद्रोस्त्वत्तः फलमवाप्नुयाम् ॥५
असङ्गस्य जनेशस्य निर्ममस्य कृपात्मनः ।
मध्यस्थस्य जगत्त्रातुरनङ्कस्तेऽस्मि किङ्करः ॥६॥
अगोपिते रत्ननिधाववृते कल्पपादपे ।
अचिन्त्ये चिन्तारत्ने च त्वय्यात्मायंमयार्पितः ७
फलानुध्यानवन्ध्योऽहं फलमात्रतनुर्भवान् ।
प्रसीद यत्कृत्यविधौ किङ्कर्तव्यजडे मयि ॥८॥

इति त्रयोदशप्रकाशः

मनोवचःकायचेष्टाः कष्टाः संहृत्य सर्वथा ।
श्लथत्वेनैव भवता मनःशल्यं वियोजितम् ॥१॥

संयतानि नचाक्षाणि नैवोच्छृङ्खलितानि च ।
इति सम्यक्प्रतिपदा त्वयेन्द्रियजयः कृतः॥२॥
योगस्याष्टाङ्गता नूनं प्रपञ्चः कथमन्यथा ।
आबालभावतोऽप्येष तव सात्म्यमुपेयिवान् ॥३॥
विषयेषु विरागस्ते चिरं सहचरेष्वपि ।
योगे सात्म्यमदृष्टेऽपि स्वामिन्निदमलौकिकम् ४
तथा परे न रज्यन्त उपकारपरे परे ।
यथाऽपकारिणी भवानहो सर्वमलौकिकम् ॥५॥
हिंसका अप्युपकृता आश्रिता अप्युपेक्षिताः ।
इदं चित्रं चरित्रं ते के वा पर्यनुयुञ्जताम् ॥६॥
तथा समाधौ परमे त्वयात्मा विनिवेशितः ।
सुखी दुःख्यस्मि नास्मीति यथा न प्रतिपन्नवान्
ध्याता ध्येयं तथा ध्यानं त्रयमेकात्मतां गतम्।
इति ते योगमाहात्म्यं कथं श्रद्धीयतां परैः॥८॥

इति चतुर्दशप्रकाशः

जगज्जैत्रा गुणास्त्रातरन्ये तावत्तवासताम् ।
उदात्तशान्तया जिग्ये मुद्रयैव जगत्त्रयी ॥१॥
मेरुस्तृणीकृतो मोहात्पयोधिर्गोष्पदीकृतः ।
गरिष्ठेभ्यो गरिष्ठो यैः पाप्मभिस्त्वमपोहितः॥२॥
च्युतश्चिन्तामणिः पाणेस्तेषां लब्धा सुधा मुधा।
यैस्त्वच्छासनसर्वस्वमज्ञानैर्नात्मसात्कृतम् ॥३॥
यस्त्वय्यपि दधौ दृष्टिमुल्मुकाकारधारिणीम् ।
तमाशुशुक्षणिः साक्षादालप्यालमिदं हि वा ।४।
त्वच्छासनस्य साम्यं ये मन्यन्ते शासनान्तरैः।
विषेण तुल्यं पीयूषं तेषां हन्त हतात्मनाम् ॥५॥
अनेडमूका भूयासुस्ते येषां त्वयि मत्सरः ।
शुभोदर्काय वैकल्यमपि पापेषु कर्मसु ॥ ६ ॥
तेभ्यो नमोऽञ्जलिरयं तेषां तान्समुपास्महे ।
त्वच्छासनामृतरसैर्यैरात्मा सिच्यतान्वहम् ॥७॥
भुवे तस्यै नमो यस्यां तव पादनखांशवः ।
चिरं चूडामणीयन्ते ब्रूमहे किमतः परम् ॥८॥

जन्मवानस्मि धन्योऽस्मि कृतकृत्योऽस्मि यन्मुहुः।
जातोऽस्मि त्वद्गुणग्रामरामणीयकलम्पटः ।९।

इति पंचदशप्रकाशः

त्वन्मतामृतपानोत्था इतः शमरसोर्मयः ।
पराणयन्ति मां नाथ ! परमानन्दसम्पदम्॥१॥
इतश्चानादिसंस्कारमूर्च्छितो मूर्च्छयत्यलम् ।
रागोरगविषावेगो हताशः करवाणि किम् ? ।२।
रागाहिगरलाघ्रातोऽकार्षं यत्कर्मवैशसम् ।
तद्वक्तुमप्यशक्तोऽस्मि धिग्मे प्रच्छन्नपापताम् ३।
क्षणं सक्तः क्षणं मुक्तः क्षणं क्रुद्धः क्षणं क्षमी ।
मोहाद्यैः क्रीडयैवाहं कारितः कपिचापलम् ॥४॥
प्राप्यापि तव सम्बोधिं मनोवाक्कायकर्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ ! शिरसि ज्वालितोऽनलः५
त्वय्यपि त्रातरि त्रातर्यन्मोहादिमलिम्लुचैः ।
रत्नत्रयं मे ह्रियते हताशो हा हतोऽस्मि तत् ६

भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं मयैकस्तेषु तारकः ।
तत्तवाङ्घ्रौ विलग्नोऽस्मि नाथ ! तारय तारय ७
भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम् ।
औदासीन्येन नेदानीं तव युक्तमुपेक्षितुम् ॥८॥
ज्ञाता तात त्वमेवैकस्त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्रमेधि यत्कृत्यकर्मठः ॥९॥

इति षोडशप्रकाशः

स्वकृतं दुष्कृतं गर्हन् सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि शरणं शरणोज्झितः ॥१॥
मनोवाक्कायजे पापे कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयादपुनः क्रिययान्वितम् ।२।
यत्कृतं सुकृतं किंचिद्रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं मार्गमात्रानुसार्यपि ॥ ३ ॥
सर्वेषामर्हदादीनां यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं सर्वं तेषां महात्मनाम् ॥४॥

त्वां त्वत्फलभूतान् सिद्धांस्तवच्छासरतान्मुनीन्
त्वच्छासनं च शरणं प्रतिपन्नोऽस्मि भावतः ५॥
क्षमयामि सर्वान्सत्त्वान्सर्वे क्षाम्यन्तु ते मयि।
मैत्र्यस्तु तेषु सर्वेषु त्वदेकशरणस्य मे ॥६॥
एकोऽहं नास्ति मे कश्चिन्न चाहमपि कस्यचित्
त्वदङ्घ्रिशरणस्थस्य मम दैन्यं न किञ्चन॥७॥
यावन्नाप्नोमि पदवी परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं मा मुञ्चः शरणंश्रिते ॥८॥

इति सप्तदशप्रकाशः

न परं नाम मृद्वेव कठोरमपि किञ्चन ॥
विशेषज्ञाय विज्ञप्यं स्वामिने स्वान्तशुद्धये॥१॥
न पक्षिपशुसिंहादिवाहनासीनविग्रहः ।
न नेत्रगात्रवक्त्रादिविकारविकृताकृतिः ॥२॥
न शूलचापचक्रादिशस्त्राङ्ककरपल्लवः ।
नाङ्गनाकमनीयाङ्गपरिष्वङ्गपरायणः ॥ ३ ॥

न गर्हणीयचरितप्रकम्पितमहाजनः ॥
न प्रकोपप्रसादादिविडम्बितनरामरः ॥४॥
न जगज्जननस्थेमविनाशविहितादरः ॥
न लास्यहास्यगीतादिविप्लवोपप्लुतस्थितिः॥५॥
तदेवं सर्वदेवेभ्यस्सर्वथा त्वं विलक्षणः ॥
देवत्वेन प्रतिष्ठाप्यः कथं नाम परीक्षकैः ॥ ६॥
अनुश्रोतः सरत्पर्णतृणकाष्ठादि युक्तिमत् ॥
प्रतिश्रोतः श्रयद्वस्तु कया युक्त्या प्रतीयताम् ? ७
अथवाऽलं मन्दबुद्धिपरीक्षकपरीक्षणैः ॥
ममापि कृतमेतेन वैयात्येन जगत्प्रभो ! ॥८॥
यदेव सर्वसंसारिजन्तुरूपविलक्षणम् ॥
परीक्षन्तां कृतधियस्तदेव तव लक्षणम् ॥९॥
क्रोधलोभभयाक्रान्तं जगदस्माद्विलक्षणः ॥
न गोचरो मृदुधियां वीतराग ! कथञ्चन ॥१०

इत्यष्टादशप्रकाशः

तव चेतसि वर्तेऽहमिति वार्त्तापि दुर्लभा ॥
मच्चित्ते वर्तसे चेत्त्वमलमन्येन केनचित् ॥१॥
निगृह्य कोपतः कांश्चित् कांश्चित्तुष्ट्याऽनुगृह्य च
प्रतार्यन्ते मृदुधियः प्रलम्भनपरैः परैः ॥२॥
अप्रसन्नात्कथं प्राप्यं फलमेतदसङ्गतम् ॥
चिन्तामण्यादयः किं न फलन्त्यपि विचेतनाः ३
वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ॥
आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ४
आकालमियमाज्ञा ते हेयोपादेयगोचरा ॥
आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः ॥५॥
आश्रवो भवहेतुः स्यात्संवरो मोक्षकारणम् ॥
इतीयमार्हतीमुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥६॥
इत्याज्ञाराधनपरा अनन्ताः परिनिर्वृताः ॥
निर्वान्ति चान्ये क्वचन निर्वास्यन्ति तथापरे ७
हित्वा प्रसादनादैन्यमेकयैव त्वदाज्ञया ॥

सर्वथैव विमुच्यन्ते जन्मिनः कर्मपञ्जरात् ॥ ८॥
इत्येकोनविंशतितमप्रकाशः

पादपीठलुठन्मूर्ध्नि मयि पादरजस्तव ॥
चिरं निवसतां पुण्यपरमाणुकणोपमम् ॥१॥
मद्दृशौ त्वन्मुखासक्ते हर्षबाष्पजलोर्मिभिः ॥
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं क्षणात्क्षालयतां मलम् ॥२॥
त्वत्पुरो लुठनैर्भूयान्मद्भालस्य तपस्विनः ॥
कृतासेव्यप्रणामस्य प्रायश्चित्तं किणावलिः॥ ३॥
मम त्वद्दर्शनोद्भूताश्चिरं रोमाञ्चकण्टकाः ॥
नुदन्तां चिरकालोत्थामसद्दर्शनवासनाम् ॥४॥
त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु निपीतासु सुधास्विव
मदीयैर्लोचनाम्भोजैः प्राप्यतां निर्निमेषता॥५॥
त्वदास्यलासिनी नेत्रे त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे भूयास्तां सर्वदा मम ॥६॥
कुण्ठापि यदि सोत्कण्ठा त्वद्गुणग्रहणं प्रति ।

मनैषा भारती तर्हि स्वस्त्येतस्यै किमन्यया॥७॥
तवप्रेष्योऽस्मिदासोऽस्मिसेवकोऽस्म्यस्मिकिङ्करः
ओमिति प्रतिपद्यस्व नाथ! नातः परं ब्रुवे॥८॥
श्रीहेमचन्द्रप्रभवाद्वीतरागस्तवादितः।
कुमारपालभूपालः प्राप्नोतु फलमीप्सितम्॥९॥
इति विंशतितमप्रकाशः
॥ समाप्त. ॥

श्री महादेव स्तोत्रम्.

प्रशान्तं दर्शनं यस्य, सर्वभूताभयप्रदम्
मांगल्यं च प्रशस्तं च, शिवस्तेन विभाव्यते. १
महत्वा दीश्वरत्वाच्च, यो महेश्वरतां गतं
राग द्वेष विनिर्मुक्तं, वंदेऽहं तं जिनेश्वरम्. २
महाज्ञानं भवेद्यस्य, लोकालोक प्रकाशकम्
महादया दमो ध्यानं, महादेवः स उच्यते.।३।
महान्तस्तस्करा ये तु, तिष्ठन्तः स्वशरीरके

निर्जिता येन देवेन, महादेवः स उच्यते ॥४॥
रागद्वेषौ महामल्लौ, दुर्जयौ येन निर्जितौ
महादेवं तु तं मन्ये, शेषा वै नामधारकाः ।५।
शब्दमात्रो महादेवो, लौकिकानां मते मतः
शब्दतो गुणतश्चैवा,-र्थतोपि जिनशासने ॥६॥
शक्तितो व्यक्तितश्चैव, विज्ञानं लक्षणं तथा
मोहजालं हतं येन, महादेवः स उच्यते ॥७॥
नमोस्तु ते महादेव, महामद-विवर्जित
महालोभ-विनिर्मुक्त, महागुण समन्वित ॥८॥
महारागो महाद्वेषो, महामोहस्तथैव च
कषायश्च हतो येन, महादेवः स उच्यते ॥९॥
महाकामो हतो येन, महाभय-विवर्जितः
महाव्रतोपदेशी च, महादेवः स उच्यते. ।१०।
महाक्रोधो महामानो, महामाया महामदः
महालोभो हतो येन, महादेवः स उच्यते ११
महानन्दो दया यस्य, महाज्ञानो महातपः

महायोगी महामौनी, महादेवः स उच्यते १२
महावीर्यं महाधैर्यं, महाशीलं महागुणः
महामंजुक्षमा यस्य, महादेवः स उच्यते. १३
स्वयंभूतं यतो ज्ञानं, लोकालोक-प्रकाशकम्
अनन्त-वीर्य-चारित्रं, स्वयंभूः सोऽभिधीयते १४
शिवो यास्माज्जिनः प्रोक्तः, शंकरश्च प्रकीर्तितः
कायोत्सर्गी च पर्यङ्की, स्त्रीशस्त्रादिविवर्जितः १५
साकारोऽपि ह्यनाकारो, मूर्तामूर्तस्तथैव च
परमात्मा च बाह्यात्मा, अन्तरात्मा तथैव च १६
दर्शनज्ञान-योगेन, परमात्मा-यमव्ययः
पराक्षान्ति-रहिंसा च परमात्मा स उच्यते १७
परमात्मा सिद्धि संप्राप्तौ, बाह्यात्मा तु भवांतरे
अन्तरात्मा भवे देह, इत्येषस्त्रिविधः शिवः
सकलो दोषसंपूर्णो, निष्कलो दोषवर्जितः
पंचदेह विनिर्मुक्तः संप्राप्तः परमं पदम् ॥१९॥
एकमूर्तिस्त्रयो भागा, ब्रह्म-विष्णु-महेश्वराः

तान्येव पुनरुक्तानि, ज्ञान-चारित्र-दर्शनात्.
एकमूर्ति स्त्रयोभागा, ब्रह्मविष्णु महेश्वराः
परस्परं विभिन्नाना,-मेक-मूर्तिः कथं भवेत्
कार्यं विष्णु क्रिया ब्रह्मा, कारणं तु महेश्वरः
कार्य-कारण-सपन्ना, एक मूर्तिः कथं भवेत्.
प्रजापति-सुतो ब्रह्मा, माता पद्मावती स्मृता
अभिजिज्जन्म-नक्षत्र, मेक-मूर्तिः कथं भवेत्
वसुदेव सुतो विष्णु, माता च देवकी स्मृता.
रोहिणी जन्म नक्षत्र, मेक मूर्तिः कथं भवेत्
पेढालस्य सुतो रुद्रो, माता च सत्यकी स्मृता
मूलं च जन्मनक्षत्र, मेक-मूर्तिः कथं भवेत्
रक्तवर्णो भवेद् ब्रह्मा, श्वेतवर्णो महेश्वरः
कृष्णवर्णो भवेद् विष्णु,-रेकमूर्तिः कथं भवेत्
अक्षसूत्री भवेद् ब्रह्मा, द्वितीयः शूलधारकः.
तृतीयः शंखचक्रांक, एक-मूर्तिः कथं भवेत्
चतुर्मुखो भवेद् ब्रह्मा, त्रिनेत्रोऽयं महेश्वरः

चतुर्भुजो भवेद् विष्णु,·रेक·मूर्तिः कथं भवेत्
मथुरायां जातो ब्रह्मा, राजगृहे महेश्वरः
द्वारामत्यामभूद् विष्णु रेक मूर्तिः कथं भवेत्
हंसयानो भवेद् ब्रह्मा, वृषयानो महेश्वरः
गरुडयानो भवेद् विष्णु. रेक·मूर्तिःकथं भवेत्
पद्महस्तो भवेद् ब्रह्मा, शूलपाणिर्महेश्वरः
चक्रपाणि र्भवेद् विष्णु,·रेक·मूर्तिः कथं भवेत्
कृते जातो भवेद् ब्रह्मा, त्रेतायां च महेश्वरः
द्वापरे जनितो विष्णु,·रेक·मूर्तिः कथं भवेत्
ज्ञानं विष्णुस्सदा प्रोक्तं, चारित्रं ब्रह्म उच्यते
सम्यक्त्वं तु शिवं प्रोक्त,·महन्मूर्ति·स्त्रयात्मिका
क्षितिजलपवनहुताशन,
यजमानाकाशसोमसूर्याख्याः
इत्येतेऽष्टौ भगवति.वीतरागे गुणा मताः ३४
क्षितिरित्युच्यते क्षांति र्जलं या च प्रसन्नता
निःसंगता भवेद्वायु,र्हुताशो योग उच्यते. ३५
यजमानो भवेदात्मा, तपोदानदयादिभिः ॥

अलेपकत्वा-दाकाश,-संकाशः सोभिधीयते ३६
सौम्यमूर्तिरुचिश्चंद्रो, वीतरागः समीक्ष्यते
ज्ञानप्रकाशकत्वेन, आदित्यः सोभिधीयते. ३७
पुण्यपापविनिर्मुक्तो, रागद्वेषविवर्जितः
श्री अर्हद्भ्यो नमस्कारः, कर्तव्यः शिवमिच्छता
अकारेण भवेद् विष्णु, रेफे ब्रह्मा व्यवस्थितः
हकारेण हरः प्रोक्त, स्तस्यान्ते परमं पदम् ३९
अकार आदि धर्मस्य, आदि मोक्ष-प्रदेशकः
स्वरूपे परमं ज्ञान,-मकारस्तेन उच्यते. ॥४०॥
रूपि द्रव्य स्वरूपं वा दृष्ट्वा ज्ञानेन चक्षुषा
दृष्टं लोकमलोकं वा, रकारस्तेन उच्यते. ४१
हता रागाश्च द्वेषाश्च, हता मोह-परीषहाः
हतानि येन कर्माणि, हकार स्तेन उच्यते ४२
संतोषेणाभिसंपूर्णः, प्रातिहार्याष्टकेन च
ज्ञात्वा पुण्यं च पापं च,नकारस्तेन उच्यते ४३
भवबीजाङ्कुरजनना,रागाद्याः क्षयमुपागता यस्य
ब्रह्मा वा विष्णुर्वा,हरो जिनो वा नमस्तस्मै४४

શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય નિર્મિત

વીતરાગ સ્તોત્ર સારાંશ.

લેખકઃ—શાન્તમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી

પ્રથમ પ્રસ્તાવના પ્રકાશ.

જે પરમાત્મા (સર્વ સંસારી જીવોથી શ્રેષ્ટ સ્વરૂપવાળા) છે. કેવળજ્ઞાનમય છે, પંચ પરમેષ્ટિમાં પ્રધાન છે, તેમજ જે અજ્ઞાનની પેલે પાર ગયેલા અને સૂર્યના જેવા ઉદ્યોત કરવાવાળા છે એમ પંડિત જનો માને છે. ૧

જેણે સમસ્ત રાગદ્વેષાદિક કલેશકારી વૃક્ષો સમૂળગાં ઉખેડી નાંખ્યા છે, અને જેને સુરપતિ, અસુર પતિ તથા નરપતિઓ મસ્તક નામે છે. ૨

જેનાથી ધર્મ અર્થ કામ અને મોક્ષ રૂપી પુરૂષાર્થને પેદા કરાવનારી શબ્દ વિદ્યાદિક ૧૪ વિદ્યાઓ પ્રવર્તિ છે, અને જેનું જ્ઞાન અતીત અનાગત અને વર્તમાન વસ્તુ માત્રને પ્રકાશવાવાળું છે. ૩

જેનામાં વિજ્ઞાન (કેવળજ્ઞાન) આનંદ (ખરૂં અખંડ સુખ) અને બ્રહ્મ (પરમ પદ) એ ત્રણે એકતાને પામેલા છે, તે (સર્વજ્ઞ-વીતરાગ) શ્રદ્ધા અને ધ્યાન કરવા યોગ્ય છે. તે પરમાત્માનું શરણ હું અંગીકાર કરૂં છું. ૪

સમસ્ત ક્લેશ વર્જીત એ પ્રભુથી હું સનાથ છું. સુરાસુર વંદિત એ પ્રભુનેજ હું એક મનથી વાંચ્છું છુ. ત્હેમનાથીજ હું કૃત્યકૃત્ય છું અને ત્રિકાળ વેદી એવા એ પ્રભુનોજ હું કિંકર છું. ૫

તે પ્રભુની સ્તુતિ-સ્તોત્ર કરવા વડે હું મ્હારી વાણીને પવિત્ર કરૂં છું. કારણકે આ ભવ અટવીમાં જન્મ પામ્યાનું પ્રાણીઓને એજ ફળ છે. ૬

પશુથી પણ પશુ એવો હું કયાં? અને બૃહસ્પતિને પણ અશક્ય એવી વીતરાગની સ્તુતિ કયાં? તેથી પગ વડે મહા અટવી ઉલ્લંઘન કરવા ઈચ્છતા પાંગળા જેવો હું છું. એટલે આ મ્હારૂં આચરણ મહા સાહસ રૂપ હોવાથી હસવા જેવું છે. ૭

તો પણ શ્રદ્ધાથી પ્રેરિત હૃદયવાળો હું આપની સ્તુતિ કરવામાં સ્ખલના પામું-આપના અનંત ગુણ-

ને પ્રગટ કરી ન શકું? તેથી મ્હને નિષેધ કરવો યોગ્ય નથી, કેમકે શ્રદ્ધાળુની સંબંધ વગરની વચન રચના પણ શોભા પામે છે. (આથી મ્હારો પ્રસ્તુત પ્રયત્ન લેખે થશે.) ૮

શ્રી હેમચંદ્રસૂરિએ કરેલા **વીતરાગ સ્તોત્રથી** કુમારપાળ ભૂપાળ ઇચ્છિત (શ્રદ્ધા વિશુદ્ધિ અને કર્મક્ષય રૂપ) ફળને પ્રાપ્ત થાઓ. ॥ ઇતિ પ્રથમ પ્રકાશ ॥ ૯ ॥

મૂળ ૪ અતિશય વર્ણનરૂપ-બીજો પ્રકાશ.

હે પ્રભુ! પ્રિયંગુવત્ (નીલ), સ્ફટિકવત્ (ઉજ્વળ) સ્વર્ણવત્ [પીત], પદ્મરાગવત્ (રક્ત) અને અંજન-વત (શ્યામ) વર્ણવાળો ધોયા વગરજ સદાય પવિત્ર એવો આપનો દેહ? દેવ મનુષ્યાદિક કોને ચકિત નથી કરતો? સર્વને કરે છેજ. ૧

કલ્પ વૃક્ષની માળાની જેમ સ્વભાવેજ સુગંધિ એવા આપના અંગ ઉપર દેવાંગનાના નેત્ર, ભ્રમરની જેમ લપટાય છે. ૨

હે નાથ! દિવ્ય અમૃતરસનું આસ્વાદન કરવાથી

થયેલી પુષ્ટિથી પરાભવ પામેલાં હોય તેમ કાસ શ્વાસાદિક રોગ-રૂપી સર્પના સમૂહ આપના દેહમાં વ્યાપી શકતા નથી, આપ સદાય રોગ રહિતજ છો. ૩

દર્પણની અંદર પ્રતિબિંબિત થયેલા રૂપની જેમ આપનામાં બીજા મળતો દૂર રહો-પરંતુ પરિશ્રમાદિકથી આપનું શરીર ટપકતા પસીનાથી આર્દ્ર (ભીનું) પણ થતું નથી. આપની કાયા પ્રસ્વેદ (પસીનો) વગરની નિર્મળજ છે. ૪

હે વીતરાગ ! કેવળ આપનું મનજ રાગરહિત થયેલું છે. એમ નથી, પરંતુ આપના શરીરમાં રહેલું રક્ત [રૂધિર] પણ દૂધની ધારા જેવું ધોળું છે, એટલે આપના રૂધિરમાંથી પણ સ્વાભાવિક રાગ-રંગ રતાશ જતી રહી છે. ૫

વળી જગતથી વિલક્ષણ એવી આપની બીજી અદ્ભૂત વાતનું અમે શું વર્ણન કરી શકીયે? કારણ કે હે પ્રભુ! આપનું માંસ પણ દુર્ગંધ રહિત (પરમ સુગંધિ) દુગંચ્છા ન ઉદ્ભવે એવું ગાયના દૂધ જેવું ધોળું છે. ૬

હે વીતરાગ ! ભમરાઓ, જળ સ્થળના (સુગંધિ)

પુષ્પોની માળાઓ તજી આપના નિશ્વાસની ખુશબો લેવા આપના વદન-કમળ પાસે આવે છે. ૭

હે પ્રભુ ! આપની જન્મ-મર્યાદા લોકોત્તર (અ-પૂર્વ) ચમત્કારને કરવાવાળી છે. કેમકે આપના આ-હાર અને નિહાર, ચર્મચક્ષુવાળા મનુષ્યો જોઇ શકતાજ નથી. ॥ ઇતિ બીજો પ્રકાશ ॥ ૮ ॥

કર્મક્ષયજનિત ૧૧ અતિશય વર્ણન રૂપ ત્રીજો પ્રકાશ.

તીર્થંકર નામ કર્મજનિત સર્વાભિમુખ્ય નામના અતિશયથી હે નાથ ! આપ કેવળજ્ઞાનના પ્રકાશવડે સર્વથા સર્વ દિશાએ સન્મુખ છતાં દેવ, મનુષ્યાદિક પ્રજાને પ્રતિક્ષણ (પરમ) આનંદ રસ પમાડો છો. ૧

એક યોજન પ્રમાણ ધર્મ દેશનાના સ્થળરૂપ સમવસરણમાં પરિવાર સહિત ક્રોડો ગમે દેવ, મનુષ્ય અને તિર્યંચો (લગારે હરકત) વગર સમાઇ શકે છે. !-૨

આપનું એક એક વચન દેવ, મનુષ્ય અને તિર્યં-ચોને પોતપોતાની ભાષામાં સુખે સમજી શકાય એવું અને ધર્મ સંબંધી બોધને કરવાવાળું થાય છે.૩

આપના વિહાર જનિત વાયરાની લહેરીઓથી સવાસો (૧૨૫) યોજનમાં પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો જોત જોતામાં અદૃશ્ય થઇ જાય છે. ૪

રાજાએ દૂર કરી દીધેલી અનીતિની જેમ ભૂમિ ઉપર ઉંદર, તીડ અને સુડા એ ત્રણે ધાન્યને નુકશાન કરનારા ઉપદ્રવો જ્યાં આપ વિચરો છો, ત્યાં તત્કાળ દૂર થઇ જાય છે. ૫

આપની કૃપા રૂપી પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિથીજ હોય, તેમ જ્યાં આપ ચરણ ધરો છો ત્યાં ભૂ, ક્ષેત્ર અને નગરાદિકથી ઉત્પન્ન થયેલો વિરોધરૂપી અગ્નિ તમામ શમી જાય છે. ૬

ઉપદ્રવોનો ઉચ્છેદ કરવા ઢોલ વગાડવા જેવો આપનો પ્રભાવ (પ્રતાપ) ભૂમિ ઉપર પ્રસરને સને દુષ્ટ વ્યન્તર શાકિની પ્રમુખથી ઉત્પન્ન થતા મારી (પ્લેગ) વિગેરે જગતના કાળ જેવા રોગ ઉપદ્રવ પેદા થતાજ નથી. ૭

એવા વિશ્વોપકારી આપ લોકોના મનવંછિત દાયક વિદ્યમાન સને અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ લોકોને સંતાપકારી થતી નથી. ૮

સ્વચક્ર અને પરચક્ર (સ્વરાજ્ય અને પરરાજ્ય) થી થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો સિંહનાદથી જેમ હાથીઓ નાશી જાય છે, તેમ આપના પ્રભાવથી તત્કાળ નષ્ટ થઈ જાય છે. ૯

સર્વ અદ્દભૂત પ્રભાવશાળી આપ જંગમ કલ્પવૃક્ષ પૃથ્વિ ઉપર વિચરતે સતે દુષ્કાળ દૂર થઈ જાય છે. ૧૦

સૂર્યથી પણ અધિક પ્રભાવાળું ભામંડળ પ્રભુનો દેદાર જોવામાં કોઇને અડચણ (આડ) આવે નહિં, એટલાજ માટે દેવોએ તે આપના મસ્તકની પાછળ સ્થાપેલું છે. ૧૧

હે ભગવાન્! ઘાતી કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો યોગ ઠકુરાઈનો લોક પ્રસિદ્ધ મહિમા કોણ સચેતન પ્રાણીને આશ્ચર્ય પમાડતો નથી? અપિતુ સર્વ સચેતન પ્રાણી વર્ગને આશ્ચર્ય જનક થાય છેજ. ૧૨

અનન્તકાળથી ઉપાર્જન કરેલ, અન્ત વગરનું કર્મવન આપ શિવાય બીજો કોણ સર્વ પ્રકારે મૂળથી ઉચ્છેદી શકે? ૧૩

હે પ્રભુ ચારિત્રરૂપ ઉપાયમાં પુનઃ પુનઃ અભ્યા-

સથી આપ એટલા બધા પ્રવૃત્ત થયેલા છો કે પરમ પદની શ્રેષ્ટ સંપદા રૂપ તીર્થંકર પદવીને નહિ ઇચ્છતા છતાં પણ આપને પ્રાપ્ત થઇ છે. ૧૪

મૈત્રી ભાવનાના પવિત્ર સ્થાનરૂપ, પુષ્ટ પ્રમોદ ભાવનાથી ભરપૂર તેમજ કરૂણા અને માધ્યસ્થ્ય (ભાવના) યોગે પુજ્ય એવા યોગ સ્વરૂપી આપને અ મારો નમસ્કાર હોજો. ઇતિ ત્રીજો પ્રકાશ ॥ ૧૫ ॥

દેવકૃત અતિશય પ્રગટનરૂપ ચોથો પ્રકાશ.

મિથ્યા દૃષ્ટિને પ્રલયકાળના સૂર્યની જેમ સંતાપકારી અને સમ્યગ્દૃષ્ટિને અમૃતના અંજનની જેમ શાન્તિકારી એવું તીર્થંકર લક્ષ્મીના તીલક જેવું ધર્મચક્ર આપની આગળ દીપી રહ્યું છે. ૧

જગતમાં આ વીતરાગજ એક સ્વામી છે, એમ જણાવવા માટે ઇંદ્રે ઊંચા ઇંદ્રધ્વજ ના મિષથી પોતાની તર્જની અંગુલી ઊંચી કરી છે, એમ જણાય છે.૨

જ્યાં આપના ચરણ પડે છે, ત્યાં દેવ અને દાનવો નવાં સુવર્ણ કમળના છળથી કમળમાં સ્થિતિ કરનારી લક્ષ્મીને વિસ્તારે છે. ૩

દાન, શીલ, તપ અને ભાવના રૂપ ચાર પ્રકારના ધર્મને એકી સાથે વર્ણવવાને આપ ચતુર્મુખ થયા-છો એમ હું માનું છું. ૪

રાગ, દ્વેષ અને મોહ રૂપ મન વચન અને કાયા સંબંધી ત્રણ દોષથી ત્રિભુવનને બચાવવાને આપ પ્ર-વૃત્ત થયે સતે ત્રણ પ્રકારના (વૈમાનિક, જ્યોતિષ્ક અને ભુવનપતિ) દેવોએ રત્ન, સુવર્ણ અને રૂપ્યમય ત્રણ ગઢની રચના કીધી છે. ૫

પૃથ્વી ઉપર આપ વિચરતે સતે કાંટા પણ ઊંધા પડી જાય છે. સૂર્ય ઉદય પામ્યે સતે ઘૂવડ અથવા અંધકારના સમૂહ ટકી શકે ખરા ? ૬

કેશ, રોમ, નખ અને દાઢી મૂછ દીક્ષા ગ્રહણ અવસરે જેવાં સમારેલાં હોય તેવાંજ રહે, જરી વધે નહિં, એવો આ બાહ્ય (પ્રગટ દેખાતો યોગ મહિમા પણ અન્ય હરિહરાદિક દેવોએ પ્રાપ્ત કર્યો નથી. ત્યારે અંતરંગ (સર્વાભિમુખ્યતાદિ) યોગની વાત તો દૂરજ રહી. ૭

હે વીતરાગ બોધ, નૈયાયિકાદિક તર્કવાદીઓ-ની પેરે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ પાંચે

ઇંદ્રિયોના વિષયો આપની આગળ અનુકુળતાને ભજે છે,-પ્રતિકુળપણે વર્તતા નથી. ૮

અનાદિકાળથી આપના વિરોધી કામદેવને સહાયક થયાના ભયથીજ હોય તેમ સમકાળે સઘળી ઋતુઓ આવી આપના ચરણકમળને સેવે છે. ૯

જે ભૂમિને આપના ચરણ સ્પર્શ થવાનો છે, તે ભૂમિને દેવતાઓ સુગન્ધિ જળની વૃષ્ટિવડે અને દિવ્ય પંચવર્ણવાળાં પુષ્પના પુંજવડે પૂજે છે. ૧૦

હે ત્રૈલોકય પુજ્ય ! (અજ્ઞાન) પંખીઓ પણ આપને પ્રદક્ષિણા દે છે, તો પછી આપના તરફ પ્રતિકુળ વર્તનારા માનવીઓની શીગતિ થશે ? ૧૧

સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યાદિકનું દુષ્ટપણું આપની પાસે ક્યાં રહે ? કેમકે એકેન્દ્રિય એવો પવન પણ પ્રતિકુળતાને તજી દે છે (તો બીજાનું વળી કહેવુંજ શું ?) મતલબ કે પવન પણ સુખાળવાજ વાય છે. ૧૨

આપના મહાત્મ્યથી ચમત્કાર પામેલા વૃક્ષો મસ્તકવડે આપને નમે છે. તેથી તેમનું મસ્તક કૃતાર્થ કૃત કૃત્ય છે, ત્યારે મિથ્યા દૃષ્ટિનું મસ્તક વ્યર્થ-નકામું છે. ૧૩

હે વીતરાગ ! જઘન્ય-થી એક ક્રોડ દેવ દાનવો આપની સેવામાં હાજર હોય છે. કેમકે મ્હોટા પુન્યે મળી શકે એવા પદાર્થમાં મૂર્ખ પણ આળસ ન કરે,
॥ ઇતિ ચોથો પ્રકાશ. ૧૪

શેષ પ્રાતિહાર્ય અતિશયવર્ણનરૂપ પાંચમો પ્રકાશ.

આ **અશોકવૃક્ષ** ભમરાના ઝાંકાર શબ્દથી ગાતો હોય ! અને હાલતાં પાંદડાં વડે જાણે નાચતો હોય તેમજ આપના ગુણ રાગથી જાણે રાતો થયો હોય, તેમ આપની કાયાના માનથી બારગણો ઊંચો સતો હર્ષ પામે છે. ૧

આપની દેશના-ભૂમિ મધ્યે દેવતાઓ એક યોજન સુધી, જેનાં ડીંટડાં નીચે રહેલાં છે, તેવાં **દિવ્યપુષ્પો** ઢીંચણ પ્રમાણ ઊંચા પાથરે છે. ૨

વૈરાગ્ય દીપક અતિ સરસ **માલવકૈશિકી** પ્રમુખ ગ્રામ રાગથી પવિત્ર વીણાદિકવડે દેવતાઓએ વિસ્તારેલો આપનો **દિવ્ય દેશનાધ્વની** હર્ષઘેલા થઇ રહેલા મૃગલાંઓએ પણ સાંભળ્યો છે ૩

ચંદ્રના કિરણ જેવા ઉજ્વલ **ચામરો** આપના

મુખ કમલની સેવા કરવા આવેલા જાણે હંસપક્ષી હોય તેવાં શોભી રહ્યાં છે. ૪

સિંહાસન ઉપર આરૂઢ થઇને જ્યારે આપ દેશના આપો છો ત્યારે જાણે સિંહને સેવવા માટેજ આવતાં હોય, તેમ મૃગલાંઓ સાંભળવા આવે છે. ૫

હે વીતરાગ ! જેમ ચંદ્ર પોતાની જ્યોત્સના (કાન્તિ) વડે ચકોરોને અતિ આનંદ ઉપજાવે છે, તેમ આપ **ભામંડળે** કરી ભવ્યજનોના નેત્રોને પરમ આનંદ પમાડો છો ૬

હે સર્વ જગતના નાયક ! આકાશમાં રહેલો **દુન્દુભિ** (ભેરી) આગળ પ્રતિધ્વનિ કરતો જગતમાં સમસ્ત દેવો મધ્યે આપનું સર્વોત્કૃષ્ટ ઐશ્વર્ય જણાવે છે. આપનું દેવાધિદેવપણું જાહેર કરે છે. ૭

આપના મસ્તકે ઉપરા ઉપર રહેલાં નિર્મળતાદિક ગુણથી સમ્યક્ત્વાદિક પવિત્ર ગુણના ક્રમ જેવાં ત્રણછત્રો ત્રણ ભુવનના પ્રભુત્વ સંબંધી પ્રકર્ષને જણાવે છે. ૮

હે નાથ ! ચમત્કાર ઉપજાવનારી આ આપની પ્રાતિહાર્ય લક્ષ્મીને દેખી, કોણ કોણ મિથ્યાદૃષ્ટિ જનો પણ આશ્ચર્ય નથી પામતા ? અપિતુ સર્વ કોઇ આશ્ચર્ય પામે છેજ. ૯

એ પ્રકારે સર્વ મળીને ૩૪ અતિશય કહ્યા, જો કે પ્રભુ તો અનંત અતિશય ધારી છે. તો પણ સ્થૂલ બુદ્ધિ માટે આ સંખ્યા કહેવી ઉપયોગી છે.
॥ ઇતિ પાંચમો પ્રકાશ ॥

પ્રતિપક્ષ નિરાસ નામા છઠો પ્રકાશ

હે પ્રભુ ! નેત્રને અમૃત-અંજન તુલ્ય અને લાવણ્ય વડે પવિત્ર કાયાવાળા આપને જોયે સતે આપમાં ઉદાસીન રહેવું તે પણ દુઃખદાયી થાય છે. તો પછી ઇર્ષા વડે આપમાં અસત્ય દૂષણ ઉચ્ચારવાનું તો કહેવુંજ શું ? તેમ કરનારની નરકાદિક નીચ ગતિજ સંભવે છે, તેથી આપ પ્રત્યે દ્વેષભાવ તો અત્યંત બુરો છે. ચિંતામણિ તુલ્ય આપની તો ઉપેક્ષા કરવી પણ અયુક્ત છે. ૧

નિષ્કારણ વિશ્વોપકારી આપને પણ શત્રુ છે, અને તે પણ ક્રોધાદિક કષાયથી વ્યાપ્ત છે. આવી વાર્તા પણ સાંભળીને વિવેકી જનો શું જીવન વહન કરે ! નજ કરે. કેમકે નહિં સાંભળવા યોગ્ય સાંભળવા કરતાં પ્રાણ ત્યાગ કરવો શ્રેયકારી છે. સૂક્ષ્મ બુદ્ધિથી

વિચાર કરનાર પંડિત જનોએ એવો નિર્ણય કરેલો છે કે જેના અંતરંગ શત્રુ સર્વથા ક્ષીણ થયેલા છે, તેવા આપ વીતરાગને કોઇ કયાંય કદાપિ શત્રુ હોયજ નહિં ? એજ વાતને પુનઃ દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. ૨

જો આપનો (વિપક્ષ) શત્રુ વર્ગ વિરક્ત-રાગ રહિત હોય તો તે નિશ્ચે શત્રુજ નથી, કેમકે વીત-રાગપણાવડે તો આપજ છો, અને જો તે રાગવાન હોય તો પણ વીતરાગપણાના અભાવવડે આપના-થી તે અત્યંત નિર્બળ હોવાથી પણ તે શત્રુ નથી. કારણકે સમાન શીલ અને પરાક્રમ વાળાનુંજ પ્રાયઃ-સપક્ષ વિપક્ષપણું કહેવું ઘટે છે. શું ખજવો કદાપિ સૂર્યનો શત્રુ હોઈ શકે ? ૩

હે પ્રભુ ! તે (લવસત્તમ અનુત્તરવાસી દેવો પણ આપના યોગ-માર્ગની સ્પૃહા રાખે છે, ત્યારે યોગ મુદ્રા (રજો હરણાદિક ધર્મ ઉપકરણ) રહિત એ-વા અન્ય સાંખ્યાદિકને તો તે યોગ માર્ગની કથાજ શી? યોગ ત્હેમનાથી દૂર છે. ૪

હે વીતરાગ ! યોગ ક્ષેમકારી આપને અમે નાથ સ્વીકારીએ છીએ. આપને સ્તવીએ છીએ. ને આપ-

ની સેવા-ઉપાસના કરીએ છીએ. કેમકે આપનાથી અન્ય કોઇ ત્રાતા (રક્ષક) નથી. આપની સ્તવના ઉપરાંત બીજું શું બોલીએ ? અને આપની સેવા-ઉપાસના ઉપરાંત બીજું શું કરીયે ? કારણકે વાણી અને જન્મ પામ્યાનું એજ ઉત્તમ ફળ છે. ૫

પોતે હિંસાદિક મલિન આચારવાળા હોઇ, બીજા ભોળા જનોને ઠગવામાં ચતુર એવા અન્ય દેવ ગુરૂઓ બધી દુનીયાંને પણ છેતરે છે, તેથી અમે આપ વગર બીજા કોની પાસે જઇ પોકાર કરીયે ? ૬

હે પ્રભુ ! સદાય કર્મ મુકત (મનાતા છતાં) જગતની સૃષ્ટિ, જગતનું પાલન અને જગતનો ક્ષય કરવામાં ઉજમાળ એવા વાંજણીના પુત્ર જેવા કલ્પિત દેવોને કોણ સચેતન માન્ય કરે ? વિચાર શીલ આત્મા તો માન્ય નજ કરે. ૭

જઠરાગ્નિ અને કામાગ્નિથી પીડાયેલા (પરાભવ પામેલા) દેવો વડે પોતાને કૃતાર્થ માનનારા દ્વિજાદિકો આપની જેવા (સર્વોત્તમ વીતરાગ) દેવનો અપલાપ (નિષેધ) કરે છે. હા ! હા ! ઇતિ ખેદે આ તે કેવા આસ્તિક સમજવા. ૮

આકાશ પુષ્પ જેવું કંઇક મનમાં વિચારી, તેને સિદ્ધ કરવા એવુંજ કંઇ કલ્પિત પ્રમાણ બતાવી પરવાદીઓ થેહેશુરા (ચરશુરા) છતાં સ્વગેહે [સ્વદર્શનમાં,] ભારે મદથી ક્યાંય મહાતા–સમાતા નથી. ૯

હે પ્રભુ ! કામરાગ અને સ્નેહરાગ એ બને તો સુખે (અલ્પ શ્રમથી) નિવારી શકાય છે ? પરંતુ દૃષ્ટિ રાગ–આ મ્હારૂંજ ખરૂં એવી ખોટી માન્યતા મહા પાપી છે કારણકે ત્હેને સત્પુરૂષો પણ દુઃખે તજી શકે છે ? [એવો દૃષ્ટિરાગ કેમે છૂટી શકતો નથી] ! ! ૧૦

હે પ્રભુ ! આપનું વદન કમળ પ્રસન્ન છે, આપનાં ચક્ષુ રાગદ્વેષાદિ વિકાર રહિત [મધ્યસ્થ] છે, અને આપનું વચન સત્ય–હિતકારી હોવાથી લોકપ્રિય છે. આવી રીતે પ્રેમ–પ્રીતિ કરવા યોગ્ય આપના વિષે પણ મુઢજનો અત્યંત અનાદર જણાવે છે. (તે ખેદની વાત છે.) ૧૧

હે જિનેંદ્ર ! કદાચ વાયુ સ્થિર થઇ જાય ? પર્વત ગળી જાય ? અને જળ અગ્નિ રૂપ થઇ જાય ? તો પણ રાગાદિક મહાવિકારોથી વ્યાપ્ત હોય તે કદાપિ આપ્ત [સમ્યક્તત્ત્વજ્ઞ] થવા યોગ્ય નથી. મતલબકે

આપ શિવાય અન્ય દેવોમાં વીતરાગપણાના અભાવ-
થી ખરૂં દેવપણું નથી. ૧૨ ॥ ઇતિ છઠ્ઠો પ્રકાશ ॥

જગત કર્તૃ નિરાસનામા સાતમો પ્રકાશ.

પાપ-પુણ્ય વગર શરીર [ધારવાનું] ન હોય. શરીર વગર મુખ-વાચા ન હોય અને મુખ વગર વાણીનો વ્યાપાર (વક્તાપણું) ન હોય. તો પછી (તે વિના) અન્ય દેવો ઉપદેશદાતા શી રીતે ઠરે? ૧

જેને દેહ નથી એવા દેવને જગતની સૃષ્ટિ કરવા-ની પ્રવૃત્તિ પણ ઉચિત નથી. વળી કૃત કૃત્ય હોવાથી તેમ કરવાનું ત્હેમને કશું પ્રયોજન નથી. કેમકે શિવા-સ્તિકો કહે છે કે તેમના ભગવાન્ પારકી આજ્ઞાવડે પ્રવ-ર્તતા નથી. પણ સ્વઇચ્છાવડેજ પ્રવર્તે છે. ૨

જો ક્રીડા-કૌતકથી પ્રવર્તતા હોય તો બાળકની પેરે રાગવાન્ ઠરે છે. [જેમ બાળકો ધુળનાં ઘર બ-નાવી થોડીવાર રમ્મત કરી પોતેજ ત્હેને ભાંગી નાંખી જેવાં આવ્યાં તેવાંજ ચાલ્યાં જાય છે.] અને જો કૃપાથી સૃષ્ટિની પ્રવૃતિ કરતા હોય તો સહુને સુખીજ સર્જે. દુઃખી તો નજ સર્જે. પણ એમ તો દેખાતું નથી. ૩

ઇષ્ટવિયોગાદિક દુઃખ અને દારિદ્રતા તથા શ્વાન ચાંડાલ અને નરકાદિક દુર્યોનિ તેમજ જન્મજરાદિક ક્લેશથી પીડિત એવાં પ્રાણીઓને સર્જતાં તે કૃપાળુની કૃપા ક્યાં જતી રહી? ૪

જો પ્રાણીઓના કર્માનુસારે તે સુખ દુઃખ આપે છે. એમ માનો તો તે ઇશ્વર આપણી પેરે સ્વતંત્ર ઠરશે નહિં. જો કર્મ જનિતજ બધી વિચિત્રતા બનતી માનો તો પછી નપુંસક જેવા આ (કલ્પિત) ઇશ્વરનું પ્રયોજનજ શું? કંઇજ નહિં. ૫.

વળી ઇશ્વરની જગત સૃષ્ટિ સંબંધી સ્વેચ્છા વૃત્તિ બાબત કોઇએ કશો તર્ક નજ કરવો. એમ કહેતા હોતો પછી પરીક્ષકોને પરીક્ષા નહિં કરવા દેવા જેવું આ તમારૂં વચન અનિષ્ટ ઠરશે. ૬

સર્વ પદાર્થ વિષયક જ્ઞાતાપણું [જાણપણું] એજ જો જગત્ કર્તાપણું માનતા હોતો તે વાત અમને પણ સંમત છે કેમકે અમારા જિનશાસનમાં દેહધારી સત્તા, [ઘાતી] કર્મ રહિત સર્વજ્ઞો, સમસ્ત પદાર્થોને સંપૂર્ણ રીતે જાણતા સતા, [કેટલોક કાળ] જગતમાં જયવંત વર્તે છે. ૭

હે નાથ ! પૂર્વોક્ત પ્રકારે યુક્તિ રહિત જગત્ સૃષ્ટિવાદ સંબંધી કદાગ્રહ તજીને જેમના ઉપર આપ પ્રસન્ન છો, તે પુરૂષો આપના શાસનમાંજ આનંદ પામે છે. ॥ ૮ ॥ ઇતિ સાતમો પ્રકાશ ॥

એકાન્ત પક્ષ નિરાસનામા આઠમો પ્રકાશ.

હે વીતરાગ ! આપે કેવળજ્ઞાનવડે વસ્તુ તત્ત્વ નિત્યાનિત્ય રૂપ સ્યાદ્વાદમય દેખ્યું તેવુંજ નિરૂપણ કર્યું, પણ સાંખ્ય મતવાળા એકાન્ત નિત્યપણું અને બૌદ્ધમતવાળા એકાન્ત અનિત્યપણું માને છે. તેમાં વિરોધ આવે છે–વસ્તુને એકાન્ત નિત્ય તેમજ એકાન્ત અનિત્ય માનતા **કૃતનાશ** અને **અકૃત આગમ** નામના બે દોષ લાગે છે. ૧

વિવેચન–ઘડાને જો સર્વદા નિત્ય ન સિદ્ધ માનીએ તો કુંભાર ઘડો બનાવવા જે જે પરિશ્રમ ઉઠાવે છે, તે નિરર્થક થવાથી **કૃતનાશ** દોષ આવે છે અને ઘટાકાર નિત્ય છે એમ માનવાથી માટીના પિંડમાં પૂર્વે નહિં દેખેલો જે ઘટાકાર વગર કરેલોજ આવ્યો તેથી **અકૃતાગમ** નામનો દોષ પ્રાપ્ત થાય છે. તેવીજ રીતે અનિત્ય પક્ષમાં વર્તમાન જે જીવ કરણી કરે છે

તે બીજી ક્ષણમાં નષ્ટ થઇ જવાથી **કૃતનાશ,** તેમ છતાં સુખ દુઃખાદિક સાક્ષાત્ ભોગવતા જણાય છે તે **અકૃતાગમ** નામના દોષની પ્રાપ્તિ સમજવી.

હે પ્રભુ ! આત્માને એકાન્ત નિત્ય તેમજ એકાન્ત અનિત્ય માનતાં સુખ દુઃખનો ભોગ આત્મામાં ઘટી શકતો નથી. ૨

વિવેચન–નિત્ય આત્માનો સ્વભાવ એક સરખો હોવાથી જો તે સુખનો ભોગ કરવા ઇચ્છે તો તે સદા સુખજ ભોગવે. દુઃખ નજ ભોગવે, તેમજ દુઃખ આશ્રી પણ સમજવું. જો સ્વભાવ ભેદ થાય તો નિત્યતા જળવાય નહિં. એકાન્ત અનિત્ય પક્ષમાં પણ ઉત્પત્તિ અનંતર ક્ષણ માત્રમાં વિનષ્ટ થઈ જવાથી સુખ દુઃખનો ભોગ સંભવતો નથી. કેમકે તે પ્રત્યેક સુખ દુઃખનો અનુભવતો બહુ ક્ષણોએ થવા યોગ્ય છે.

નિત્ય એકાન્ત દર્શનમાં તેમજ અનિત્ય એકાન્ત દર્શનમાં પુણ્ય પાપ તથા બન્ધ મોક્ષ પણ ઘટી શકતા નથી. ૩

વિવેચન–નિત્ય પક્ષમાં ઉપર જણાવ્યા મુજબ આત્મા જો પુણ્યમાં પ્રવૃત્ત થાય તો પુણ્યજ અને

પાપમાં પ્રવૃત્ત થાય તો પાપજ કર્યા કરે, તેમજ બન્ધ અને મોક્ષ આશ્રી પણ સમજવું. અનિત્ય પક્ષમાં પણ તે ઘટે નહિં. કેમકે ક્રમે કરી તેનો સ્વીકાર કરતાં ચાર ક્ષણ સ્થાઇપણું થાય. અને એક સાથેજ સ્વીકાર કરતાં છાયા, આતપ અને જળ, અગ્નિની પેરે પરસ્પર વિરૂદ્ધ તેમનું એકત્ર આત્મામાં અવસ્થાન શી રીતે થાય?

વળી જીવાજીવાદિક પદાર્થોની નિત્યાનિત્યતા વગર અર્થ ક્રિયાજ ન થાય તેજ વાત કહે છે. હે પ્રભુ! એકાન્ત નિત્ય વસ્તુને તેમજ એકાન્ત અનિત્ય વસ્તુને ક્રમાક્રમવડે અર્થ ક્રિયા ઘટતીજ નથી. ૪

વિવેચન-જો ઘડાને નિત્યજ માનો તો તે ખાલી થવા રૂપ અને જળ ભરાવા રૂપ વિચિત્ર અવસ્થા ધારશે નહિં. તેમજ જો ત્હેને અનિત્યજ માનો તો બહુ ક્ષણો વડે બની શકે તેવી જળવહનાદિક ક્રિયા ત્હેનામાં ઘટી શકશે નહિ? અને અર્થ ક્રિયાના અભાવે વસ્તુનું વસ્તુપણુંજ નષ્ટ થાય.

પરંતુ હે પ્રભુ! જેમ આપે કહેલ છે તેમ વસ્તુને કથંચિત્ નિત્યાનિત્ય માનવામાં આવે તો પછી

પૂર્વોક્ત કોઇપણ વિરોધાદિક દોષ સંભવે નહિં. તેજ વાત દૃષ્ટાંતવડે શાસ્ત્રકાર સિદ્ધ કરી બતાવે છે. ૫

એકલો ગોળ કફકારી છે અને એકલી સુંઠ પિત્તકારી છે પરંતુ તે બંને ગોળ અને સુંઠનું સાથે મીલન કરેલા ભેષજમાં પિતાદિ દોષ થતો નથી. પણ ઉલટો પુષ્ટિ પ્રમુખ ગુણ તેથી થાય છે ૬

એકજ વસ્તુમાં નિત્યાનિત્ય લક્ષણ અયુક્ત નથી, કેમકે કોઇ પણ સત્ (વિદ્યમાન) પ્રમાણથી તેમાં વિરોધ સિદ્ધ થતો નથી વળી (પ્રત્યક્ષ પ્રમાણથી) મેચક (મિશ્ર વર્ણવાળી) વસ્તુઓમાં વિરૂદ્ધ વર્ણનો યોગ પ્રગટ જોઇ શકાય છે (મોરનાં પીંછાં પ્રમુખમાં તે પ્રગટ દેખાય છે.) ૭

ઘટ પટાદિકના જૂદા જૂદા આકારથી મિશ્ર એવા વિજ્ઞાનનું એકજ સ્વરૂપ ઇચ્છતો પ્રાજ્ઞ બૌધ સ્યાદ્વાદને ઉત્થાપી શકે નહિં. સ્યાદ્વાદને માનતો સતો આપને નહિં સેવવાથી તેને પ્રાજ્ઞ (પ્ર + અજ્ઞ) બહુ મૂર્ખ પણ કહ્યો. ૮

અનેક આકારમય એક ચિત્રરૂપને પ્રમાણ સિદ્ધ પ્રરૂપતો નૈયાયિક વૈશેષિક પણ અનેકાન્તને ઉત્થાપી શકે નહિં. ૯

સત્વ રજો અને તમો પ્રમુખ વિરૂદ્ધ ગુણોવડે મિશ્ર એવી પ્રકૃતિને ઇચ્છતો વિદ્વદ્વર્ય સાંખ્ય પણ સ્યાદ્વાદને ઉત્થાપી શકે નહિં. ૧૦

હે વીતરાગ ! પરલોક, જીવ અને મોક્ષના સંબંધમાં જેની મતિ મુંઝાએલી છે તે ચાર્વાકની વિમતિ કે સંમતિની અમે જરૂરજ જોતા નથી. કેમકે આબાળ ગોપાળ પ્રસિદ્ધ એવા જીવાદિક પદાર્થને પણ તે જાણતા માનતા નથી તેથી તે વિચાર બાહ્ય છે. એવી રીતે પ્રતિપક્ષનો પ્રતિક્ષેપ (નિરાસ) કરી છેવટ કહે છે.૧૧

હે પ્રભુ ! તે કારણથી તત્વજ્ઞાની પુરૂષોએ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત વસ્તુતત્વ જે આપે પ્રથમ થીજ ઉપદિશ્યું છે તેને જ ગોરસાદિકની પેરે સ્વીકાર્યું છે. જેમ ગોરસ દૂધપણે વિનાશ પામી દહીંપણે ઉત્પન્ન થઇ ગોરસપણે કાયમ રહે છે તેમ દરેક વસ્તુ ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય યુક્તજ હોઇ શકે છે. ૧૨

નવમો પ્રકાશ.

(કાલ સોષ્ઠવજ્ઞાપનપૂર્વક એકાગ્રતા સૂચક)

હે વીતરાગ ! જ્યાં થોડાજ વખતના અભ્યાસવડે

આપના ભક્તજનો ફળ મેળવે છે તે એક કલિકાલજ (સારો) છે. અન્ય કૃત યુગાદિકથી સર્યું. ૧

સુષમાં કાળથી દુષમા (કલિ) કાળમાં આપની કૃપા (અધિક) ફલદાયી સમજાય છે. કેમકે મેરૂ પર્વત કરતાં મરૂ ભૂમિ (મારવાડ) માં કલ્પવૃક્ષની સ્થિતિ અધિક રૂડી (પ્રશંસા પાત્ર) છે. ૨

હે પ્રભુ! જો પરમ શ્રદ્ધાવાન્ શ્રોતા અને પુષ્ટ બુદ્ધિવાન્ (આપના આગમ-રહસ્યનો જાણ) વક્તાનો જોગ મળે તો કલિકાળમાં પણ આપના શાસનનું સામ્રાજ્ય સર્વત્ર પસરી રહે છે. કુમારપાળ જેવો પરમ શ્રદ્ધાવાન શ્રોતા અને હેમચંદ્રસૂરિ જેવા વ-ક્તાનો યોગ થતાં આ કલિકાલમાં પણ શાસનની શોભા સર્વોત્કૃષ્ટ થયેલી હોવાથી શાસ્ત્રકારનું આ વચન અનુભવ સિદ્ધ જાણવું. ૩

હે નાથ! કૃત યુગાદિકમાં પણ દુર્જન લોકો ઉદ્ધત હોય છે તો પછી વિષમ એવા કલિકાલ ઉપર શા માટે કોપ કરિયે? ૪

કલ્યાણ પ્રાપ્તિ (સુવર્ણ-સિદ્ધિ) કરવા માટે કલિ-કાળ રૂપી કષોટીજ શ્રેયકારી છે. કેમકે અગ્નિ વગર અગરનો ગંધ-મહિમા વધતો નથી. ૫.

હે પ્રભુ ! રાત્રીમાં દીપક, સમુદ્રમાં દ્વીપ, મરૂ દેશમાં વૃક્ષ, અને શીત કાળમાં અગ્નિ સમાન દુર્લભ આ આપના ચરણ કમળના રજકણ અમને કલિકાળમાં પ્રાપ્ત થયેલ છે. ૬.

હે પ્રભુ ! આપના દર્શન (શાસન) રહિત કૃત યુગાદિકમાં હું ભવ અટવી મધ્યે ભટક્યો છું તેથી જેમાં આપનું દર્શન પ્રાપ્ત થયું એવા કલિકાળને અમારો નમસ્કાર હો ! ૭.

હે પ્રભુ ! જેમ વિષહારિ મણિથી વિષયુક્ત ફણીધર શોભે છે તેમ (સંપૂર્ણ) દોષરહિત એવા આપથી બહુ દોષયુક્ત એવો કલિકાલ પણ શોભા પામે છે. ૮

દશમો પ્રકાશ.

હે ભગવાન્ ! મારા મનની પ્રસન્નતાથી આપ પ્રસન્ન થાઓ છો અને આપના અનુગ્રહથી મારા મનની પ્રસન્નતા થાય છે. આવી રીતે ઉત્પન્ન થયેલા અન્યોઅન્યાશ્રયને આપ ફેડી નાંખો, અને મારા ઉપર અનુગ્રહ કરો એટલે મારા મનની પ્રસન્નતાની દરકાર

કર્યા વગર પહેલાંજ આપ કૃપા કરો, જેથી મારા મનની પ્રસન્નતા અવશ્ય થશે. ૧

હે સ્વામિન્ ! આપની શરીર શોભા જેવી છે તેવી બરાબર જાણવા–જોવાને ઇન્દ્ર પણ સમર્થ નથી (તો બીજાનું કહેવું જ શું ?) વળી આપના ગુણો ગાવાને સહસ્ર જીભવાળો પણ સમર્થ નથી તો બીજાનું કહેવુંજ શું ! કેમકે આપના ગુણો નિરવધિ (અનંત) છે. ૨

હે નાથ ! આપ અનુત્તર વિમાન વાસી દેવોના પણ સંશય હરો છો. આ ઉપરાંત બીજો કોઇ પણ ગુણ પરમાર્થથી સ્તવવા યોગ્ય છે શું ? અપિતુ નથીજ. અસંખ્ય યોજન દૂર રહેનાર દેવોના પણ સંશય આપ અહીં રહ્યા છતાં સહજમાં દૂર કરી નાંખો છો એ અદ્ભૂત વાત છે. ૩

હે પ્રભુ ! અનંત આનંદ સુખમાં સંલીનતા અને સર્વ સંગ વિરતિ આ બંને વિરૂદ્ધ (દેખાતા) ગુણો સમકાળે આપનામાં રહેલા છે એ વાતને આપના લોકોત્તર ચરિત્રનો અજાણ હોય તે શી રીતે માની શકે ? ૪

હે નાથ ! આપનામાં પ્રગટ દેખાતી પણ અન્યત્ર નહિં દેખાતી એવી આ દુર્ઘટ વાત કેમ કરી ઘટે (બંધ બેસે ?)-સર્વ જીવ ઉપર રાગદ્વેષ રહિતપણાવડે મધ્યસ્થતા અને મોક્ષ માર્ગ બતાવવા વડે કરીને પરમ ઉપકારિતા (પરમ કૃપાળુતા) ૫

હે પ્રભુ ! આ વિરુદ્ધ દેખાતા બે ગુણ આપ શિવાય બીજા કોઇ હરિ હરાદિકમાં જણાતાં નથી. એક તો જે પરમ નિરીહતા (નિર્ગ્રંથતા) અને બીજું ભારે ધર્મચક્રવર્તીપણું. ૬

હે વીતરાગ ! જેમના પંચ કલ્યાણક દિવસે નિત્ય દુઃખી એવા નરકના જીવો પણ સુખ માત્ર ઉદ્યોત વડે અને દુઃખની ઉપશાન્તિ વડે હર્ષ-સુખ અનુભવે છે તેવા આપના પવિત્ર ચરિત્રો વર્ણવવાને બૃહસ્પતિ પ્રમુખ કોણ સમર્થ છે ? આપતુ કોઇ સમર્થ નથી. ૭

હે વીતરાગ ! આપની સમતા આશ્ચર્યકારી છે, આપનું રૂપ અદ્ભુત છે, અને સર્વ જીવ ઉપર આપની કૃપા અદ્ભુત છે. એવી રીતે સર્વ અદ્ભુત (આશ્ચર્ય) ના પરમ નિધાન એવા આપ પરમાત્મા પ્રત્યે અમારો નમસ્કાર હો ! ૮

અગીયારમો વિરોધાભાસ પરિહાર નામા પ્રકાશ.

પરીષહની સેનાનો પરાભવ કરતા અને ઉપસર્ગોને દૂર ટાળતા હે પ્રભુ! આપે શમઅમૃતને પ્રાપ્ત કર્યું છે. મ્હોટાની એવી કોઈ અદ્ભૂત ચતુરાઈ છે. ૧

હે વીતરાગ! રાગ રહિત સતા આપે મુક્તિ-સ્ત્રીનો ભોગ કરેલો છે, અને દ્વેષ રહિત સતા આપે અંતરંગ શત્રુઓનો ક્ષય કરેલો છે, અહો! મહાપુરૂષોનો મહિમા કોઇક અપૂર્વ, અને જેવા તેવાથી પ્રાપ્ત ન થાય તેવો દુર્લભ છે. ૨

સર્વથા પર પરાભવની ઇચ્છા રહિત અને પાપથી બ્હીતા એવા આપે ત્રણે જગત જીતી લીધાં. મ્હોટા પુરૂષોની એવી અપૂર્વ ચાતુરી છે. ૩

હે પ્રભુ! આપે કોઇને કંઇ પણ દીધું નથી તેમજ કોઇ પાસેથી કંઇ પણ લીધુ નથી તોપણ આપને પ્રભુત્વ પ્રાપ્ત થયેલું છે. એવી પંડિત પુરૂષોની અપૂર્વ કળા છે. ૪

સ્વદેહના પણ દાનવડે બુદ્ધાદિકે જે સુકૃત ઉપાર્જન ન કર્યું તે ઉપકારિત્વ લક્ષણ સુકૃત મધ્યસ્થ

સત્તા આપના પાદપીઠે આવી પડયું. (આપને તે સહેજે સંપ્રાપ્ત થયું.) ૫.

રાગાદિક શત્રુઓ ઉપર નિર્દય (કઠોર) અને સર્વ જીવ ઉપર કૃપાલુ એવા આપે ભીમ–કાન્ત [પ્રતાપ શમાદિક] ગુણો વડે ધર્મચક્રવર્તીપણાનું ભારે સામ્રાજ્ય સ્વાધીન કરી લીધું. ૬

અન્ય લૌકિક દેવોમાં સર્વ રીતે સર્વ દોષો છે ત્યારે આપનામાં સર્વ રીતે સર્વ ગુણો છે આ આપની સ્તુતિ જો અસત્ય હોય તો સભ્યજનો પ્રમાણ બતાવો ! અને સત્ય હોય તો તેનો સ્વીકાર સભ્યજનો કરો !

અહો ઇતિ આશ્ચર્યે ! હે વીતરાગ ! સ્તવના કરતા એવા મ્હને મ્હોટાથી મ્હોટા અને ઇંદ્રાદિકને પણ પૂજ્ય એવા આપ શ્રી સ્તુતિ વિષયમાં આવ્યા છો. ૮ ઇતિ અગીયારમો પ્રકાશ

બારમો પ્રકાશ.

હે પ્રભુ ! પૂર્વ ભવમાં સ્પષ્ટ પુનઃ પુનઃ અભ્યાસથી આપે વૈરાગ્યને એવી રીતે પ્રાપ્ત કરેલ છે કે આ તીર્થંકરના ભવમાં તે વૈરાગ્ય જન્મ પર્યંત સહજ ભાવને પ્રાપ્ત થયેલ છે. ૧.

હે નાથ ! સમ્યગ્ રત્નત્રયીના આરાધનમાં કુશળ એવા આપને સુખ હેતુમાં જેવો નિર્મળ વૈરાગ્ય વર્તે છે તેવો ઇષ્ટ વિયોગાદિ દુઃખ હેતુઓમાં સંભવતો નથી આશય એવો છે કે દુઃખ હેતુથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય રોગીષ્ઠ માણસને ઉપજતા વૈરાગ્ય જેવો ક્ષણિક-પતંગીયો હોય છે અને સુખ હેતુઓનું એકાન્ત અનિત્યપણુ સમજાયાથી જાગેલો વૈરાગ્ય કાયમ ટકી રહે એવો હોવાથી તે મોક્ષ પર્યંત સુખદાયી નીવડે છે. ૨.

વિવેકરૂપી શરાણ ઉપર વૈરાગ્યરૂપી શસ્ત્રને સજી આપે એવું તીક્ષ્ણ-અણીદાર કર્યું છે કે તે મોક્ષ રૂપ મહાનંદમાં પણ સંપૂર્ણ સામર્થ્યવાળું બની રહ્યું છે, લગારે ઠીકું પડ્યું નથી. ૩

હે નાથ ! જ્યારે આપ ઇંદ્રાદિકની સાહેબી ભોગવો છો ત્યારે પણ ગમે ત્યાં આપને સમભાવરૂપ વૈરાગ્યજ વર્તે છે. આપ એમજ જાણો છો કે ઉદય આવેલું કર્મ ભોગવ્યા વગર છૂટકો નથીજ. એવી રીતે જ્ઞાનદૃષ્ટિથી સમભાવ વર્તતાં તે ભોગ નિર્જરારૂપે થાય છે. ૪.

જો કે આપ સદાય વિષય સુખથી વિરક્તજ છો તોપણ જ્યારે સંયમ ગ્રહો છો ત્યારે આપનો વૈરાગ્ય ઉગ્ર હોય છે. ભુક્તભોગી થયાથી હવે આ વિષય સુખથી સર્યું એવી શુદ્ધ ભાવનાથી વૈરાગ્ય સહેજે સતેજ થાય છે. ૫

સુખમાં, દુઃખમાં ભવમાં કે મોક્ષમાં જ્યારે આપ સમભાવ રાખો છો ત્યારે આપને વૈરાગ્યજ છે. આપ ક્યાં [ક્યા સ્થળે] વિરક્ત નથી ? અપિતુ આપ સર્વત્ર વૈરાગ્યવાન્ વર્તો છોજ. ૬

દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં જ્યારે અન્યદર્શની નિમગ્ન છે ત્યારે આપનામાં તો કેવળ જ્ઞાનગર્ભિત વૈરાગ્યજ એકતાને પામેલું છે. ૭

હે વીતરાગ ! સમભાવમાં વર્તતાં પણ સદાય સમસ્ત જગતનો ઉપકાર કરનાર અને તેનું પાલન કરનાર વૈરાગ્યમાં સાવધાન અને પરબ્રહ્મ સ્વરૂપ એવા આપને અમારો નમસ્કાર હો ! ૮

તેરમો પ્રકાશ. [હેતુ નિરાસ નામા.]

હે વીતરાગ! આપ મુક્તિપુરીમાં સિધાવ્યા છતાં પ્રાણીઓને વગર માગ્યા સહાયદાતા છો. સ્વાર્થ વગર હિતકારી છો. પ્રાર્થના કરાવ્યા વગર પરોપકાર કરનારા છો અને નિષ્કારણ બંધુ છો. (સગા સંબંધ વગર બાંધવ છો.) ૧

હે પ્રભુ! આપ મમત્વ વગર સ્નિગ્ધ મનવાળા છો. માર્જન વગર ઉજ્વળ વાણીવાળા છો. પ્રક્ષાલન કર્યા વગર નિર્મળ આચારવાળા છો તેથીજ શરણુ કરવા યોગ્ય એવા આપનું શરણુ હું સ્વીકારૂં છું. ૨

નિષ્કષાય વીરવૃત્તિવાળા મન અને ઇંદ્રિયોને દમનારા અને શાન્તવૃત્તિનું સેવન કરનારા આપે હે પ્રભુ! વાંકા કર્મ કંટકને ખૂબ કૂટી નાંખ્યા છે કર્મદળનું નિર્દલન કરી નાંખ્યું છે. ૩

રૂદ્ર નહિં એવા મહાદેવ, ગદા રહિત યા રોગ રહિત એવા વિષ્ણુ અને રજોગુણુ રહિત એવા બ્રહ્મા અથવા જ્ઞાનસ્વરૂપ એવા કોઇ અનિર્વાચ્ય પરમાત્માને અમારો નમસ્કાર હો! ૪

હે પ્રભુ! જળ સિંચ્યા વગર ફળથી લળી પડતા, અખંડપણાથી ગૌરવવાળા અને અચિન્તિત ફળને દેવાવાળા કલ્પવૃક્ષ સમાન આપથકી હું આલોક પરલોક સંબંધી ફળને પામું છું. ૫

નિર્મોહ છતાં સર્વજનોના સ્વામી, મમતા રહિત છતાં દયાળું, અને મધ્યસ્થ છતાં જગત પાલક (વિશ્વરક્ષક) એવા આપનો હું અનઘ-નિષ્કલંક કિંકર છું ૬

વગર ગોપવેલા (પ્રગટ) રત્ન નિધાન, કર્મરૂપી વાડ રહિત કલ્પવૃક્ષ અને અચિન્ત્ય ચિંતામણિ રત્ન એવા આપને મેં આ મારો આત્મા અર્પણ કર્યો છે. ૭

હે વીતરાગ! જ્ઞાનાદિકના ફળરૂપ સિદ્ધપણાનું જે યથાવસ્થિત સ્મરણ તેમાં હું ભીનો નથી, અને આપ તો સિદ્ધ થયાથી ફળ રૂપ દેહવાળાજ છો તેથી કર્તવ્ય કાર્યમાં વ્યામૂઢ એવા મારા ઉપર આપ કૃપા કરો, મારા ઉપર એવી કૃપા કરો કે હું પણ આપની પેરે સ્વ કર્તવ્ય પરાયણ રહી, કર્મ જાળને તોડી નાંખી, સિદ્ધ દશા પામું. ૮

યોગ શુદ્ધિ નામા ચૌદમો પ્રકાશ.

હે પ્રભુ! મન વચન અને કાયાના કષ્ટકારી-

(સાવદ્ય–પાપ) વ્યાપાર સર્વથા તજી આપે સ્વભાવેજ મનરૂપ શલ્યને નિરૂપયોગી જાણી દૂર કરી દીધું છે. ૧.

હે પ્રભુ ! આપે ઇંદ્રિયોને પરાણે નિયંત્રિત કરી નહિં તેમજ તેમને લોલુપતાથી પ્રવર્તાવી પણ નહિં. એવી રીતે સીધી બુદ્ધિથી આપે ઇંદ્રિયજય કર્યો છે, (ચરમ દેહી હોવાથી તદ્ભવે મુક્તિ ગામી એવા પ્રખર જ્ઞાની–વૈરાગી મહાત્મા માટે આવો પ્રકાર યુક્તજ છે. બાકી બીજાએ તો ઇંદ્રિયજય કરવા પોતાની સર્વ શક્તિ ફોરવવી જોઇએ). ૨.

યમ, નિયમાદિક યોગના આઠ અંગ પ્રપંચપ્રાય વિસ્તાર જેવાંજ જણાય છે જો એમ ન હોય તો આ બાલભાવથી જીવિત પર્યંત યોગ આપને સહજ ભાવે શી રીતે પ્રાપ્ત થયો ? આસનાદિક બાહ્ય વિસ્તાર વગર પરમજ્ઞાન વૈરાગ્યાદિક યોગ આપને સહજ સ્વભાવિકજ પ્રાપ્ત છે. ૩.

અનંતકાળના પરિચિત વિષયોમાં પણ આપને અનાસંગ (વૈરાગ્ય) છે અને જન્માવધિ અદૃષ્ટ–અપરિચિત એવા પણ યોગમાં એકતા છે. આ ઉપર

કહેલું આપનું ચરિત્ર અલૌકિક–જેવાતેવાને અપ્રાપ્યછે.૪

હે પ્રભુ! પોતાના અપકારી કમઠ, ગોશાલકાદિક ઉપર આપે જેવો અનુગ્રહ કર્યો છે તેવો અન્યતીર્થિકો પોતાના ઉપકારી સેવક ઉપર પણ કરતા નથી તેથી આપનું સર્વ ચરિત્ર અલૌકિક–અદ્દભૂત આશ્ચર્યકારીજ છે. ૫,

હે પ્રભુ? આપે ચંડકોશિકાદિકહિંસક પ્રાણીઓને પણ સદ્દગતિ પમાડવા વડે ઉદ્ધર્યા; અને સ્વઆશ્રિત સર્વાનુભુતિ તથા સુનક્ષત્ર પ્રમુખની રક્ષા નહિં કરતાં ઉપેક્ષા કરી. આવું આશ્ચર્યકારી આચરણ સ્વામી શા માટે કરે છે? એમ પૂછવાની પણ કોણ હામ ભીડે? કોઈ નહિ, ૬.

હે વિતરાગ? આપે ધ્યાન–સમાધિમાં આત્માને એવો તો સ્થિર કરેલો છે કે "હું સુખી છું કે દુઃખી છું." તેનું આપને ભાન નથી. ૭,

ધ્યાતા ધ્યેય અને ધ્યાન એ ત્રણે આપમાં એકતાને પામેલાં છે એવું આપનું યોગ મહાત્મ્ય બીજા (જેમનું હૃદય પરબ્રહ્મના સૂક્ષ્મ માર્ગમાં પ્રવેશેલું નથી તે) કેમ માને? એ તો જે જાણતા હોય તેજ જાણે. ૮.

પંદરમો પ્રકાશ.

હે નાથ ! જગજ્જયકારી આપના અન્ય ગુણો તો દૂર રહો ! કેવળ આપની ઉદાત્ત (અનભિભવનીય) અને શાન્ત મુદ્રાવડેજ ત્રણે જગત્ વશ થયેલ છે. ૧

હે વીતરાગ ! જે મુર્ખ જનોએ ઈંદ્રાદિકથી પણ મહાન્ એવા આપનો અનાદર કર્યો છે, તેમણે મોહવડે મેરૂને તૃણ તુલ્ય લેખ્યો છે અને સમુદ્રને ખાબોચીયા જેવો ગણ્યો છે. ૨.

જે મુર્ખજનોએ આપનું શાસન સ્વીકાર્યું નથી તે ભાગ્યહીન પ્રાણીઓના હાથમાંથી ચિંતામણિ રત્ન પડી ગયું છે અને પ્રાપ્ત થયેલું અમૃત પણ નિરર્થક થયું છે. ૩.

હે પ્રભુ ! નિષ્કારણ વિશ્વવત્સલ એવા આપના ઉપર પણ જે બળતા અગ્નિ જેવી ઈર્ષ્યાથી અરૂણ દૃષ્ટિ ધારે છે 'તેને અગ્નિ સાક્ષાત્ પ્રગટ થઇ ભસ્મ કરો' એમ બોલતાં પાપભીરૂ સ્તુતિકાર કહે છે કે એવું બોલવાથી પણ સર્યું. '**यतः—पापः पापेन पच्यते.**' ૪.

હે વીતરાગ ! જે અન્યદર્શનીઓ આપના શા-

સનને પોતાના દર્શનની બરોબર લેખે છે તેઓ હન્ત ઇતિ ખેદે અજ્ઞાન ઉપહત જનો અમૃતને વિષ તુલ્ય લેખવા જેવું કરે છે. ૫.

હે પ્રભુ ! જે મુઢ જનો આપની ઈર્ષ્યા કરે છે તે વાણી તથા કર્ણથી રહિત હો ! કેમકે પર નિંદાદિકમાં વાક્ કર્ણ રહિતપણું શ્રેયકારી છે. વાક્કર્ણ રહિતપણાથી પરનિંદાદિક કરી ન શકે અને તેથી તથાવિધ દુર્ગતિ ન પામે એ રહસ્યાર્થ છે. ૬.

હે નાથ ! જેમણે આપની આજ્ઞારૂપી અમૃત રસથી આત્માને સદાય સિંચિત કરેલ છે તે પુણ્યવંત જનને અમારો નમસ્કાર હો ! તેમને અમે આ બે હાથ જોડીયે છીએ અને તેમની અમે સેવા કરીએ છીએ, ૭.

હે પ્રભુ ! જે ભૂમિમાં આપના ચરણના નખ કિરણો ચિરકાળ ચૂડામણિની આચરણા કરે છે તે ભૂમિને અમારો નમસ્કાર હો ! એથી વધારે ભક્તિ વચનના અભાવથી શું કહિયે ? ૮.

હે નાથ ? આપના ગુણ સમુહની રમણીકતામાં હું વારંવાર લમ્પટ થયોછું તેથી મારો જન્મ સફળ છે તેમજ હું ધન્ય કૃત પુન્ય છું. ૯.

આત્મગર્હારૂપ સોલમો પ્રકાશ.

હે નાથ! એક તરફ આપના આગમ રૂપ અમૃત પાનથી ઉત્પન્ન થયેલી ઉપશમ રસની ઉર્મિઓ મને પરમાનંદ સંપદાને પમાડે છે. ૧.

ત્યારે બીજી તરફ અનાદિ ભવભ્રમણ વાસનાથી સંચિત થયેલ રાગ રૂપી વિષનો વેગ મને અત્યંત મુર્છિત-જ્ઞાન શૂન્ય કરી નાખે છે તેથી હતાશ એવો હું શું કરૂં? ૨.

હે વીતરાગ! રાગ રૂપ ભુજંગના વિષથી વ્યાપ્ત થયેલા મેં જે અસમંજસ કર્મ કર્યા છે તે હું આપની પાસે કહી પણ શકતો નથી એથી મારી છાની અકૃત્યતાને ધિક્કાર પડો! ૩.

હે પ્રભુ! કદાચિત્ સંસાર સુખાદિકમાં આશક્ત તો કદાચિત્ વિરક્ત; કદાચિત્ ક્રોધયુક્ત તો કદાચિત્ ઉપશમવાન્ એવા મને રાગ દ્વેષ અને મોહાદિકે કૌતકવડે મર્કટની પેરે નચાવ્યો છે. ૪.

હે નાથ! આપના ધર્મ માર્ગને પામ્યા છતાં મેં મન વચન અને કાયાના વ્યાપારથી કરેલા દુરાચારોવડે મસ્તક ઉપર અગ્નિ મુક્યો; એટલે મેં મન, વચન કા-

માના અસદુપયોગવડે દુર્ગતિનું દુઃખઉપાર્જન કર્યું. ૫.

હે નાથ ! ત્રૈલોક્યનું રક્ષણ કરવા સમર્થ એવા આપ ત્રાતા (રક્ષક) છતાંમોહાદિક ચોરો મારાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ અમુલ્ય ત્રણ રત્નો હરી જાય છે. તેથી હતાશ એવો હું હણાયો છું. ૬

હે વીતરાગ ! હું બહુ તીર્થ ભમ્યો, તેમાં મેં આપનેજ એક તારક જાણ્યા. તેથીજ હે નાથ ! હું આપના ચરણે વળગ્યો છું માટે મને તારો, પાર ઉતારો ? ૭.

હે પ્રભુ ! આપની કૃપાથીજ હું આટલી ભૂમિકા (યોગ્યતા) પામ્યો છું તો હવે આદાસિન્ય વડે મા-રી ઉપેક્ષા કરવી આપને યોગ્ય નથી, હે મહારાજ ! મારી સર્વથા ઉપેક્ષા નહિંજ કરશો એવી મારી પ્રા-ર્થના છે. ૮.

હે તાત ! આપજ એક ત્રાતા—સર્વ ઉપાય ચતુ-ર છો. વળી આપ શિવાય બીજો કોઇ કૃપાળુ નથી અને મારા જેવો કોઈ કૃપાપાત્ર નથી તેથી હવે આ-પને જે કરવું વ્યાજબી લાગે તે કરવાની આપ ઢીલ ન કરો ૯

શરણ પ્રતિપત્તિ રૂપ સતરમો પ્રકાશ.

હે પ્રભુ પોતાનાં કરેલાં પાપની ગર્હા (નિંદા) કરતો અને સુકૃતની અનુમોદના કરતો હું અન્ય શરણ રહિત આપના ચરણનું શરણ ગ્રહું છું, ૧

કૃત કારિત અને અનુમોદિત એવું મન વચન અને કાયાથી થયેલું મારૂં પાપ અપુનર્ભાવે (ફરી તેવી પાપ પ્રવૃત્તિ ન થાય તેવા લક્ષ સહિત) મિથ્યા થાઓ, હું અંતઃકરણથી, કરેલાં પાપની માફી માગું છું. ૨

હે પ્રભુ! આપના પવિત્ર માર્ગને અનુસારે રત્નત્રયીના આરાધન સંબંધી જે કંઇ સુકૃત કીધું તે બધું હું અનુમોદું છું. ૩

સર્વ અરિહંતાદિકના જે જે અર્હત્વાદિક ગુણ છે તે તે સર્વ ગુણ તે મહાનુભાવ સંબંધી હું અનુમોદું છું.૪

હે વીતરાગ! મેં આપનું, આપના ઉપદિષ્ટ અનુષ્ઠાનના ફળરૂપ સિદ્ધોનું, આપના શાસનના રસિક મુનીજનોનું અને આપના પ્રવચનનું હૃદય શુદ્ધિથી શરણ આદરેલું છે. ૫

સર્વ જીવોને હું ખમાવું છું અને તે સર્વ જીવો મારી ઉપર ક્ષમા કરો! આપનું અનન્ય શરણ ગ્રહણ

કરેલા મુજને તે સર્વ જીવો ઉપર (સદાયે) હિત બુદ્ધિ હો ! ૬.

હું એકલો છું, મારૂં કોઈ નથી અને હું કોઇનો નથી. હે પ્રભુ ! આપના ચરણ-શરણમાં રહેલા મુજને લગારે દીનતા નથી. ૭.

હે પ્રભુ ! આપના પસાયથી મુક્તિ રૂપી પરમ પદવી જ્યાં સુધી હું ન પામું, ત્યાંસુધી શરણાગત એવા મુજ પ્રત્યે આપ શરણાગત વત્સલતા તજશો નહિં-ઉપેક્ષા કરશો નહિં. ૮.

અઢારમો પ્રકાશ;

હે વીતરાગ ? એકાન્ત હિતૈષી એવા આપ સ્વામિને કેવળ કોમળ વચનથીજ વિનવાય એમ નહિં કિંતુ કંઇક કઠોર વચન પણ સ્વહૃદય શુદ્ધિને માટે કહી શકાય. ૧

હે વીતરાગ ! હંસ ગરૂડાદિક પક્ષી, અજ વૃષભાદિક પશુ અને મૃગેન્દ્રાદિક વાહનાદિક ઉપર આપે સ્વારી કરી નથી તેમજ નેત્ર, માત્ર અને મુખ સંબંધી વિ-

કારોથી આપની આકૃતિ બગડેલી નથી, એટલે આપ રાગાદિક વિકારરહિત અવિકૃત આકૃતિનેજ ધારો છો.૨

હે વીતરાગ? ત્રિશુલ, ધનુષ્ અને ચક્રાદિક શસ્ત્ર ધારી હસ્તપલ્લવવાળા આપ નથી. તેમજ કામિનીના કોમળ અંગને આલિંગન દેવામાં પણ આપ આશક્ત નથી. તથા પ્રકારના વિકારવર્જિત આપ નિર્વિકારી છો.૩

નિંદ્ય-લોક વિરૂદ્ધ આચરણથી આપે અન્ય-લૌકિક દેવોની જેમ મહાજનને ત્રાસ ઉપજાવ્યો નથી તેમજ પ્રકોપ તથા પ્રસાદાદિકવડે દેવ મનુષ્યને આપે વિડંબિત પણ કરેલ નથી. તેવા કાર્યથી આપ સદંતર દૂરજ છો. ૪

વળી જગતની સૃષ્ટિ પાલન અને સંહાર કરવામાં અન્ય દેવોની પેરે આપ પ્રવર્ત્યા નથી તેમજ નટ વિટ ઉચિત નૃત્ય, હાસ્ય અને ગીતાદિક વિલાસ વડે આપે આપની સ્થિતિ ઉતારી પાડી નથી, ૫

હે વીતરાગ! એવી રીતે આપ સર્વ લૌકિક દેવો કરતાં સર્વથા વિલક્ષણ છો. તો પછી પરીક્ષક લોકોએ દેવ તરીકે આપને કયા લક્ષણવડે ઓળખી હૃદયમાં સ્થાપવા? ૬.

પત્ર તૃણ કાષ્ટાદિક, ચાલતા જગપ્રવાહના માર્ગે સંચરે તે યુક્તિમત્ છે પરંતુ સામા પ્રવાહે સંચરતી વસ્તુ શી રીતે પ્રતીતિમાં આવે? કેમ લોકો કબૂલ કરે? કેમકે એવી રીને સામા પૂરે સંચરતી વસ્તુ ક્યાંય દેખવામાં આવી ન હોય, ૭

અથવા હે વીતરાગ! અલ્પમતિવાળા પરીક્ષકોના પરીક્ષણથી સર્યું. તેમજ હે જગત્ પ્રભુ આપની પ-રીક્ષા સંબંધી મારી પણ ધિટ્ટાઇ (આગ્રહબુદ્ધિ) થી સર્યું. ૮

હે પ્રભુ! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી વિ-લક્ષણ જે કાંઇ બુદ્ધિશાળી જનોના વિચારમાં આવે તેજ આપનું લક્ષણ છે. ૯

હે વીતરાગ! આ જગત્ ક્રોધ, લોભ ભ-યથી વ્યાપ્ત છે અને આપ એથી વિલક્ષણ હોવાથી અલ્પમતિવાળા પ્રાણીયોને પરોક્ષ છો. તેથી આપનું યથાર્થ સ્વરૂપ તેમની ગ્રાહ્યમાં આવી શકતું નથી. ૧૦

ઓગણીશમો પ્રકાશ.

હે પ્રભુ! આપના દીલમાં હું વસું! એ વાર્તા

પણ દુર્લભ છે. પરંતુ આપ મારા દીલમાં વસો ! આવી સ્થિરથાઓ ! એટલે બસ, મને બીજી કંઇ જરૂર નથી. ૧

હે વીતરાગ ! પરવંચન કરવામાં કુશળ એવા બીજા લૌકિક દેવો પોતાથી પ્રતિકૂળ વર્તનાર કેટલાકને કોપથી નિગ્રહ કરીને અને સ્વ અનુકુળ વર્તનાર કેટલાક ભકતજનોને વરદાનથી સંતોષી મુગ્ધજનોને ઠગે છે. એવા દ્વંદ્વમાં આપ કદાપિ પડતા નથી. ૨

રાગદ્વેષાદિકના અભાવવડે નહિં પ્રસન્ન થયેલા વીતરાગ થકી મોક્ષાદિક ફળ શી રીતે પમાય ? એ વચન અયુકત છે, કેમ કે વિશેષ ચૈતન્ય રહિતપણાથી અપ્રસન્ન છતાં ચિંતામણિ અને કામકુંભાદિક વિધિવત્ આરાધવાથી ફળીભૂત નથી થતા શું ? થાય છેજ. એ વીજ રીતે વીતરાગ પણ ફળીભૂત થાય છેજ, વીતરાગ તો અખંડ જ્ઞાનાદિક ચૈતન્યથી સંયુક્ત હોવાથી ચિંતામણિ પ્રમુખ કરતાં અત્યંત ફળદાયી થઇ શકે છે, તેમનામાં સ્થાપેલી શ્રદ્ધા અને ભકિતજ આપણને કલ્પવેલીની જેમ ફળ આપે છે. ૩

હે વીતરાગ ! આપની સેવા કરતાં આપની આ-

જ્ઞાનું પાલન પરમ કલ્યાણકારી છે. કારણ કે આપની આજ્ઞાજ આરાધી છતી મોક્ષફળ આપે છે અને વિરાધી છતી સંસાર ફળ આપે છે. ૪.

હે પ્રભુ ! હેય-ઉપાદેય વિષયક આપની **આજ્ઞા** સદાકાળ એવી છે કે કષાય, **વિષય, પ્રમાદાદિ આશ્રવ સર્વથા હેય-ત્યાગવા યોગ્ય છે અને સત્ય, શૌચ, ક્ષમા, માર્દવાદિક સંવર સર્વથા સેવવા યોગ્ય છે. ૫**

આશ્રવનું સેવન ભવભ્રમણ હેતુક થાય છે અને સંવરનું સેવન મોક્ષદાયક થાય છે, એ પ્રકારે સમસ્ત ઉપદેશનો સાર સંગ્રહ કરવા રૂપ આ 'આર્હતી મુષ્ટિ' યા 'મુષ્ટિજ્ઞાન' કહેવાય છે. બાકીનો બધો આનોજ વિસ્તાર જાણવો. ૬.

એવી રીતે ઉપર જણાવેલી આપની આજ્ઞાનું આરાધન કરવામાં તત્પર થયેલા અનંતા જીવો પૂર્વે નિર્વાણ પદને પામ્યા છે. વળી વર્તમાનકાળે મહા-વિદેહાદિક ક્ષેત્રમાં કઇક ઉત્તમ જીવો મોક્ષપદ પામે છે તેમજ ભવિષ્યકાળમાં પણ બીજા ઉત્તમ જીવો નિર્વાણ પદ પામશે. ૭

હે વીતરાગ ! પ્રસન્નતા કરવા માટે દીનતા તજીને એકલી આપની આજ્ઞા વડેજ જીવો કર્મ રૂપી પંજરમાંથી સર્વથા મુક્ત થાય છે (માટે ઉપર સંક્ષેપમાં કહેલી જિન આજ્ઞાનુંજ રહસ્ય સવિશેષ ગુરૂગમ્ય ધારી તેનુંજ આરાધન કરવા અહોનિશ લક્ષ રાખવું ઉપયુક્ત છે. જ્યારે ત્યારે પણ તેમ કરવા વડેજ કલ્યાણ છે.) ૮

વિશમો પ્રકાશ.

હે વીતરાગ ! આપના પાદપીઠે લુંઠતા મારા મસ્તક ઉપર પુણ્ય પરમાણુઓના કણીયા જેવી આપના ચરણની રજ ચિરકાળ (મારો મોક્ષ થાય ત્યાંસુધી) સ્થિર થાઓ ! ૧

હે પ્રભુ ! આપનું વદન જોવામાં આસક્ત થયેલાં મારાં બંને નેત્રો હર્ષાશ્રુનાં જળ કલ્લોલવડે પૂર્વે અજ્ઞાનપણે પરખી, કુદેવાદિકને નીરખવાથી લાગેલાં પાપરૂપ મળને ક્ષણ માત્રમાં ક્ષાલી નાંખો (દૂર કરી નાંખો.) ૨

હે પ્રભુ ! આપની પાસે (બાલકની પેરે) લુંઠન કરવા વડે, પૂર્વે નહિં સેવવા યોગ્ય કૃપણાદિકને જેણે પ્રણામ કર્યો છે એવા મારા અજ્ઞાન લલાટને તેનું પ્રાયશ્ચિત વળી જાય તેવી ચિન્હ પંકિત થાઓ ! ૩.

હે નાથ ! આપના દર્શન જન્ય પ્રમોદથી ખડા થઇ રહેલાં રોમાંચ કંટક અનંત ભવભ્રમણથી પુષ્ટ થઈ રહેલી મિથ્યાત્વ–વાસનાને ધસરડી કાઢો ! ૪

હે પ્રભુ ! આપના મુખ ચંદ્રની કાંતિની અમૃત જેવી જ્યોત્સ્નાનું પાન કર્યે સતે મારાં લોચન–કમળ નિશ્ચળતાને પામો ! (સઘળી ચપળતા તજી પરમ શાંતિનો અનુભવ કરો ! ૫.

હે જિનેશ્વર ! સદાય મારાં નેત્રો આપના મુખ દર્શન સંબધી સુખના લાલસી થાઓ ! મારા બંને હાથ આપની સેવામાં સાવધાન બનો ! અને મારા બંને કર્ણ આપના ગુણ શ્રવણ કરવામાં તત્પર થાઓ. ! ૬.

હે વીતરાગ ! સર્વત્ર સ્ખલના પામતી આ મારી વાણી જો આપના ગુણ ગાન પ્રત્યે સ્પૃહાવાળી થઇ છે તો તેનું કલ્યાણ થાઓ ! આપના સદ્ભૂત ગુણથી

પણ પરાઙ્મુખ એવી જીભનું પ્રયોજનજ શું છે ? કંઇજ નથી. ૭

હે પ્રભુ ! હું આપનો આધીન વર્તનારો પ્રેષ્ય છું, સમ્યક્ સ્વામી સેવામાં નિપુણ દાસ છું અને આજ્ઞા વચનને ઉઠાવવામાં ચતુર એવો આપનો સેવક (કિંકર) છું. તેથી 'આ મારો સેવક છે' એમ ઓમ્ એટલો શબ્દ જલ્પી આપ મને સેવક તરીકે સ્વીકારો. હે નાથ ! આથી વધારે શું યાચું ? આપના ' ઓમ ' એવા વચન ઉપરાંત બીજું કશું હું યાચતો નથી. ૮

શ્રી હેમચંદ્ર સૂરિએ પ્રતિપાદિત કરેલા આ વીતરાગ સ્તોત્રથી શ્રી કુમારપાલ ભૂપાલ અભીષ્ટ એવું (મોક્ષ)ફળ પામો ! ૯

"ઉક્ત સ્તોત્રાર્થનું યથાવિધ પઠન, પાઠન, શ્રવણ અને મનન કરનાર સજ્જન વર્ગનું ઉતરોત્તર કલ્યાણ થાઓ. ઇતિશમ્.

શ્રી મહાદેવ સ્તોત્ર ભાષાંતર લેખક શાન્ત મૂર્તિ શ્રી કર્પૂર વિજયજી મહારાજ.

જેનું દર્શન અત્યંત શાંતરસથી ભરેલું, સર્વ જીવોને અભય આપનારૂં મંગળકારી અને ઉત્તમ છે તેથીજ તે શિવ કહેવાય છે. ૧

સર્વ દેવથી મહાન્ હોવાથી તેમજ સર્વ સમૃદ્ધિથી અધિક હોવાથી જે મહેશ્વર કહેવાય છે એવા રાગદ્વેષથી સર્વથા રહિત જિનેશ્વરને હું વંદું છું. ૨

લોકાલોકને પ્રકાશ કરનારૂં મહાજ્ઞાન જેને પ્રગટ્યું છે તથા મહાદયા, મહાદમન અને મહાધ્યાન જેને હોય છે તે મહાદેવ કહેવાય છે. ૩

સ્વશરીરમાં રહેનારા વિષયકષાયાદિક મહાન્ તસ્કરો જે દેવે સર્વથા જીતી લીધા છે તે મહાદેવ કહેવાય છે. ૪

દુર્જય એવા રાગદ્વેષરૂપ મહા સુભટો જેણે સર્વથા જીતી લીધા છે તેનેજ હું મહાદેવ માનું છું, બાકીના તો ફક્ત નામધારી જ છે. ૫

શબ્દ માત્ર મહાદેવ લૌકિક મતમાં મનાયેલ છે અને જૈન શાસનમાં તો ગુણયુકત એવા શબ્દ અને અર્થથીજ મહાદેવને માનવામાં આવેલ છે. ૬

લૌકિક મતમાં શકિતમાત્ર (તિરોભૂત) વિજ્ઞાન લક્ષણુ મહાદેવ માનેલ છે અને જૈન શાસનમાં તો વ્યકત વિજ્ઞાન લક્ષણુ મહાદેવને માનવામાં આવે છે તેથી જેણે મોહજાળને છેદી નાંખી છે તેજ મહાદેવ કહેવાય છે. ૭

મહામદ વિવર્જિત, મહાલોભ વિમુકત, અને મહા ગુણુ યુકત એવા હે મહાદેવ, તમોને નમસ્કાર છે. ૮

મહારાગ, મહાદ્વેષ, અને મહામોહ તેમજ કષાય પણુ જેણે હણી નાંખેલ છે તેજ મહાદેવ કહેવાય છે. ૯

જેણે મહા કામનો નાશ કર્યો છે, મહાભય દૂર કર્યા છે, અને મહાવ્રતનો ઉપદેશ કર્યો છે તે મહાદેવ કહેવાય છે. ૧૦

મહા ક્રોધ, મહામાન, મહામાયા, મહામદ અને મહાલોભ જેણે હણી નાંખ્યા છે તે મહાદેવ કહેવાય છે. ૧૧

મહાનંદી, મહાદયાવંત, મહાજ્ઞાની, મહાતપસ્વી મહાયોગી અને મહામૌની એવા મહાદેવ હોય છે. ૧૨

મહાવીર્ય, મહાધૈર્ય, મહાશીલ, મહાગુણ, અને મહા કોમળ ક્ષમા જેમાં રહેલી છે તે મહાદેવ કહેવાય છે. ૧૩

લોકાલોક પ્રકાશક જ્ઞાન જેનાથી સ્વતઃ પ્રગટ થયું છે અને અનંત વીર્ય યુક્ત ચારિત્ર જેનામાં સાક્ષાત્ ઉદ્દ્ભવ્યું છે તેજ સ્વયંભૂ કહેવાય છે. ૧૪

એ હેતુથી સ્ત્રી શસ્ત્રાદિ રહિત કાયોત્સર્ગ મુદ્રા અને પર્યંકાસન મુદ્રાધારી એવા જિન ભગવાનજ શીવ તથા શંકર કહેવાય છે. ૧૫

તે સાકાર પણ છે અને નિરાકાર પણ છે, તેમજ મૂર્તામૂર્ત પણ છે. વળી પરમાત્મા, બાહ્યાત્મા તથા અંતરાત્મા રૂપે પણ કહી શકાય છે. ૧૬

પરમ દર્શન જ્ઞાન યોગવડે જે અક્ષય આત્મ સ્વભાવને પામ્યા છે તેમજ પરમ ક્ષમા અને દયા (યુકત) હોવાથી પરમાત્મા કહેવાય છે. ૧૭

સિદ્ધ અવિનાશી સુખ સંપ્રાપ્ત થયે છતે જે પરમાત્મા કહેવાય છે અને પ્રથમ કર્મવશાત્ સંસારમાં

પરિભ્રમણ કરતાં બાહ્યાત્મા કહેવાય છે, તેમજ વિવેક યુક્ત દેહ ધારી છતાં અંતરાત્મા કહેવાય છે; એવી રીતે શિવ ત્રણ પ્રકારે છે. ૧૮

દોષયુક્ત અવસ્થા સકલ અવસ્થા કહેવાય છે અને દોષ રહિત અવસ્થા નિષ્કલ કહેવાય છે, સર્વથા દેહ રહિત પરમપદપ્રાપ્તની એ દશા છે ૧૯

શુદ્ધ નયથી વિચારતાં કેવળ અખંડ અબાધિત એક મૂર્તિ છતાં પર્યાય નયની અપેક્ષાએ આત્માનાં જ્ઞાન ચારિત્ર અને દર્શન ગુણના યોગે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરરૂપ ત્રિમુર્તિ કહી શકાય છે (જૈન મતમાં ઉકતવાત ઘટી શકે છે લૌકિક મતમાં તો તેમાં પ્રગટ રીતે મોટો વિરોધ જોવામાં આવે છે તે આગળની વાત મધ્યસ્થતાથી વિચારી જોતાં બરાબર લક્ષમાં આવશે.) ૨૦

એક મુર્તિ, તેનાં બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર એવા ત્રણ ભાગ, એ પરસ્પર અત્યંત ભિન્ન એવા ત્રણની એક મૂર્તિ શી રીતે સંભવે ! ૨૧

વિષ્ણુ કાર્ય રૂપ છે; બ્રહ્મા ક્રિયારૂપ છે, અને મહેશ્વર કારણરૂપ છે, એવી રીતે કાર્ય કારણ સંપન્ન

એક મુર્તિ શી રીતે હોઇ શકે ! ઉક્ત વાતને વધારે સ્પષ્ટ કરીને સ્તોત્રકાર પોતેજ બતાવે છે] ૨૨

પ્રજાપતિનો પુત્ર બ્રહ્મા છે માતા પદ્માવતિ કહેલી છે અને અભિજિત્ નક્ષત્રમાં જન્મ થયેલો છે તો એક મૂર્તિ કેમ હોય ! ૨૩

વસુદેવનો પુત્ર વિષ્ણુ છે, માતા દેવકી છે, જન્મનું નક્ષત્ર રોહિણી છે; તો તેની એક મૂર્તિ કેમ હોય ! ૨૪

પેઢાલનો પુત્ર રુદ્ર છે, માતા સત્યકી છે, મુલ નક્ષત્રમાં જન્મ થયેલો છે; તો એક મૂર્તિ કેમ હોય ! ૨૫

બ્રહ્મા રક્ત વર્ણવાળો છે, મહેશ્વરનો શ્વેત વર્ણ છે, અને વિષ્ણુ કૃષ્ણવર્ણવાળો છે; તો એક મુર્તિ કેમ હોય ? ૨૬

બ્રહ્મા જપમાળાને ધારણ કરે છે, મહેશ્વર શૂલને ધારણ કરે છે અને વિષ્ણુની પાસે શંખ અને ચક્ર છે તો એક મુર્તિ કેમ હોય ? ૨૭

બ્રહ્મા ચાર મુખવાળો છે, મહેશ્વર ત્રણ નેત્ર-વાળો છે અને વિષ્ણુને ચાર હાથ છે, તો એક મુર્તિ કેમ હોય ? ૨૮

બ્રહ્મા મથુરામાં જન્મેલ છે, રાજગૃહમાં મહેશ્વર જન્મેલ છે અને દ્વારકામાં કૃષ્ણની ઉત્પત્તિ છે તો એક મૂર્તિ કેમ હોય ? ૨૯

બ્રહ્માને હંસનું વાહન છે, મહેશ્વરને બળદનું વાહન છે અને વિષ્ણુને ગરૂડ પક્ષીનું વાહન છે તો એક મુર્તિ કેમ હોય ? ૩૦

બ્રહ્માના હાથમાં કમળ છે, મહેશ્વરના હાથમાં શૂળ છે અને વિષ્ણુના હાથમાં ચક્ર છે, તો એક મુર્તિ કેમ હોય ? ૩૧

બ્રહ્મા કૃતયુગમાં થયેલ છે, મહેશ્વર ત્રેતાયુગમાં થયા છે અને દ્વાપરયુગમાં વિષ્ણુ થયેલ છે; તો એક મુર્તિ કેમ હોય ? ૩૨

જૈન શાસનમાં નિર્મળ કેવળ જ્ઞાન વિષ્ણુ રૂપ અર્થાત્ સર્વવ્યાપક-લોકાલોક પ્રકાશક કહ્યુ છે. યથાખ્યાત-વીતરાગ ચારિત્ર પૂર્ણબ્રહ્મરૂપ અર્થાત શુદ્ધ સ્વભાવ રમણરૂપ કહ્યું છે. અને શુદ્ધ આત્મશ્રદ્ધાન યા સમ્યકત્વ શિવરૂપ અર્થાત ભવભ્રમણ નિવારીને નિરૂપાધિક શાંતિ આપનારૂં કહેલું છે તેથી સંશુદ્ધ જ્ઞાન દર્શન અને ચારિત્રમય શ્રી અર્હન્મુર્તિજ પૂર્વોક્ત વિષ્ણુ બ્રહ્મ અને શિવાત્મક છે. ૩૩

પૃથ્વી, જળ, પવન, અગ્નિ, યજમાન, આકાશ, સોમ અને સૂર્યરૂપ આઠ ગુણ વીતરાગ ભગવાનમાં માનવામાં આવ્યા છે. ૩૪

ઉત્તમ પ્રકારની ક્ષમા તેજ પૃથ્વી, સદા પ્રસન્નતા એજ જળ નિઃસંગતા એજ વયુ અને શુદ્ધ સંયમ-યોગ એજ અગ્નિ. ૩૫

શુદ્ધ, તપ, દાન, દયાદિક ગુણોવડે આત્મા એજ યજમાન અને નિર્લેપ સ્વભાવ હોવાથી આત્મા એ જ આકાશતુલ્ય ગણાય છે. ૩૬

સોમ્ય મૂર્તિવડે મનોહર હોવાથી એ વીતરાગ ભગવાન જ ચંદ્ર કહેવાય છે અને નિર્મળ જ્ઞાનનો પ્રકાશ કરવાથી એજ ભગવાન આદિત્ય—સૂર્ય કહેવાય છે, ૩૭

માટે મોક્ષસુખને ઇચ્છનારે શ્રીમદ્ અર્હદ્ દેવ-પ્રતિ નિષ્કામપણે અર્થાત્ રાગદ્વેષ રહિત, તથા પુણ્ય પાપની કામના રહિત નમસ્કાર કરવો જોઇએ, કેમકે પુણ્ય પાપ અને રાગદ્વેષનો સર્વથા ક્ષય કર્યાથી જ મોક્ષ મળે છે. ૩૮

અર્હન્ પદમાં અકારથી વિષ્ણુ, રકારથી બ્રહ્મા,

હકારથી હર સમજવો અને છેવટનો મકાર પરમપદ વાચક છે. ૩૯

અર્હન્ પદમાં રહેલ અકાર, આદિ ધર્મનો વાચક તથા આદિ મોક્ષનો દર્શક છે તેમજ સ્વરૂપમાં પરમ જ્ઞાન બતાવનાર છે, તેથી અકાર કહેવાય છે. ૪૦

રૂપી અને અરૂપી દ્રવ્યને જ્ઞાનચક્ષુથી દેખીને લોકાલોકને સંપૂર્ણ રીતે દેખ્યું છે તેથી રકાર કહેવાય છે. ૪૧

જેણે સર્વ પ્રકારના રાગદ્વેષ તથા મોહજન્ય પરીષહો અને અષ્ટ કર્મોને હણ્યા છે તેથી હકાર કહેવાય છે. ૪૨

પુણ્ય અને પાપ વિગેરે તત્વોને સંપૂર્ણ રીતે જાણી લઇને સંપૂર્ણ સંયમ વ્રત છતાં અષ્ટ મહા પ્રાતિહાર્ય યુક્ત વર્તે છે તેથી નકાર કહેવાય છે. ૪૩

સંસારરૂપ બીજના અંકુરાને પેદા કરનાર રાગ-દ્વેષાદિ દોષો જેના ક્ષય પામેલા છે તે ચ્હાય તો બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર હો, કે જિન હો, તેને અમારો ત્રિવિધે ત્રિકાલ નમસ્કાર ! ॥ ૪૪ ઇતિ—શમ્

॥ શ્રી ॥

વીતરાગ સ્તોત્ર અનુવાદ.

પ્રયોજક:—સાંકળચંદ પિતાંબરદાસ. શાહ

મંગલાચરણ.

શાર્દૂલવિક્રિડિત છંદ.

શ્રીસંખેશ્વરપાસ દાસ ગણીને આપો સદા સંપદા,
વાગ્દેવી [1]રસના પવિત્ર કરજો માતા [2]રમયાળુ સદા;
સર્વજ્ઞ કળિકાળ હેમસૂરિએ આ ગ્રન્થ સ્યાદ્વાદથી,
ગુંથ્યો શ્રી **વીતરાગ સ્તોત્ર** વિરચ્યું ભાષા અનુવાદથી.

દોહરા.

કળિકાળ સર્વજ્ઞ શ્રી, હેમચંદ્રસૂરિરાજ,
સ્તોત્ર રચ્યો વીતરાગનો, કુમરનરિંદ સુકાજ. ૧
પરમાર્હત ભૂપાળ તે, કરે સ્વાધ્યાય ત્રિકાળ;
સ્મરણ કરે એ સ્તોત્રનું, વિલસે મંગલમાળ. ૨

---

૧ જીવ્હા–વાણી. ૨ દયાળુ

મહાગિરા* સંસ્કૃતમાં, સકળ સ્તોત્ર આખ્યંત;
અર્થ સમર્થ ન વ્યર્થ કાંઈ, આશય પ્રૌઢ અત્યંત. ૩
સ્તોત્ર રત્ન ચિંતામણિ, કામકુંભ અવતાર;
કામદુધા શુભ સુરતરૂ, મહિમાનો નહિ પાર. ૪
ધર્મ ધુરંધર સૂરિવરૂ, શાસનના શણગાર;
યુગ પ્રધાન બુદ્ધિનિધિ, બૃહસ્પતિ અવતાર. ૫
તે **શ્રીહેમસૂરિ** પ્રભુ, બુઝ્યો કુમરનરિંદ,
આણ અમારીની ઠવી, દેશ વિદેશ અખંડ. ૬
સૂરિ ભૂપ મનોરથ સમો, સ્તોત્ર સકળ શણગાર,
ભણે ગણે વિધિ ધ્યાનથી, કરે ન ફરી અવતાર. ૭
૧મૃગપતિ સમ ક્યાં સૂરિવરૂ? સ્તોત્ર ચિંતામણિ રૂપ.
ક્યાં ૨કીટ સમ અજ્ઞ હું? વર્ણવું લેશ સ્વરૂપ. ૮
મૂળ સ્તોત્ર સાગર થકી, ગાગર સમ ગુણવાદ,
સંસ્કૃતથી અજ્ઞાત ભવિ, સ્વપર નિમિત્ત અનુવાદ. ૯
તનુજ **પીતાંબરદાસનો**, સાંકળચંદ કવિદાસ:
વીસા શ્રીમાળી શ્રાદ્ધ છું, રાજનગરમાં વાસ ૧૦

---

* વાણી ૧ સિંહ ૨કીડો

પ્રસ્તાવનારૂપ પ્રથમ પ્રકાશ.

હરિગીત છંદ.

જે સદા સંસારી જીવોથી શ્રેષ્ઠ પરમાત્મા ખરા,
પરધાન [1]પરમેષ્ટિ પદોમાં જ્ઞાનકેવળમય ધરા;
અજ્ઞાન પેલી પાર જ્યોતિકાર સૂર્ય ઓંકાર છે,
પંડિત જનોએ પ્રશંસ્યા વીતરાગ જગદાધાર છે. ૧
જેણે સમસ્ત કુ કલેશકારી રાગદ્વષાદિક તરૂ,
મૂળથી ઉખેડ્યાં થયા જે વીતરાગ ત્રાતા જગગુરૂ;
વળી સુરાસુરપતિ ને નરાધિપ નમ્યા જેના પાયમાં,
તે ચરણનુ કરૂં શરણ તો નવ પડું ભવભય લાયમાં. ૨
જેના થકી ધર્માર્થ કામને મોક્ષ પુરૂષાર્થે સહી,
શબ્દાદિ ચૌદ વિદ્યા પ્રવૃત્તિ જ્ઞાન[2] ભાસ્કર[3] કર અહી
જે ભૂત ભાવી વર્તમાનનું સ્વરૂપ સર્વ પ્રકાશતા,
એવું અનુપમ જ્ઞાન જેનું નમું તે જગ શાશ્વતા. ૩
વિજ્ઞાન આનંદ બ્રહ્મ ત્રિપદી એકતા કરી જ્યાં ઠરી,
સર્વજ્ઞ શ્રદ્ધા ધ્યાન કરવા યોગ્યનું શરણું કરી,
તે તરણ તારણ દુઃખ નિવારણ ચરણનું શરણું કરૂં,

---

૧ પંચપરમેષ્ટિ પદ નવકાર. ૨ સૂર્ય ૩ કિરણ

નવ કરૂં જન્મમરણ ફરી સંસાર અટવી નવ ફરૂં, ૪
સૌ કલેશ વર્જીત નાથથી હું છું સનાથ અહા ? નકી,
સુર અસુર વંદિત એ પ્રભુને સદા વાંચ્છું મન થકી,
કૃત કૃત્ય છું હું એ પ્રભુથી સદા કિંકર ત્હેમનો,
દેવાધિદેવ ત્રિકાળ વેદી નમે ત્હમને જગ જનો. ૫
એવા પ્રભુનો સ્તોત્ર રચિ મન ૧ગિરા પાવન હું કરૂં,
નિર્મળ કરૂં કાયા નમીને સદા આણા શિર ધરૂં,
આ ભવારણ્યમાં જન્મ માનવનો મળ્યાનું ફળ મળ્યું,
પ્રભુ કૃપાના અવતાર સ્તવતાં કલ્પતરૂ દ્વારે ફળ્યું, ૬
ક્યાં પશુથી પણ અધિક પશુ હું સ્તુતિ ક્યાં વીતરાગની ?
અહા ! બૃહસ્પતિને પણ અગોચર સ્તુતિ તે મહાભાગ્યની,
પગવડે ૨પંગુ ઇચ્છતો મહા અટવીને ઉલ્લંઘવા,
એવું મહા સાહસ અમારૂં હાસ્યકારક જગ થવા. ૭
તોપણ શ્રદ્ધાળુ હ્રદયથી સ્તુતિ થતાં સ્ખલના જો યદા,
ગુણ અનંતા નવ કહી શકું નિષેધ કરશો નહિ કદા ?
આ વચન રચના વણ સંબંધે છતાં શ્રદ્ધાળુ તણી,
શોભે અતિ પ્રભુતા મળે પ્રભુગુણ ગાતાં સુખ ભણી. ૮
વીતરાગ સ્તોત્ર શ્રીહેમચંદ્ર સૂરિંદ રચિ સ્તવના કરી,

---

૧ વાણી ૨ પાંગળો

શ્રદ્ધા વિશુદ્ધિ કર્મક્ષય રૂપ કુમરણૂપે આદરી,
પરમાર્હંત્ તે ભૂપાળને ફળ થાઓ જે આશિર વદે,
ભગવાન્ હેમાચાર્ય દે જે પ્રથમ પ્રસ્તાવે હદે. ૯

મુળ ૪ અતિશય વર્ણનરૂપ બીજો પ્રકાસ.

તનુ પ્રિંયગુ વતનીલ ઉજ્વળ સ્ફટિક વત પીત કંચનો,
વળી રક્ત પદ્મસુરાગ વત્ ને શ્યામ અંજનવત્ ભણ્યો,
૧વપુ વગર ધોયું નિર્મળું તે દેખી દેવ મનુષ્યનું,
મન ચકિત થાય ન કોણનું સૌ હર્ષ પામે જોઇ તનું ૧
છે સુંકામળ પ્રભુ અંગ ચંગ સુમનોહર કદળી સમું.
વળી કલ્પતરૂ માળા સમાન સદા સુગંધિમય ગમ્યું;
એવા સુગધિ દેહ પર દેવાંગનાના નયન જે,
કરતા ભ્રમર સમ ક્રિડા જે ખુશ થતા જોઇપ્રભુ૨વયણને ૨
હે! નાથ અમૃતપાન પુષ્ટિથી ૩પરાભવ પામતા,
પ્રભુ દેહ મધ્યે કાસ શ્વાસાદિક રોગ ન વ્યાપતા,
એ રોગ રૂપી સર્પ સમુહો નાથ વપુથી ભાગતા,
છો આપ રોગ રહિત સ્વામી જગત્ મધ્યે જાગતા. ૩
પ્રતિબિંબ દર્પણમાં પડે તદ્રૂપ મળ કાંઇ નવ રહ્યા,
વળી પરિશ્રમાદિકથી પસીનો થાય નહિ સા મળ ગયા;

---

૧ શરીર ૨ મુખ ૩ હારવું.

તે આપની કાયા વગર ૧પ્રસ્વેદની નિર્મળ સદા,
એ વાત લોકોત્તર પ્રભુની નમું હું ત્હમને મુદા. ૪
વીતરાગ કેવળ આપનું મન રાગ રાહત ધવળ શમ્યું,
એથી ન બસ પણ શરીર ૨શોણિત ધવલ દૂધ ધારાસમું;
માનું પ્રભુનો રાગ શોણિતથી સ્વભાવે દૂર ગયો,
તેથીજ રાગની રક્તતા ગઈ દૂધ ૩સહોદર તે થયો. ૫
જગથી વિલક્ષણ વાત અદ્ભૂત વર્ણવે શું કવિ યથા ?
દુરગંધ રહિત સુગંધમય છે માંસ ગૌક્ષીર સમ તથા,
દેવાધિદેવા નિત્ય મેવા ચરણ સેવા આપજો,
દૂરગંધ ટાળી અનાદિની પ્રભુ પાપ તાપો કાપજો. ૬
જળ સ્થળ સુગન્ધિ પુષ્પમાળા તજી ભ્રમરાઓ ભમે,
વીતરાગ તુજ નિશ્વાસની લેવા સુગન્ધિ મન રમે;
રહે આપના મુખ કમળ રૂપી કમળ ફરતા ઉલ્લસી,
વળી સમજી પંકજ અથિર જાણી ચરણ કમળે૪શ્રીવસી. ૭
હે નાથ ! તારી જન્મ મર્યાદા અલૌકિક છે અતી,
પંડિત જનોને પણ અગોચર ચમત્કારી છે કૃતી;
પ્રભુ કરે આહાર નિહાર દેખે ચર્મ ચક્ષુ નવ કદા,
એ લોક લોકોત્તર પ્રભા પ્રભુ વર્ણવું શું હું યથા. ૮

---

૧ પરસેવો ૨ લોહી ૩ ભાઇ ૪ લક્ષ્મી

કર્મક્ષય જનિત ૧૧ અતિશય વર્ણનરૂપ

બીજો પ્રકાશ.

તીર્થેશ નામ સુ કર્મ જનિતજ અતિશયથી શોભતા,
સર્વાભિમુખ્ય સુનામ અતિશય છતાં અતી નિર્લોભતા,
છે। નાથ કેવળજ્ઞાન જ્યોતથી સૌ દિશા સન્મુખ સદા,
પ્રભુ દેવ મનુષ્યાદિકને આનંદરસ આપો મુદા. ૧
યોજન પ્રમાણુ સુદેશનાના સમોસરણુ વિષે બધા,
ક્રોડોગમે[1] મનુ દેવને ત્રિર્યંચ પરિવારો સુધાં,
સંકોચ વગર સમાય ત્યાં સૌ સુણે પ્રભુની દેશના,
[2]માંજાર [3]મુષકાદિક જાતી વૈર તજી રહે શુભ મના. ૨
હે નાથ! તારૂ વચન એક એક પૂરતું મધુર છે,
નહિ વ્યર્થ વાણી લેશ ક્લેષ ન થાય જે રસપુર છે,
સૌ દેવ મનુષ્ય ત્રિયંચ નિજનિજ ભાષમાં સમજે યથા,
તુજ વચન ધર્મ સુબોધ દેવા છે યથા નહિ કો વૃથા. ૩
વિચરો પ્રભુ જ્યાં ત્યાં સમીરની લ્હેરીઓથી સર્વદા,
શત એકને પચવીશ યોજનમાં ન રહે રોગો કદા,

---

૧ મનુષ્ય ૨ બીલાડી ૩ ઊંદર.

પૂર્વે થયેલા વિલય પામે નવા રોગ ન નીપજે,
એવું અપૂર્વ છે મહાત્મ્ય તારૂં સર્વ સંપદ સંપજે.૪
વિચરે પ્રભુ જે ભૂમિ ઉપર તીડ ઉંદર શુક કદા,
ન કરે ઉપદ્રવ ધાન્યને તે દૂર થાય બધા તદા,
જેમ ભૂપથી રહે દૂર અનીતિ તેમ સૌ વ્યાધિ ટળે,
ઘનથી મયુર શશિથી ચકોરી તેમ ભવિ આશા ફળે. ૫
પુષ્કરાવર્ત સુમેઘ વૃષ્ટિ જેમ તુજ દષ્ટિ થતાં,
જ્યાં ચરણુ ધારો ત્યાં નગર સ્ત્રી ક્ષેત્ર આદિક ભયજતા,
એથી ઉપજતા વૈરને વિરોધ રુપ અગ્નિ શમે,
ત્હારી કૃપાથી નાથ ત્હારા ભકત ભવમાં નવ ભમે. ૬
અહા! ઉપદ્રવનો છેદ કરવા ઢોલવાગે તેમ યથા,
ભૂમિ પર પ્રભાવ થતાં ન રહે ભય શાકિની વ્યંતર તથા,
એ દુષ્ટ વ્યન્તર પ્રમુખથી ઉત્પન થતા મારી વ્યથા,
મહાકાળ સમવિકાળ રોગ ન થાય એ અદ્ભુત કથા ! ૭
વિશ્વોપકારી આપ જ્યાં વિદ્યમાન ત્યાં જગ જનતણુા,
વાંચ્છિત ફળે આપત્ ટળે વળી પાપ તાપ ગળે ઘણુા;
વળી અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ થાય નહિ જગદુઃખ કરી,
સમકાળ ઋતુ સઘળી ફળે જગનાથ ત્યાં રહે શ્રી હરી. ૮

જેમ સિંહનાદે હસ્તિ ભાગે પ્રભુ પ્રભાવે તેમ યથા,
નિજ ચક્રને પરચક્રના ભય ટળે થાય ન કાંઇ વ્યથા;
એવો અનુપમ નાથ મહિમા વાણી દ્વારા શું કહું,
જે બૃહસ્પતિ જીભશાહસ્ત્ર કરતાં કહી શકે નહિં ગુણ અહું. ૯
અદ્‌ભૂત જંગમ કલ્પવૃક્ષ પ્રભાવશાળી પગ ધરે,
તે ભૂમિપર દુષ્કાલ ન રહે જગજનો નવનિધ કરે;
જગનાથ ભક્ત અનાથને કરતા સનાથ કૃપાનિધિ.
હે [1]ભવસુકાની નાથ નાથ સુકાન નામે ગુણનિધિ. ૧૦
[2]અર્કથી પણ પ્રભા અધિકી દેવ ભામંડળ રચે,
પ્રભુ શીર પાછલ સ્થાપિને નાચે સમિપ ભક્તિ રૂચે;
માનું પ્રભુ દેદાર જોતાં આડ ન નડે વ્યક્તિને,
તેથીજ ભામંડળ થયું પુંઠ ધન્ય દેવની ભક્તિને. ૧૧
આ રત્ન ત્રયી રૂપ યોગ ઠકુરાઇનો પ્રસિદ્ધ મહિમા અતી,
ઘાતી કરમનો ક્ષય થતાં ઉત્પન્ન થયેલો મહાયતી,
ભગવાન્ એહ અમોઘ મહિમાથી સચેતન પ્રાણીયા,
આશ્ચર્ય કોણ થતા નથી સા થાય પ્રમુદિત જાણીયા. ૧૨
અહા ! અનંતા કાળો ઉપાર્જીત કર્મવન વણ અંતનું,
પ્રભુવિણ અવરન કો ઉચ્છેદે મૂળ લક્ષણ ખંતનું,

---

૧ ભવ સમુદ્રમાં નાવિક ૨ સૂર્ય.

એઆકળશક્તિવ્યક્તિગતજોઈ ભક્તિમાં મુજ મનરમ્યું,
હે ધર્મમૂર્તિ [1]ધુરાધારી ધર્મની શાસન ગમ્યું. ૧૩
હેનાથ! ચરણ ઉપાય ફરીફરી કુશળ થઇ સાધ્યા તમે;
ફરી પ્રવર્તિ ત્હેં સબળ જેથી પરમ પદ આગે રમે,
એ સપદા નવ ઇચ્છતાં તીર્થેશ પદવી નિર્મળી,
પ્રભુ મળી તમને વાનગી દ્યો સહજ અમને તો ફળી.૧૪
હેનાથ! મૈત્રી ભાવનાના સ્થાન રૂપ પવિત્ર છો,
વળી ભાવના પરમોદ પુષ્ટિથી પૂરા જગમિત્ર છો,
કરૂણા અને માધ્યસ્થ યોગે પુજ્ય શ્રી યોગીંદ્રને,
કરી શુદ્ધ ત્રિકરણ અમે નમીએ માન્યકારિ સૂરેંદ્રને. ૧૫

દેવકૃત અતિશય પ્રગટન રૂપ ચોથો પ્રકાશ.

મિથ્યાત્વ દૃષ્ટિને પ્રલયના કાળ સમ વિકરાળ છે,
સમકિત દૃષ્ટિને[2] પિયુષ અંજન સમું સુકુમાળ છે,
માનું કરે ઉદ્‌ઘોષણા સુણો દેશના સૌ શુભ મને,
એવું તિરથપતિ શ્રી તીલક સમ ધર્મચક્ર બિઃદ ભણે. ૧
વીતરાગ એકજ સ્વામી જગમાં એમ કહે કરી અંજળી,
અહા! ઇંદ્રધ્વજ મષ ઈંદ્ર કરતા ઉર્ધ્વતર્જનીઅંગુલી,

---

૧ ધર્મ રથની ધુંસરી ૨ અમૃત.

જગતાત છો વિખ્યાત વસુધા વાત એક ઉરે ધરો,
પ્રતિપાળ દીનદયાળ તારો એક હારો આશરો. ૨
જ્યાં ચરણકમળ પડે તમારા દેવ દાનવ ત્યાં મળી,
અહા ! નવાં સુવરણકમળ રચતા માનું લક્ષ્મીને છળી,
એ કમળમાં વસનાર શ્રી વિસ્તાર પ્રભુ પાદે કરે,
સુર અસુર ભકિત શકિત સહ કરી ધ્યાન જિનનું આદરે. ૩
જે દાન શીલ તપ ભાવના રૂપ ચતુર ધર્મ પ્રકાશતા,
માનું ચતુર્મુખ થયા સ્વામી અહા ! જગ વત્સળ થતા,
મહિમા અપૂર્વ અગાધ પણ ગંભીર સાગર સમ પ્રભુ,
પ્રતિબદ્ધ નહિ કોઈ સ્થાન[1] સમીર સમાન છો અદ્‌ભુત વિભુ. ૪
અહા ! રાગ દ્વેષને મોહ રૂપ વા વચન મન કાયા રૂપી,
એ ત્રણ્ણુ દોષથી ત્રણ્ણુ જગને મુક્ત કરવા છો ખપી,
તેથીજ માનું દેવ ત્રણ્ણુ પ્રકારના ત્રિગઢ રચે;
અનુક્રમે રૂપ્ય સુવર્ણને વળી રત્નમય કરવા મચે. ૫
હેનાથ ! પૃથ્વિપર વિચરતાં થાય અધો મુખ[2] કંટકો,
અહા ! સૂર્ય ઉદય થતાં રહે કેમ અંધકારકે કૌશિકો[3] ?
વરસાદ વરસે સકળ સ્થળ શુભ ક્ષેત્ર વાડ ઉખર ભૂમિ,

---

૧ પવન ૨ જેનાં કાંટાનો ભાગ નીચે છે, ૩ ઘુવડો.

પુષ્કરાવર્ત્ત સુ મેઘમાં મગશૈલ નવ ભીજે શમી. ૬
નખ કેશ રોમને મૂછ દાઢી સમાર્યા દીક્ષા સમે,
તેવાંજ રહે વાધે નહિ એ બાહ્ય યોગથી સુર નમે,
એ બાહ્ય યોગ તે અન્ય હરિહર પ્રાપ્ત કરી ન શકયા કદી ?
તો અંતરંગ સુયોગની શીવાત કરવી મુખ વદી ?
જે બૌધ નૈયાયિક આદિ તર્કવાદી તણી પરે,
રસ રૂપ શબ્દ ને ગંધ સ્પર્શજ રૂપ અનુકુળતા ધરે,
એ પંચ ઈંદ્રિયના વિષય પ્રતિકુળ વરતે નહિ કદા,
એવું અચિંત્ય છે મહાત્મ્ય ત્હારૂં નમસ્કાર કરૂં સદા. ૮
પ્રતિપક્ષી ભૂત અનાદિના તે ૧કામની કૃતિ ત્હેં કળી,
સહાયક થવા તસ ભયથી માનું ઋતુ સમકાળે ફળી,
એ ઋતુ સઘળી નાથ ત્હારા ચરણ કમળ ભજે સદા,
નહિ ટાઢ કે નહિ તાપ શરદી સૂખમ કાળ સદા મુદા.૯
જે ભૂમિને તુજ ચરણકમળોથી થવાનો સ્પર્શ છે,
તે ભૂમિને દેવો સમારે મન અતિ ઉત્કર્ષ છે,
જળ સુગંધિ વૃષ્ટિ અને વળી પુષ્પ દિવ્ય સુ ૨પુંજથી,
પુંજે ભૂમિ તે પંચવરણી પુષ્પના શુભ૩ કુંજથી. ૧૦
ત્રૈલોકય પૂજ્ય સદા૪ વિહગ પરદક્ષિણા દેઇ ઉલ્લસે,

૧ કામદેવ ૨ ઢગલો ૩ ઘટા ૪ પક્ષીઓ.

તો આપથી પ્રતિકુળ થાતા મનુષ્યની શી ગતિ થશે ?
એ ખેદ અમને થાય છે પણ સદા સમભાવી તમે,
સમ મિત્ર શત્રુ છે તમારે કૃપાસાગર મન રમે. ૧૧
તે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યાદિકનું વિપરીત પણું,
નવ આપની પાંસે ટકે ભાળી પ્રભા રૂપ પ્રભુ તણું,
છે સમીર એકેંદ્રિય પણ પ્રતિકુળતાને પરિહરે,
તો અન્યનું કહેવુંજ શું વા વાય શુભ સુરભી ધરે ? ૧૨
આશ્ચર્ય એ પ્રભુ પંથના [1]પાદપ નમે મહા મહાત્મ્યથી,
મસ્તક કરી નીચાં નમે કૃત કૃત્ય માને આત્મથી,
તો વ્યર્થ મસ્તક ધર્યું ધડપર કેમ મિથ્યા દૃષ્ટિએ ?
ભીંજે ન મગશીળ જવાસો સુકાય સારી વૃષ્ટીએ. ૧૩
વીતરાગ સેવામાં જઘન્યથી ક્રોડ દાનવ દેવતા;
હાજર રહે ન કરે પ્રમાદ સુ પુણ્યથી પ્રભુ સેવતા,
અજ્ઞાંધને છો જ્ઞાનચક્ષુ પાંગળાને [2]યષ્ટિ છો;
ભવિને ભવોદધિ પાર તરવા [3]સેતુ અમૃત વૃષ્ટિ છો. ૧૪

---

૧ વૃક્ષો ૨ લાકડી ૩ પુલ.

(શેષ પ્રાતિહાર્ય અતિશય વર્ણન ૩૫ પાંચમો પ્રકાશ.

નવ શોક એહ અશોક પાદપને ભ્રમર ઝાંકારથી,
ગાતો અને પત્રાદિ હલવે નાચતો એક તારથી,
વળી આપના ગુણ રાગથી હોય રક્ત તેમ તનુ[1]માનથી
દ્વાદશ ગણું જસ[2]માન પણ ગયું માન પ્રભુ ગુણગાનથી.૧
તુજ દેશનાની ભૂમિ મધ્યે એક યોજનમાં ધરે,
જસ ડીંટડાં નીચે રહેલાં પુષ્પ દેવો પાથરે,
[3]જાનુ પ્રમાણ તે દિવ્ય પુષ્પો પાથરી [4]સ્વાગત કરે,
[5]વિબુધો ન ચૂકે મળ્યો અવસર ભક્તિ સાચી આદરે ૨
વૈરાગ્ય વ્યંજક મનોરંજક માલકોષ સુ રાગમાં,
વીણાદિ વાદ્યો દેશના ધ્વનિ દિવ્ય વિસ્તારે રમા,
એ દેવ પૂરીત રાગને ગુણ ગ્રામથી વિસ્મય થતાં,
કરી ડોક ઊંચી સુણે મૃગલાં પ્રભુ સન્મુખ તે જતાં.૩
જે [6]ચંદ્રકર સમ ધવળ ચામર મુખ સમિપ ઊડે સદા,
માનુ મુખારવિંદ સેવવા તે હંસ યુગલ રહ્યા મુદા,
ઝીલે પ્રશમરસ ઊભય દૃષ્ટિ વદનકમળ પ્રસન્ન છે,

---

૧ માપ. ૨ ઊંચાઇ. ૩ જંઘા. ૪ સન્માન ૫ દેવો. ૬ ચંદ્ર કિરણો.

[1]વામાંગ નહિ વામાંગના હરિહર સરાગીથી ભિન્ન છે.૪
આરૂઢ સિંહાસન થઇ દ્યો દેશના જે અવસરે,
આવે હરણીયાં સેવવા [2]હરિ માનું બોધ સુણી ડરે,
પ્રભુતરણુ તારણ દુઃખ નિવારણુ સુમતિ દ્યો કુમતિહણી;
વીતરાગ બેલી અંતકાળે આપ છો ત્રિભુવન ધણી. ૫
જેમ શશિ નિજ કાંતિ વડે આપે પ્રમોદ ચકોરને,
તેમ આપ ભામંડળ થકી આનંદ દ્યો ભવિ મોરને;
જગતાત છો વિખ્યાત વસુધા વર્ણું અષ્ટાદશ વિષે,
હું નમું બે કર જોડી તુમને સર્વવ્યાપક દશ દિશે. ૬
ઽનભ વિષે રહીને દુન્દુભિ પ્રતિધ્વનિ પ્રભુ આગળ કરે,
છે જગતના સૌ દેવમાં ઉત્કૃષ્ટ દેવ બિરૂદ ધરે;
ઐશ્વર્યને ઠકુરાઇ ત્હારી દેવ દેવાધિ પણું,
જાહેર કરવા જગતમાં માનું સુભાગ્યજ તે તણું. ૭
પ્રભુ શિર પર ઉપરા ઊપર ત્રણછત્ર રહી સૂચવે યથા,
સમ્યક્ત્વ આદિક ગુણક્રમો સમ પ્રભુ* પ્રકર્ષ જણાવતા;
ત્રિભુવન વિષે નહિ નાથ સમ એમ છત્ર ત્રણ કહે મુદા,
વીતરાગ નિર્મળતાદિ ગુણથી શોભતા છે સર્વદા. ૮

---

૧ જેનો અંક-ખોળો કામિની-સ્ત્રી સંગથી શુન્ય છે. ૨ સિંહ. ઽ આકાશ. * મહિમા.

હે નાથ એ પ્રાતિહાર્ય લક્ષ્મી ચમત્કાર પમાડવી,
કોણુ કોણુ મિથ્યા દષ્ટિ પણુ આશ્રય નવ પામે અતી?
ઠકુરાઈ ત્હારી જોઇ ભવિજન બોધ પામે સર્વદા,
રહી ચરણુ કમળે ભ્રમર સમ ગુણુગ્રામ કરતા તે મુદા.૯

પ્રતિપક્ષ નિરાસ નામા છઠ્ઠો પ્રકાશ.

પ્રભુ નેત્રને અમૃત અંજન તુલ્ય લાવણ્ય આપનું,
કાયા સુનિર્મળ દેખતાં પણુ ઉદાસિન રહે જે ૧મનુ;
તે પાપીઓ અતિ દ્વેષથી દૂષણુ અસત્ય વદે મુખે,
તસ થાય નરકાદિક ગતિ વીતરાગને નવ ઓળખે. ૧
નિષ્કારણે વિશ્વોપકારી છતાં શત્રુ આપને,
તે પણુ કષાયથી વ્યાપ્ત સુણો પામે ૨વિબુધ પરિતાપને;
એ વાત કટુ સુણો આપ્ત માટે પ્રાણુ ત્યાગ કરે ભવિ,
પંડિત ભણે ક્ષીણુ થતાં અંતર બાહ્ય શત્રુ રહે નવી.૨
જો આપનો અરિવર્ગ રાગ રહિત હોય તો અરિ નથી,
વીતરાગ છો, અરિ તે અભાવે સરાગી શત્રુ નથી;
નિર્બળ સરાગી શત્રુ સબળ નિરાગીથી જય નવ લહે,

---

૧ જે મનુષ્યો. ૨ પંડિતો.

પ્રાયઃ ધરે સરખાથી તે સૌ સૂર્યથી [1]ખજવો દહે. ૩
દેવો અનુત્તરવાસી પણ રાખે સ્પૃહા તુજ યોગની,
ક્યાં યોગમુદ્રા રહિત સાંખ્યાદિકના ભાવ રોગની ?
એ અન્યમાર્ગિ યોગ માર્ગની કેહે કથા તે છે વૃથા,
તે અન્યમતિથી યોગ દૂર વીતરાગ મહા યોગી તથા.૪
હે ! યોગ ક્ષેમંકર સ્તુતિ ભક્તિ થકી સેવા કરૂં ?
તહમને સ્વીકારૂં નાથ ત્રાતા નથી તમ વિણુ આશરૂ ?
શું અધિક કરૂં સેવા થકી ને અધિક સ્તુતિથી શું વદું ?
વાચા અને નર જન્મ પામી સફળ કરી થઇએ મૃદુ.૫
હિંસાદિ પાપાચાર વાળા, જોઇ સારા લોકને,
નિજસમ બનાવા મુગ્ધને ઠગવા ચતુર ધિક ટેકને;
એ અન્ય દેવગુરૂ બધા દુનીયાં બધીને છેતરે,
પોકાર કરીએ નાથ ક્યાં પ્રભુજી વિના કોણુ ઉદ્ધરે ?૬
તે કર્મ મુક્ત મને મનાતા છતાં રચતા સૃષ્ટિને,
પાલન કરે ક્ષય કરે જગનો ધરે [2]રકોપિત દષ્ટિને;
એ વાંઝણીના પુત્ર જેવા દેવ કલ્પિત જાણીએ,
કોણુ સચેતન એ વાત માને વિવેકી નવ માનીએ ?૭
જે જઠર [3]ઠકામાગ્નિ પીડીત પણુ કૃતારથ મન માનતા,

---

૧ આગિયો. ૨ કોપાયમાન. ૩ કામનો અગ્નિ.

એવા દ્વિજાદિક આપ સમ સર્વોત્તમને ન પ્રમાણુતા;
વીતરાગ વર્જીત દોષથી ક્યાં અન્ય મતિ મદમાં છક્યા?
હા! હા! કહતી ખેદે બિચારા આસ્તિકા કે નાસ્તિકા?૮
આકાશ પુષ્પ સમાન ચિંતિત સિદ્ધ કરવા જે મથે
એવુંજ કલ્પિત કોઈ પ્રમાણ બતાવી પરવાદી કથે?
ઘર શૂરા તેહ સ્વગેહને નિજ દેહમાં માહાતા નથી,
તે મૂઢ સ્વમતે અતિ મુંઝાયા મહા મદમાં રહે મથી.૯
પ્રભુ કામને વળી સ્નેહ રાગ સુખે નિવારી શકાય છે?
પણ દષ્ટિ રાગે છતું ખોટું ખરૂં તેહ મનાય છે?
મહા પાપ દષ્ટિ રાગ તે સત્ પુરૂષ પણ દુઃખે તજે,
કેમ કર્યો ન છૂટે તજે ત્હેને સદા સુખ સંપદ ભજે.૧૦
છે વદન કમળ પ્રસન્ન દષ્ટિ ઉભય પ્રભુની નિર્મળી,
તે રાગ દ્વેષાદિ વિકાર રહિત ૧વિબુધે અટકળી;
વળી સત્ય પ્રિયને હિતકારી વચન તુજ ભવિ આદરે,
અહા! પ્રેમ પ્રીતી યોગ્ય પ્રભુનો અનાદર મુઢો કરે.૧૧
વાયુ કદી સ્થીર થાય ૨નગ ગળી જાયજળ ૩અગ્નિ લવે?
તે છતાં રાગાદિક વિકારો વ્યાપ્ત આપ્ત ન સંભવે,
વીતરાગતાના અભાવે નવ દેવપણું અન્ય દેવમાં?

---

૧ પંડિતોએ. ૨ પર્વત. ૩ અગ્નિને ઓકે.

તે તત્વજ્ઞાની થવા યોગ્ય ન કોણ રાચે સેવમાં? ૧૨

જગત કર્તૃનિરાસ નામા સાતમો પ્રકાશ.

પુણ્ય પાપ વગર શરીર હોય ન શરીર વણુ વાચા નહીં,
મુખ વિના ન ધરે વચન રચના શકિત વકતૃ નવ રહી,
તો તે વિનાના અન્ય દેવો બોધ દાતા કેમ કરે ?
તે સ્વાર્થ ઘેલા મુગ્ધજનને છળ કરીને છેતરે. ૧
નથી દેહ જેને દેવ એવા સૃષ્ટિ રચના કેમ કરે ?
વળી કૃતારથનો કરે દાવો સૃષ્ટિ પ્રયોજન નવ ઠરે.
કહે શિવાસ્તિકો તાસ પ્રભુ પર આણુથી વરતે નહીં,
વર્તે સ્વતંત્ર ઇચ્છા વડે તે વાત જુકિત નવ કહી ? ૨
જો ક્રિયા કૌતકથી પ્રવર્તે બાળ પરે રાગી ઠરે,
૧ગૃહ ધુળનાં કરી ભાંગી નાંખે બાળ પરે ચેષ્ટા કરે,
કદી કૃપાથી સૃષ્ટિ સરજતા હોય તો સાૈ સુખી સૃજે,
દુઃખીયા ન સરજે કોઇને નવ દીસે એવું કોણુ ભજે ? ૩

---

૧ જેમ બાળકો ધુળનાં ઘર બનાવી ભાંગી નાંખે છે, તેમ ઇશ્વર સૃષ્ટિ સરજતા હોય ને વિનાશ કરતાં હોય તો બાળક જેવાં ઠરે, ન્યાયથી કોઇ રીતે એ વાત સંભવતી નથી.

વળી ઇષ્ટ જનના વિયોગાદિક દુ:ખને દારિદ્રતા,
તેમ ૧શ્વાનને ચાંડાળ નરકાદિક દૂર યોની તથા,
વળી જન્મ મરણુ જરાદિ ક્લેષ પિડીત પ્રાણી સર્જતાં,
તે કૃપાળુની કૃપા ક્યાં ગઈ નવ રહી પામ્યા ખતાં ?૪

કર્માનુસારે પ્રાણીઓને સુખ દુ:ખ પ્રભુ આપતા,
જો એમ માનો તો તે ઇશ્વર નહીં સ્વતંત્ર સમાનતા,
જો કર્મ જનિત વિચિત્રતા બનતી બધી માનો મુદા,
તો નપુંસક સમ દેવ કલ્પિતનું પ્રયોજન નહિ કદા ?૫
ઇશ્વર રચિત આ જગત્ સૃષ્ટિ સ્વ ઇચ્છા અનુસાર છે,
કરવો નહિ કાંઇ તર્ક ત્હેમાં એમ કહેતાં હાર છે,
તો પરીક્ષકને પરીક્ષા કરવા ન દેવી એમ ઠરે,
મિથ્યામતિ કૃતિ છે નિરર્થક ૨પઠિત મૂર્ખ ઠરે ખરે.૬
સૌ પદારથનું જાણુપણું એ જગત્ કર્તાપણું ગણી,
જો માનતા હોતો અમારે માન્ય છે તે સુખ ભણી;
કહે જૈન શાસન દેહધારી છતાં કર્મ રહિત થતાં,
સર્વજ્ઞ સર્વ પદાર્થ જાણે વિચરતાં ભૂમિ પર છતાં.૭
હે નાથ ! કહ્યું પૂર્વોક્ત તેમ ભવિ ભાવથી જે સદ્દહે;

---

૧ કુતરાની. ૨ ભણેલો પણ મૂર્ખ એટલે ભણ્યો પણ ગણ્યો નહિ.

તે જગત સૃષ્ટિવાદ બાબત કદાગ્રહ તજી ગુણગ્રહે.
પ્રભુ છો પ્રસન્ન તમે ભવિક પર તે સદા જિનશાસને,
સંતોષ આનંદે રમી લે પરમપદ [1]કૈલાશને. ૮

આઠમા પ્રકાશ.

હે નાથ! વસ્તુ તત્ત્વ ત્હેં સ્યાદ્વાદ મય દેખ્યું યથા,
તેવુંજ કેવળજ્ઞાનથી ત્હેં સત્ય પ્રરૂપ્યું છે તથા;
પણ સાંખ્ય નિત્ય અનિત્ય,બૌદ્ધ એકાન્ત માનેછેવૃથા,
કૃત નાશ ને વળી અકૃત આગમ દોષએઆવેયથા.૧
એકાન્ત આત્મા નિત્ય તેમ અનિત્ય એકાન્તે રટે,
હે નાથ! એવું માનતાં સુખ દુઃખ ભોક્તા નવ ઘટે,
તેથીજ આત્મા નિત્ય કે ન અનિત્ય એકાન્તે કદી.
શ્યાદ્ નિત્ય શ્યાદ્ અનિત્ય હે! વીતરાગ ભાખ્યો ત્હેં યદી.૨
એકાન્ત આત્મા નિત્યને એકાન્ત અનિત્ય જે દર્શને,
ત્યાં નવ ઘટે પુણ્ય પાપ ને બંધ મોક્ષ ધિક [2]આમર્ષને,
એકાન્તવાદી અન્યમતિ નવ તર્યા તે કેમ તારશે?
આશ્રિતને બૂડી બુડાડે [3]ભગ્ન નૌકા મારશે, ૩
જીવ જીવાદિક પદાર્થોની નિત્ય અનિત્યતા વણ કદી,

૧ મોક્ષને. ૨ અહંકાર. ૩ કાંણી નાવ.

કાંઇ અર્થ કે ક્રિયા ન થાયે તેજ વાત કહે મદી;
એકાન્ત નિત્યાનિત્ય વસ્તુને ક્રમાક્રમથી પ્રભો;
ઘટતાં નથી તે અર્થ ક્રિયા વૃથાવાદ કરે વિભો. ૪
સૌ વસ્તુ નિત્યાનિત્ય કથંચિત્ માનતાં પૂર્વે કહ્યા,
નવ રહે દોષ વિરોધ નાવે કહ્યા પ્રભુ ભવિ સદ્દહ્યા;
તે વાત શુભ દૃષ્ટાંતથી મૂળ શાસ્ત્ર કર્તા સિદ્ધ કરે,
સંશય રહે નહિ ભવ્ય જનને રવી ન ધુકનું દુઃખ હરે? ૫
કફ કરે ગોળજ એકલો તેમ કરે પીત્ત સુંઠ એકલી,
પણ ગોળને સુંઠ મિશ્ર થાતાં થાય ગુણ, અવગુણ ટળી;
પીત્તાદિ દોષ ન થાય ભેષજમાં કરે ગુણ પુષ્ટિનો;
એમ વસ્તુ નિત્યાનિત્ય કથંચિત્ માનતાં ગુણતુષ્ટીનો ૬
એ નિત્ય અનિત્ય પદાર્થ લક્ષણ વસ્તુ એકજમાં ઘટે,
એમાં વિરોધ ન કાંઇ અયુક્ત ન સત્ પ્રમાણથી ભવિ રટે;
વર્ણો મિશ્ર વર્ણિ વસ્તુઓમાં વિવિધ વર્ણ યોગને,
જે પ્રગટ જોઈ શકાય મોરપિંછાં પ્રમુખ સંયોગ તે?૭
ઘટ પટાદિકના ભિન્નભિન્ન આકાર મિશ્ર વિજ્ઞાનનું,
એકજ સ્વરૂપને ઇચ્છતો તે પ્રાજ્ઞ બૌધ અજ્ઞાનનું;
સ્યાદ્વાદને ન શકે ઉત્થાપી માનતા પોતે છતાં?
પણ આપને નવ સેવતાં તે પ્રાજ્ઞ (અજ્ઞ)મૂર્ખ ઠરે યથા,૮

વળી અનેક આકારમય એક ચિત્ર રૂપને માનતો.
કરી સિદ્ધ એક પ્રમાણ વદતાં નૈયાયિક નવ જાણતો;
એ નેયાયિકને વૈશેશિક પણ અનેકાન્ત ન કળી શકે ?
નવ ઉત્થાપી તે શકે યુક્ત ન રવિથી ખજવો નવ ટકે ? ૯
વળી સત્વ ગુણને રજો તેમ ગુણ તમો પ્રમુખ વિરૂદ્ધતા,
એ ગુણ વડે છે મિશ્ર પ્રકૃતિ ઇચ્છતો છે વિદ્વતા;
એવા મતે કરી સાંખ્ય પણ શ્યાદ્‌વાદ્‌ને ન ઉત્થાપતા.
તો અન્યનું કહેવુંજ શું પ્રગટ પ્રચ્છન સૌ માનતા ? ૧૦
વીતરાગ જીવ પરલોકને મોક્ષાદિમાં મતિ મુઢ જે,
ચાર્વાકનો વિમતિ સમંતિની જરૂર નથી દગ્ધ જે;
આ બાળથી ગોપાળ તક જીવાદિ પ્રસિદ્ધ પદાર્થ છે,
જાણે ન માને દુરાત્માથી વાદ કરવો વ્યર્થ છે. ૧૧
તેથી પ્રભુ તત્વજ્ઞ પુરૂષો વસ્તુ તત્વ પ્રકાશતા,
ઉત્પાદ વ્યયને ધ્રોવ્ય યુત ગોરસાદિક પરે સ્થાપતા,
દૂધપણે વિણશી દહીંપણે પ્રણમે છતાં ગોરસપણે;
કાયમ રહે તેમ સકળ ચિજ ઉત્પાદઆદિ યુત બને. ૧૨

એક છત્રતા સૂચક નવમો પ્રકાશ.

હું દેવના પણ દેવ ત્યાં થોડા સમયના વ્યય વડે

ભક્તો તમારા મેળવે ફળ ભવ્ર સમુદ્ર ન આથડે:
કળિકાળ પણ તે ઇષ્ટ અમને કૃત યુગાદિકથી મર્યું,
વીતરાગ તુજ શાસન મળ્યું જે રત્નત્રયી રૂપગુણ ભર્યું.૧
ને સુષમ કાળથી દુષમ કળિકાળે કૃપા પ્રભુ અતિ ફળે,
હે નાથ ! મહિમા અકળ ત્હારો ભક્તને ભાવે મળે;
જેમ મેરૂ કરતાં ૧મરૂ ભૂમિમાં કલ્પવૃક્ષની શ્રેષ્ટતા,
વાધે પ્રશંશા પાત્ર થાય ૨અભર ભરંતા અધિકતા.૨
પ્રભુ પરમ શ્રદ્ધાવાન શ્રોતા બુદ્ધિનિધિ વક્તા મળે,
વીતરાગ તુજ શાસન તણું સામ્રાજ્ય કળિકાળે ફળે;
પરમાર્હત કુમર ભૂપાળ શ્રોતા હેમસૂરિ વક્તા યથા,
સોનું અને સુગન્ધ સમ કળિકાળ પણ શોભે તથા. ૩
હે નાથ ! કૃતયુગ આદિમાં પણ દુર્જનો વસતા યથા,
તો વિષમ આ કળિકાળ ઉપર દ્વેષ શો કરવો વૃથા ?
જો દુર્જનો નવ હોય તો સજ્જન પરીક્ષા નવ ઘટે,
જ્યાં નગર ત્યાં નાગર વસે ને વસે અંત્યજ કેમ હટે ?૪
કલ્યાણ પ્રાપ્તિ સુવર્ણસિદ્ધિ કસોટી પરખે ધરી:
કળિકાળ રૂપ કષોટીપર કિમ્મત થતી ખોટી ખરી;
જેમ અગ્નિ વિણ અગરૂ સુગન્ધ યથાર્થ પરખાતો નથી,

---

૧ મારવાડમાં ૨ રંક.

તેમ સત્ય ધર્માધર્મ આપ્ત વિના ન પરખે બહુ હડી. ૫
જેમ દીપ રાતે [1]દ્વિપ સિંધુ વૃક્ષ મરુના ભાળમાં,
શીતકાળમાં અગ્નિ યથા પ્રભુ ચરણરજ કળિકાળમાં;
હે નાથ! પરમનિધાન સમ પ્રભુ પ્રગટ મુખ પાસે છતાં,
જગજન ઉલંઘી જાય એ અન્યાય ક્યાં કહીએ કથા? ૬
હે નાથ! તુજ દર્શન વિના કૃતયુગાદિકમાં ભવ ભમ્યો,
જેમાં પ્રભુ દર્શન મળ્યું કળિકાળ તે મુજને ગમ્યો,
નવ [2]લખ્યો નરક નિગોદને તિર્યંચના ભવમાં ત્હને,
નરભવ મળ્યો શાસન મળ્યું પ્રભુ તાર ભવસાગર મને.૭
જેમ વિષહારી મણિ પ્રભાવે વિષ યુત[3] અહી શોભતો,
તેમ દોષ રહિત પ્રભુ થકી કળિકાળ દૂષિત શોભતો;
છે અખૂટ તુજ ભંડાર કેવળજ્ઞાનમય લક્ષ્મી ભર્યો,
જરી દાસને દેતાં કૃપણતા કાં કરો ભવ નિસ્તરો? ૮

દસમો પ્રકાશ,

હે નાથ! તુજ અનુગ્રહ થકી મમ મન પ્રસન્ન રહે સદા
તે મન પ્રસન્ન થતાંજ મ્હારૂં થાઓ પ્રસન્ન તમે મુદા,

૧ બેટ. ૨ જાણ્યો. ૩ સર્પ.

અન્યોન્ય આશ્રય ફેડીને મુજપર પ્રભુ અનુગ્રહ થતાં,
મુજ મનપ્રસન્ન થતાંપ્રથમ તુજકૃપા એ મુજ પ્રસન્નતા.૧
વીતરાગ ત્હારી શરીર શોભા યથા જોવા જાણવા,
નથી યથા શક્ર સમર્થ તો પછી અન્ય ક્યાંથી આણવા?
વળી સહસ્ર જીભવાળો અનંતા ગુણતુજ નવ ગાઈ શકે ?
પ્રભુગુણ બૃહસ્પતિ નવ ગણે તો અન્ય શી રીતે ટકે ? ૨
અનુત્તર નિવાશી દેવના સંશય હરો પ્રભુ સર્વથા,
આથી અધિક પરમાર્થથી ગુણ સ્તવન કરીએ શું યથા?
યોજન અસંખ્યા દૂર વસતા દેવના અહીં રહી તમે,
શંશય હરો એ વાત અદ્ભુત [2]પાદકજ નમીએ અમે.૩
આનંદ સુખ અનતમાં સંલીનતા સંયુક્ત છો,
વળી સર્વ સંગથી વિરતી એ અદ્ભુત ગુણથી યુક્ત છો;
એ વિરૂદ્ધ દેખાતા ગુણો સમકાળ દીસે આપમાં,
એ વાત લોકોત્તર ચરિત્ર અજાણ ન લહે છાપમાં.૪
પ્રભુ રાગદ્વેશ રહિત સો જીવ ઉપર શુભ માધ્યસ્થતા,
વળી મોક્ષમાર્ગ બતાવવાને ધરી અતિ ઉપકારિતા;
એ પ્રગટ પરમ જણાય પ્રભુમાં અન્ય સ્થાને નવ મળે,
આ વાત દુર્ઘટ નવ ઘટે વિદ્વાનથી શંશય ટળે. ૫

---

૧ દુર કરીને. ૨ ચરણકમળ.

હે પ્રભુ ! પ્રગટ વિરૂદ્ધ દેખીતા ઉભય ગુણ આપમાં,
નિર્ગ્રંથતા ને ધર્મચક્રિપણું પૂર્ણ પ્રતાપમાં,
તે આપ વિણ હરિ હરાદિક કોઇ અન્ય તીર્થી નવ લહે?
જ્યાં દિવસ ત્યાં રવી ઉદય રાત્રી અંધકારપણું રહે ૬
નિત્ય દુ:ખી નારક જીવ પણ તુજ પંચકલ્યાણક સમે,
ઉદ્યોત ને ઉપશાન્ત વેદન મૂહુર્ત્ત તે સુખમાં રમે;
તેવા પવિત્ર ચરિત્રને અહા ! બૃહસ્પતિ નવ કહી શકે ?
તો અન્યનો શો આશરો મહિમા અવર્ણ્ય ન કોઇ લખે? ૭
વીતરાગ સમતા રૂપ અદ્‌ભૂત કૃપા અદ્‌ભૂત છે અતી,
સૌજીવ કરૂં શાસનરસી કરૂણાનિધિ તુજ મહામતી,
એ સર્વ અદ્‌ભૂતના નિધિ પ્રભુ પરમ પરમાત્મા પ્રત્યે;
હો નમસ્કાર સદા અમારો સૂર્ય ઉગમતે જતે. ૮

અગિયારમો પ્રકાશ.

હેનાથ ! પરિષહ ફોજ જીતી છતાં અતિ કોમળપણું,
ઉપસર્ગ ટાળી દયા પાળી કામ એ શૂરવીર તણું;
પરિષહ અને ઉપસર્ગ વારી પ્રાપ્ત શમ અમૃત કર્યું.
અદ્‌ભૂત ચતુરાઇ મહાજનોની લેશ આપો સઘર્યું. ૧
વીતરાગ રાગ રહિત છતાં મુક્તિવધુ ત્હેં ભોગવી,

વળી દ્વેષ રહિત છતાંજ અરી અંતર નિવાર્યા જગરવી:
અહો! મહાપુરૂષનો અકળ મહિમા સુરગુરૂ પણ નવકળે:
તો અન્યનો શો આશરો દુર્લભ્ય તુજ સમ ને મળે ? ૨
ગઈ સર્વથાપર પરાભવની લેશ ઇચ્છા નવ રહી,
વળી પાપથી બ્હીતા છતાં ત્રણ જગતને જીત્યા સહી,
મોહોટા પુરૂષની ચતુરાઈ એ ઘટે પ્રભુતા આપમાં:
સૌ રાગદ્વેષથી યુક્ત દેવો હડે આપ પ્રતાપમાં. ૩
હે દેવ! ત્હેં નવ દીધું કોઇને કોઇનું લીધું નહી ?
તે છતાં પ્રભુતા પ્રાપ્ત થઈ એ કળા પંડિતની સહી,
મહાગોપ છો સંસાર ગોકુળ થકી ભવિ ગૌ પાળવા:
શ્રી**જૈનશાસનવાડમાં** ધરી કરો યત્ન સંભાળવા. ૪
નિજ દેહના દાને કરી ઔચિત્યાદિકે નવ મેળવ્યું:
તે સુકૃત ઉપાર્જન કર્યું ત્હે માધ્યસ્થાયે કેળવ્યું;
ઉપકારિતાદિક લક્ષણે સુકૃત ફળ્યું રહેજે મળ્યું:
તુજ અખૂટ નિધિ ખૂટે ન દેતાં દયો જરી તો મળ્યું ભલું ૫
રાગાદિ શત્રુઓથી નિર્દય કૃપા સૌ જીવ ઉપરે,
એ **ભીમકાન્ત** ગુણો વડે પ્રભુ ધર્મ ચક્રિપણું ધરે:
સામ્રાજ્ય ત્હેં ત્રૈલોક્યનું પ્રભુ મેળવ્યું અતિ શાશ્વતું;

ચતુરાઈ શી તુજ વર્ણવું નિત્ય સુખ અનંતુ નવજતુ ? ૬
લૌકિક બીજા દેવમાં સૌ પ્રકારે દોષો રહ્યા;
ત્યારે પ્રભુ આપે સદા શુભ પ્રકારે સૌ ગુણુ ગ્રહ્યા,
એ સ્તુતિ હોય અસત્ય તો[1] સભ્યો પ્રમાણુ બતાવશો;
જો સત્ય હોય તો સંત શ્રી વીતરાગને ઉર સ્થાપશો. ૭
આશ્ચર્ય અહો ! ઇતી સ્તવન આ વીતરાગનું કરતાં પ્રભો,
મોહોટા અને ઈંદ્રાદિકે પુજ્ય સ્તુતિમાં આવ્યા વિભો ?
મુજ મનરૂપી મંદિરમાં વીતરાગ સ્થાપ્યા આપને,
કદી અવર આણુ ન શિરધરૂં દૂર કર્યા સંચિત પાપને. ૮

બારમો પ્રકાશ.

પ્રભુ પૂર્વભવ વૈરાગ્ય પ્રાપ્તિ કરી ફળ અભ્યાસનાં,
તેથીજ તીર્થપતિ ભવે આધ્યંત તે રહી વાસના;
પ્રભુ છતાં તું વીતરાગ પણુ ભવદુ:ખી જોઇને દુ:ખ ધરે:
તસ દુ:ખ નિવારણુ કાજ તું પ્રતિબોધ વૈરાગ્યે કરે. ૧
પ્રભુ આપને સુખ હેતુમાં વૈરાગ્ય નિર્મળ વર્તતો,
તેવો ન ઇષ્ટ વિયોગ દુ:ખહેતુ વિષે નવ દીસતો;

૧ મધ્યસ્થ માણુસો

એ છે બરાબર દુઃખ ગર્ભિત હેતુ ન ટકે સર્વથા,
સુખહેતુ ભૂત વૈરાગ્ય સુ ટકે અનિત્ય સૌ સમજી યથા. ૨
વિવેક રૂપ ૧શરાણુ પર વૈરાગ્યરૂપ સજીશસ્ત્ર રહે;
તિક્ષણુ કર્યું તેવું રકી રહ્યું મોક્ષ મહાનંદ અસ્ત્ર તે;
પ્રભુ પરમ બુદ્ધિનિધાન ૨કીટ સમાન હું શું વર્ણવું ?
ગુણવાનના ગુણ કિર્તને ગુણ વાનગી જરી અનુભવું. ૩
હે નાથ ! જ્યારે ઈંદ્ર આદિની સાથે શુભ ભોગવો,
તે સમય પણ સમભાવ રૂપ વૈરાગ્ય સાચો અનુભવો,
જે ઉદય આવ્યું કર્મ તે વણભોગવે છુટકો નથી,
જાણી રહો સમભાવ તેથી ભોગ પણ નિર્જર કથી.૪
પ્રભુ છો વિરક્ત સદા વિષયથી તદપિ દીક્ષા અવસરે,
વૈરાગ્ય ઉપજે થાય છે પ્રભુ ભુક્ત ભોગીપણું ધરે;
તે સમય જાણો હવે આ અતિ વિષમ વિષય થકી સર્યું
એવી પરમ શુભ ભાવનાથી મન વૈરાગ્યે રહે ભર્યું. ૫
સુખમાં અને દુઃખમાં વળી ભવ મોક્ષમાં સમભાવ છે,
તેથી તમારો સકળ સ્થળ વૈરાગ્ય એજ સ્વભાવ છે,
પ્રભુ કોઈ પ્રસંગે કે સ્થળેજ વિરક્તતા વણ નવ મળે?
સર્વત્ર છો વૈરાગ્યવાન્ તે સમ ધાતુમાં ભળે. ૬

---

૧ હથિયારને ધાર ચઢાવવાનો પથ્થર ૨ કીડો.

દુઃખ મોહ ગર્ભિત અન્યમતિ વૈરાગ્યને આધિન છે,
ત્યારે પ્રભુ શુભ જ્ઞાન ગર્ભિત અતિ વૈરાગ્યે લીન્ન છે;
જે વૃક્ષમૂળમાં દાહ હોય તે બાહ્ય દગ્ધ દેખાય છે,
સાક્ષાત્ પ્રભુ પલ્લવિત તરૂસમ બાહ્ય અંતર ન્યાયછે. ૭
વીતરાગ સમભાવી છતાં પણ જગત્ ઉપકારી થયા,
પાલન કરો છો તેહનું સાવધાન વૈરાગ્યે રહ્યા;
સાક્ષાત્ છો પરબ્રહ્મ સ્વરુપી નમસ્કાર કરૂં સદા,
પ્રભુ ચરણ કમળે ભ્રમર થઇ ઝાંકાર શબ્દ કરૂં મુદા. ૮

હેતુ નિરાસનામા તેરમો પ્રકાશ.

પ્રભુ મુક્તિપુરીમાં ગયા પણ માગ્યા વગર જગજીવને,
ઘો સહાય ત્રાતા સ્વાર્થ[1] વિણ હિતકારી છો જીવ શીવને;
વળી પ્રાર્થના કીધા વગર ઉપકાર પર ઉપર કરો,
જગબંધુ નિષ્કારણ પ્રભુનો ખરો સૌને આશરો. ૧
પ્રભુ છો મમત્વ રહિત તથાપિ[2] સ્નિગ્ધ મનવાળા તમે,
કમાર્જન કર્યા વગર ધવળ[3] વાણીવાન શું સ્તવીએ અમે;
પ્રભુ વગર નાહ્યે નિર્મળા આચાર નિર્મળ છે યથા,
તેથીજ હું મહારાજ તારૂં શરણ સ્વીકારૂં તથા. ૨

---

૧ લૌકિકશીવને ૨ ઉદારમનવાળા ૩ મુખમંજન.

નિકષાય વીરવૃત્તિ ધરી મન ઇંદ્રિયોને વશ કરી,
વળી શાન્તવૃત્તિ આદરી પ્રભુ કર્મકંટક પરહરી,
તે વક્રકાંટા ખૂબ કુટી ચૂરો કીધા પ્રભુ તમે,
એ કર્મકંટક ખૂચે ક્યાં પોકાર કરીએ પ્રભુ અમે? ૩
નહીં રૂદ્ર પણ મહાદેવ છો ને વિષ્ણુ રોગ રહિતછો,
વળી રજોગુણથી રહિત બ્રહ્મા રાગદ્વેશ વિમુક્ત છો;
અથવા પ્રભુ કોઈ જ્ઞાનસ્વરૂપી ૧અનિર્વાચ્ય સમર્થ છો,
એવા પ્રભુ પરમાત્મને હો નમસ્કાર સઅર્થ છો. ૪
પ્રભુ વગર જળ સિંચ્યા ફળોથી ફલીત ગૌરવવાન છો,
ફળ અચિંતીત દેવા સમર્થ સુકલ્પવૃક્ષ સમાન છો,
તેથી પ્રભુ આ લોકને પરલોકમાં ફળ આપવા,
છો આપ સર્વ સમર્થ સ્વામી ભવ્ય ભવદુઃખ કાપવા ૫
પ્રભુ છતાં તું નિર્મોહ પણ સ્વામી બન્યા જગજન તણા?
મમતા રહિત છતાં દયાળુ દેવ છો નથી કાંઇ મણા,
વળી છતાં માધ્યસ્થાદિ ગુણ પણ જગત્પાલકછો પ્રભો
એવા તમે છો હું તમારો ૨અનઘ કિંકર હે વિભો. ૬
પ્રભુ પ્રકટ રત્નનિધાન છો પણ વાડ કર્મરૂપી નથી,
વળી કલ્પવૃક્ષ અચિંત્ય ચિંતામણિ સમાનજ નિગ્રંથી,

---

૧ વાણીથી અગોચર. ૨ પાપ રહિત.

એવા તમોને મ્હેંજ મ્હારો આતમા અર્પણ કર્યો,
તુજ ચરણ રજ મસ્તક ધરી નરભવ કર્યો સફળો ખરો.૭
વીતરાગ જ્ઞાનાદિકના ફળ રૂપ સિદ્ધપણા તણું,
જે યથાવસ્થિત સ્મરણ હું પામ્યો ન શું કહીએ ઘણું ?
પ્રભુ સિદ્ધ થવાથી તમે ફળ રૂપ દેહ સાથે ત્યાં વસ્યા;
કર્ત્તવ્યમાં વ્યામુઢ મમપર કૃપા કરી દ્યો સિદ્ધ દશા. ૮

યોગશુદ્ધિનામા ચૌદમો પ્રકાશ.

પ્રભુ મન,વચન કાયા તણો વ્યાપાર દુઃખકારી તજ્યો,
વળી સ્વભાવે મનરૂપ શલ્યને નકામું ગણી નવ ભજ્યો;
હે નાથ! અતિ દુરવાર રાગાદિક શત્રુ ત્હેં હણ્યા,
અરિહંત પદ કર્યું પ્રાપ્ત મહા યોગિંદ્ર નમીએ ગુણ
ઘણા. ૧
હેનાથ ! આપે ઇંદ્રિયોને પરાણે વશ નવ કરી,
તેમજ તમે લોલુપતાથી પ્રવર્ત્તાવી નહીં જરી.
એમ સીધી રીતે બુદ્ધિથી જય કર્યો ઇંદ્રિયનો ભલો
તેથી થયા યોગિશ્વરા ભવપંથમાં ૧સાર્થપ મળ્યો. ૨
યમ નિયમ આદિ અંગ યોગ પ્રપંચ વિસ્તારે કહ્યો,

૧ સાર્થવાહ—સાથી.

જો એમ નહીંતો બાળપણથી જીવિત તક ક્યાંથી રહ્યો !
એ યોગ ત્હમને સહજ ભાવે પ્રાપ્ત શી રીતે થયો ?
જે આસનાદિક બાહ્ય પણ વૈરાગ્ય અંતરમાં રહ્યો. ૪
પરિચિત કાળ અનંતના વિષયો વિષે વૈરાગ્ય છે,
જન્માવધિ અદૃષ્ટ યોગે એકતાજ અથાગ છે,
ઉપરોક્ત એહ ચરિત્ર ત્હારૂં અલૌકિક છે અતિ ઘણું.
એ અન્યને નવ થાય પ્રાપ્ત એ કામ આપ્ત પુરૂષ તણું,
હે નાથ ! નિજઅપકારી કમઠ ને ગોશાલાદિક ઉપર,
અનુગ્રહ કર્યો ત્હેં અન્યમતિ ઉપકારિનો નવ આચરે,
તેથી અલૌકિક આપનું અદ્‌ભુત ચારિત્ર અથાગ છે,
પિતુ માત ત્રાતા જગત્ વત્સળકૃપાળુ મહા ભાગ્યછે.૫
હે પ્રભુ ! હિંસક ચંડકૌશિકાદિને ત્હેં ઉદ્ધર્યા,
સ્વાશ્રિત સુનક્ષત્રને સર્વાનુભૂતિ કીધા પરા,
રક્ષા કરી ન કરી ઉપેક્ષા અચબાભૂત કેમ કર્યું ?
એમ પુછતાં તાકાત કોની યુક્ત કામ કર્યું ખરૂં. ૬
વીતરાગ આપે સ્થીર કર્યો આત્મા સમાધિ ધ્યાનમાં,
હું સુખી છું કે દુઃખી તેનું ભાન નહિ એકતાનમાં;
એવી દશા આત્મા તણી કરી થયા પરમાત્મા તમે;
એ યોગની અદ્‌ભુત ક્રિયા પ્રભુ વંદના કરીએ અમે.૭

શુભ ધ્યેય ધ્યાતા ધ્યાન ત્રણે આપમાં કરી એકતા,
પામ્યા છતાં એ યોગ મહાત્મ્યને અન્ય નવ માને યથા;
જેનું હૃદય પરબ્રહ્મના અતિ સૂક્ષ્મ માર્ગે નવ રમ્યું;
ત્હેને રૂચે કેમ નાથ ત્હારૂં યોગ મહાત્મ્ય ન ઉપશમ્યું?

પંદરમો પ્રકાશ.

હે નાથ ! જગ જયકારી ત્હારા અન્ય ગુણ આઘા રહ્યા,
ઉદાત્તને અતિ શાન્ત મુદ્રાવડે ત્રિભુવન વશ થયા;
અમિરસ ભરી મૂર્તિ તમારી ઉપમા શી આપીએ ?
જે શાન્ત સુધા ઝીલતી અમ હૃદય કમળે સ્થાપીએ. ૧
જે મૂર્ખ મનુષ્યે ઇંદ્રથી પણ અધિક પરમાત્મા તણો
મોહે અનાદર કીધ તેણે મેરૂને [1]તૃણ સમ ગણ્યો,
વળી મુઢમતિ મહા સિંધુને ખાબોચિયા સમ લેખવે ?
તે હાથ ઘસતા રહે અંતે સત્ય પંથ ન અનુભવે ૨
જે મૂર્ખ લોકે સ્વામી શાસન સ્વીકાર્યું નથી પ્રેમથી !
તે ભાગ્ય હીનના હાથથી ચિંતામણિ ગયું નેમથી !
વળી મળ્યું અમૃત ઢોળી નાંખ્યું પ્રમાદે તે માનવે,

---

૧ તરણલાં.

હા! હા! ગતિ શી થશે ત્હેની બિચારા જેમ તેમ[1] લવે ?—૩
નિષ્કારણે છો વિશ્વ વત્સળ છતાં પણ તુજ ઉપરે!
ઇર્ષા થકી જે રક્ત દ્રષ્ટિ અગ્નિ બળતા સમ કરે ?
સાક્ષાત અગ્નિ પ્રગટ થઈ તે બળો ભષ્મ થઇ નરા!
એમ બોલવાથી સર્યું કહે સ્તુતિકાર [2]પાપભીરૂ ખરા ૪
તુજ શ્રેષ્ટ શાસનની બરોબર અન્યમતિ નિજ લેખવે!
અજ્ઞાન તે હતભાગી અમૃત ઝેર જેવું અનુભવે,
એવા અનાડી સ્વદર્શન જે છતો કડકો કાચનો,
ચિંતામણિ સમ કહી વગોવે છે સમય ક્યાં સાચનો! ૫
હે પ્રભુ જે મુઢ જનો ઇર્ષા આપની ભાવે કરે!
તે વાણીને વળી કાન રહિતપણું ધરો એ કહયું ખરે,
હોય વાણી કર્ણ રહિતતો પરનિંદા પાપ ન આચરે,
તેથી તથાવિધ દુર્ગતિ નવ લહે મૌનપણું ધરે ૬
હે નાથ! જેણે આપની આજ્ઞા રૂપી અમૃતરસે,
સિંચ્યો સદા નિજ આતમા તે પુણ્યવંત જનો વિષે
તેનેજ હું બે હાથ જોડી નમસ્કાર સદા કરૂં,
સેવા કરૂં એ મહાજનોની પાપ તાપ બધા હરૂં ૭

---

૧ બકે ૨ પાપથી બિહતા.

હે પ્રભુ જે ભૂમિમાં તમારા ચરણના ૧નખરશ્મિઓ !
ચિરકાળ આચરણા કરે ચૂડામણિની ઊર્મિઓ,
તે ભૂમિને હો નમસ્કાર સદા અમારો હે પ્રભુ !
એથી વધારે ભક્તિ વચન અગોચરે શું કહું વિભુ ! ૮
હે નાથ ! ત્હારા ગુણ સમુહમા થયો લમ્પટ ફરી ફરી,
તેથી થયો મુજ જન્મ સફળો ધન્ય કૃતપુણ્ય છું વળી,
હે તાત ! મળી એકાન્ત વાત સુજાત સુણીએ દાસની,
તો હૃદય થઈ રળિયાત ભ્રાન્તિ ટળે ભવના ત્રાસની ૯

સોળમો પ્રકાશ—આત્મગર્હા રૂપ

હે નાથ ! એક તરફ સદાગમ રૂપ અમૃત પાનથી !
ઉત્પન્ન થયેલી પ્રશમ રસની ઊર્મિઓના દાનથી,
એ પરમ આનંદ સંપદા મુજને પમાડે છે અતી,
તે વર્ણવ્યો નવ જાય શું વીતરાગ કહું મુખથી કથી ! ૧
ત્યારે પ્રભુ બીજી તરફ આ અનાદિ ભવભ્રમણની,
જે વાસનાથી થયા સંચિત રાગરૂપ વિષ રમણની,
બેભાન મૂર્છીત જ્ઞાન શુન્ય મ્હને કરી નાંખે અતી,

---

૧ નખ રૂપી કિરણો

તેથી ૧હતાશ પિપાશ હું શું કરૂં હે ! મ્હોટા યતી ! ૨
વીતરાગ રાગ ૨ભુજંગના વિષ વ્યાપ્ત થઇ મ્હેં જે કર્યા ?
તે કર્મ મર્મ કઠોર હું નવ કહી શકું જગદિશ્વરા !
જે કદી ન કરવા યોગ્ય મારી ગુપ્ત કૃતિઓથી કહું ?
ધિઃકાર મુજને પડો સ્વામી સર્વ જાણો નવ લહું ૩
હે નાથ ! હું સંસાર સુખ આશક્ત વિરક્ત કદા કદા,
કદી ક્રોધ યુક્ત કદાચ ઉપશમવાન્ હું સ્વામી યદા.
અહા ! રાગ દ્વેષને મોહ આ દિકે મ્હને આવાગમનમાં.
કૌતક થકી ૩મર્કટ તણી જેમ નચાવ્યો ભવ ભવનમાં ૪
હે નાથ ! ત્હારો ધર્મ પામ્યો છતાં મન વચ કાયના !
વ્યાપારથી કીધ દુરાચારો અશુભ કૃત્ય કષાયના,
તે પાપરૂપ અગ્નિ મૂકયો મ્હેં મસ્તકે હું શું કહું ?
મન વચન કાયાના અસદ્ ઉપયોગથી મ્હેં દુઃખ લહયું. ૫
ત્રૈલોક્ય રક્ષક છતાં ત્રાતા, મોહ આદિક ચોરટા !
મમ જ્ઞાન દર્શન ચરણુ રૂપ રત્નો હરી લે સામટાં.
તેથી હતાશ થઇ હણાયો નાથ શરણે આવીયો
હે દીનાનાથ દયાળ તારો ભકત છું હું ભાવીયો. ૬
વીતરાગ બહુ તીર્થો ભમ્યો હું આપ તારક જાણીયા.

---

૧ હણાએલી આશા. ૨ સર્પ. ૩ માંકડાં.

બીજા અનેરા દેવ રાગાદિક દોષ પિછાણીયા,
તેથીજ ત્હારા ચરણુ વળગ્યો નાથ અળગો નવકરો,
તારો ઉતારો પાર એકજ નાથ ત્હારો આશરો. ૭
હે પ્રભુ આપકૃપાથકી જરી યોગ્યતા પામ્યો ખરી,
તો ઉદાશન બની નાથ મ્હારી ઉપેક્ષા ત્હે કેમ કરી?
મહારાજ જગ શીરતાજ મ્હારી લાજ રાખો સર્વથા,
મ્હોટા ન મ્હેર કરે યથાતો ભક્ત વત્સળ શી કથા! ૮
હે તાત! આપજ એક ત્રાતા કાર્ય કુશળ હૃદય રમો,
નથી કૃપાળુ તમ વગર બીજો કૃપા પાત્ર ન મુજ સમો,
તેથી પ્રભુ કરવું ઘટે તે કરો ઢીલ વગર મુદા,
સન્મુખ ભાળી પ્રસન્ન વદને અભય આપો સર્વદા. ૯

શરણુ પ્રતિપત્તિ રૂપ સતરમો પ્રકાશ.

હે પ્રભુ! મ્હારા પાપની નિંધ્યા સુકૃત અનુમોદના.
કરતો થકો હું અન્ય શરણુ રહિત શરણુ કરૂં મુદા.
પ્રભુ શરણુ આવ્યા શત્રુની પણુ મિત્ર સમ રક્ષા કરો.
એ ધર્મ ક્ષત્રીનો છતાં નિજ ભક્તને કેમ પરહરો! ૧
કૃતકારિત ને અનુમોદનાથી મન વચન કાયા થકી.
મુજથી થયેલું પાપ મિથ્યા થાઓ એ માગું નકી,

જેથી પ્રભુજી પુનર્ભાવે થાય પાપન ફરી ફરી.
અંતઃકરણથી માફ માગું કરેલાં અઘની ડરી. ૨
હે પ્રભુ! ત્હારા માર્ગને અનુસરી રત્ન ત્રઇ તણું.
મ્હેં કર્યું આરાધનથી સુકૃત હું અનુમોદું ઘણું.
ભૂલો પડયો ભવ પંથમાં ગ્રહીહાથ પંથ બતાવીએ.
હે નાથ! ઓથ અનાથની છો સાથ રાખો નભાવીએ. ૩
સૌ અરિહંતાદિકના અર્હંતપણાદિક ગુણજે.
તે સર્વ મહાનુભાવના ગુણ અનુમોદું ર ત્રણજે.
ઉપકારિના ઉપકારનું હું કરજ નવ વાળી શકું?
કરી સ્તુતિ ભક્તિ સ્હેજ કરજ અદા કરૂં સન્મુખ ટકું. ૪
મ્હેં આપનું ને આપના અનુષ્ઠાન ફળ રૂપ સિદ્ધનું,
વર્ણો તેમ શાસન રસીક મુનિનું અને ૩પ્રવચન રૂદ્ધિનું,
એ સર્વનું મ્હેં હૃદય શુદ્ધથી શરણ શુભ આદર્યું,
જીવ જાય તો શું થાય પણ અન્ય મતિ નવ મન ધરૂં. ૫
હું સર્વ જીવોને ખમાવું ક્ષમા સૌ મુજ પર કરો,
છું અનન્ય શરણાંગત પ્રભુ હું ભક્તનો અનુગ્રહ કરો,
મુજને સદા સૌ જીવ પર હિત બુદ્ધિ હો માગું મુદા,
તો મળ્યુ શાસન ફળ્યુ માનુ સફળ જન્મ સદા યદા. ૬

---

૧ ફરીથી થાય નહીં તે ૨ દેવું. ૩ આગમ-સિદ્ધાંત.

હું એકલો છું નથી કોઇ મમ કોઇનો હું નથી પ્રભુ
એવો છતાં તુજ ચરણ શરણે નથી દીનતા હે વિભુ!
એ એકત્વાદિ ભાવ ભાવું હરો ભવ ભય આપદા,
વહેલાજ મોડા તારશો તો ઢીલ શી કરવી યદા? ૭
સુપસાય પ્રભુનો છતાં પણ જ્યાં સુધી મુક્તિ નવ મળે,
ત્યાં લગી શરણાંગત ગણી વત્સળપણું ન તજો પળે,
ત્હેં અધમ હિંસક પ્રાણી ને મહાપાપીઓને ઉદ્ધર્યા,
તો એક મુજને તારતાં કેમ કૃપણતા રાખો જરા? ૮

અઢારમો પ્રકાશ.

વીતરાગ સર્વ હિતેચ્છુ છો એકાન્ત એવા આપને,
વિનવાય નહિ કદી મધુર વચને તદપિ બાલક બાપને,
જેમ નિર્વિકારે વચન કાંઇક કઠોર કહે પણ શિશુ ગણી,
તે મોદ પામે તેમ સ્વીકારો હૃદય શુદ્ધિ મુજ તણી. ૧
નથી હંસ ગરૂડાદિક પક્ષી પશુ અજ વૃષભાદિની,
વળી મૃગેન્દ્રાદિક વાહનાદિક ઉપર સ્વારી ન આદીની,
તેમ નેત્ર ગાત્રને મુખ સબંધી વિકારેથી આપની,
નથી આકૃતિ અગડેલ સ્વામી નિર્વિકારી આપની. ૨
વીતરાગ ત્રિશૂલ ધનુષ ચક્રાદિક શસ્ત્રો નવ ધરો,

તેમજ નથી આસક્ત કામિની અંગ કામગ પરિહરે,
વામાંગ ધરી આલિંગનાદિક અન્યદેવ નિર્લજ્જતા;
એવા અનાર્ય અકાર્યથી છો વિમુખ અવિકારી સદા ૩
નિંગ્રહ ક્ષેક વિરૂધાચરણથી લૌકિક દેવોની પરે,
હેં ત્રાસ મહાજનને ન દીધો સર્વપર સમતા ધરે,
તેમજ પ્રકોપ પ્રસાદથી હેં દેવ માનવને કદી,
નથી કરી વિટંબન સદા તેથી છો અલગ પ્રભુતા પદી.૪
પાલન અને સંહાર કરતા અન્ય દેવો સૃષ્ટિનો,
કરતા વિતર્ક તે વ્યર્થ આપ ન પ્રવર્ત્યા તે પુષ્ટિમાં,
નટ વિટ સમ નૃત્ય હાસ્ય ગીતાદિક વિલાસો વડે,
હેં કીર્તિને ન કરી મલિન તે અખંડિત જગમાં જડે ૫
વીતરાગ એ રીતે તમે લૌકિક દેવોથી સદા.
છો અતિ વિલક્ષણ સર્વથા મન પરીક્ષક મુંઝે યદા,
પ્રભુ દેવ તરિકે પરીક્ષક શા લક્ષણે માને હને ?
કેમ હૃદય સ્થાપે ઓળખી એ સમજ પડતી નથી મ્હને?૬
વળી પત્રને ને તૃણ કાષ્ટ આદિક જળ પ્રવાહે સંચરે,
તે યુક્તિમત છે પણ અધિક અદ્ભૂતા પ્રતિશ્રોતે તરે,
તે વસ્તુની કેમ થાય પ્રતિતી લોક કેમ માને યથા ?
સામા પૂરે તરતી ન ભાળી કોઈ ચીજ યથા તથા.૭

૧ સામા પૂર.

અથવા પ્રભુ એ અલ્પ મતિના પરીક્ષણુથી છે પરૂ,
તેમજ પરીક્ષા આપ પ્રત્યે મ્હારી બિક્ષુકથી સહુ,
મ્હોટા તણી સૌ વાત મ્હોટી જાણતા મ્હોટા જનો;
અલ્પજ્ઞ હું નવ આશરો અધિકાર નથી પ્રભુ મમ તણો.૮
સંસારી સૌ જીવના સ્વરૂપથી વિલક્ષણ બુદ્ધિમતા,
એ સ્વરૂપ ત્હારૂં વિબુધ જાણે તુજ સમો જ્ઞાની યથા;
વીતરાગ તું ક્યાં નિરાગીને ક્યાં સરાગી દેવતાં ?
ક્યાં સૂર્ય જ્યોત પ્રકાશ ને ક્યાં આગીયો માનું ભલા?૯
વીતરાગ આ જગ ક્રોધ ભયને લોભથી અતિ વ્યાપ્ત છે,
એથી વિલક્ષણ આપ છો અલ્પજ્ઞ અજ્ઞ અપ્રાપ્ત છો,
ત્હારૂં યથાર્થ સ્વરૂપ નાવે ૧ પ્રાણ અજ્ઞ વિષે યથા;
તુજ સમો હોય સમર્થ તે તુજ સ્વરૂપ જાણે છે તથા.૧૦

ઓગણીસમો પ્રકાશ.

વીતરાગ તારા દીલ વસું એ વાત અતિ દુર્લભ્ય છે,
પણ આપ મ્હારા દીલવથી સ્થીર થાઓ એજ સુલભ્ય છે,
અહા! હું અણુ સમ છતાં તુજ મન નથી મહાતો શી દશા?
અદ્ભૂત છે એ કથા મ્હોટા છતાં મુજ મનઅણુ વસ્યા. ૧
૨પરવંચનામાં કુશળ લૌકિક દેવથી પ્રતિકૂળતા,

---

૧ જાણવાંમાં ૨ ઠગવામાં.

જે કરે ત્હેનો કોપથી નિગ્રહ કરે મહા ક્રુરતા,
વળી નિજ અનુકુળ ભક્તને૨ વરદાનથી સંતોષતા;
એ૩ મુગ્ધને ઠગતા કુદેવો આપમાં ન પ્રપંચતા. ૨
જે રાગદ્વેષ રહિત૪ પ્રસન નપ્રસન શ્રી વીતરાગથી,
મોક્ષાદિ ફળ કેમ મળે એ નથી યુક્ત વચન સુ વાગ્યથી?
ચતન્ય રહિત ચિંતામણિ આદિક પણ ફળ આપતા,
વીતરાગ ચૈતન્ય યુક્ત વિધિવત્ સેવતાં ફળ દે યથા.૩
વીતરાગ ત્હારી સેવનાથી અધિક આજ્ઞા પાળવી,
એ છે પરમ કલ્યાણકારી ભવિકને સંભાળવી,
આજ્ઞા પ્રભુ આરાધતાં ફળ મોક્ષનું પામે યથા,
વિરાધતાં સંસારનું ફળ થાય એ સાચી કથા. ૪
પ્રભુ હેય-ઉપાદેય આજ્ઞા આપની છે સર્વથા,
પરમાદ વિષય કષાય આશ્રવ હેય તજવાં જે વૃથા,
વળી સત્ય શૌચ ક્ષમા અને માર્દવાદિક સંવર મુદા;
તે સેવવા આરાધવાને યોગ્ય જાણું સર્વદા. ૫
આશ્રવ તણું સેવન યથા ભવભ્રમણ હેતુ થાય છે,
સંવર તણું સેવન તથાવિધ મોક્ષ પ્રાપ્ત કરાય છે;
એ પ્રકારે ઉપદેશનો સૌ સાર સંગ્રહાય છે,
તે "આર્હતિમુષ્ટિ" જ અથવા "મુષ્ટિજ્ઞાન" કહાય છે. ૬

---

૧ દંડવું ૨ ઇચ્છિત આપવું ૩ ભોળાને ૪ રાગ-દ્વેષ રહિત છતાં પ્રસન્ન અપ્રસન્ન થતા નથી.

એ પ્રકારે આજ્ઞા આરાધન કરી અનંતા પ્રાણીયા,
પૂર્વે થયા સિદ્ધ વર્તમાને મોક્ષ પામે જાણીયા;
એ મહાવિદેહાદિક આશ્રી વચન સાંપ્રત જાણવું,
વળી ભાવી કાળે સિદ્ધ ઉત્તમ જીવ થાશે માનવું, ? ૭
વીતરાગ કરવા પ્રસન્નતા દીનતા તજી આજ્ઞા ભજે,
તે કર્મ રૂપ પંજર થકી જીવ મુક્ત થાય શ્રીશીવ સજે
તે જિનાજ્ઞાનું ત્રિકરણુયોગે કરે પાલન જે નરા,
પ્રભુભક્તિ સ્તુતિ સેવા અને આજ્ઞા થકી હોય નિર્જરા, ૮

વિશમો પ્રકાશ.

પ્રભુ પાદપીઠે લુંઠતા મુજ શિર પડી રજ ચરણની,
મમ પુણ્યના પરમાણુ કણુ રૂપ માનું તે શુભ વરણની.
ચિરકાળ તે મમ શિર સ્થિર રહો માગું મોક્ષ થતાં લગી
તે રજ નથી સાક્ષાત છે એ મુક્તિપુરિની વાનગી. ૧
પ્રભુ વદન જોઈ આશક્ત મ્હારાં નેત્ર બે પ્રમુદિત થતાં,
હર્ષાશ્રુના કલ્લોલ રૂપ અમૃત બિંદુ વરસતા,
પૂર્વે પરસ્ત્રી ને કુદેવાદિક અજ્ઞ પણે દીઠા.
તે પાપમળ હર્ષાશ્રુ જળથી ધોઇ નાંખો જે વિઠા. ૨
બાળક પરે પ્રભુ આપ પાસે લુંઠન કરવાથી મ્હને,

પૂર્વે પ્રણામ કર્યા કૃપણ આદિકને મ્હેં તનમને;
નહિ સેવવાને યોગ્ય નમતાં પડી મેંશ કપાળમાં,
તે ટળો લુંઠનથી બનો પ્રાયશ્ચિત ચિન્હ સુ ભાળમાં. ૩
રોમાંચ પ્રભુના દર્શને પામી પ્રમોદ ખડાં થયાં,
બહુ ભવ ભ્રમણથી પુષ્ટ થઇ કુવાસનાનાં મૂળ ગયાં,
રોમાંચ કંટક વાસના મિથ્યાત્વ ગસડી નાંખજો,
એ માગું નાથ સનાથ કરી તુમ ચરણકમળે સ્થાપજો.૪
પ્રભુ આપના મુખ ચંદ્રની કાન્તિ[૧]પિયુષના પાનથી,
મુજ નયનકમળ અચળ થજો હું તુષ્ટ થઉં એ દાનથી,
[૨]અહીકંચુકી પરે ભોગને ગણી રોગ ત્હેં દીધા તજી,
પ્રભુ તત્ત્વજ્ઞાન સુવીણા વાગી ગાજી રહી ત્રિભુવન હજી.૫
ભગવાન્ મારાં નેત્ર પાવન થાઓ તુજ દર્શન થકી,
બે હાથ ત્હારી સેવનામાં થાઓ તત્પર કહું નકી,
મમ[૩]ઉભય કર્ણો આપના ગુણ શ્રવણમાં તત્પર બનો,
એ યાચના કરૂં વારવાર નિસ્તાર કર[૪]અઘ ઓઘનો. ૬
સર્વત્ર સ્ખલના પામતી મમ વાણી પ્રભુગુણ ગાનમાં,
થઇ સ્પૃહાવાળી થાઓ તસ કલ્યાણ રહું તુજ ધ્યાનમાં.
પ્રભુ આપના સદ્ભુત ગુણથી પરાંડ મુખ જીભ જો યદી,
તે જીભનું પ્રયોજન નથી જે ગુણ પ્રશંશા નવ વદી.૭

૧અમૃત ૨ સર્પની કાંચળી, ૩ બે કાન ૪ પાપરૂપ ઢગલો.

હું પ્રેષ્ય છું આધિન પ્રભુ સેવા નિપુણ વળી દાસછું,
આજ્ઞા સુવચન ઉઠાવવામાં ચતુર કિંકરપ્યાસ છું,
તેથી સદા સેવક અમારો એમ શબ્દ સુ "ઓમ"થી
ઉચ્ચાર કરી સેવક સ્વીકારો વધું ન યાચું રોમથી. ૮
શ્રીહેમચંદ્રસુરીંદ આ વીતરાગ સ્તોત્ર રચી ભણે,
પરમાર્હત્ કુમરભૂપાળ પામે મોક્ષફળ જે નિત્ય ગણે,
એર અનઘ હેમસૂરીંદ જે સર્વજ્ઞ કળિકાળે ખરો,
જે ભણે નિસુણે સ્તોત્ર તસ કલ્યાણ સ્વર્ગે રહી કરો. ૯

અંત્યમંગલમ્.

હરિગીતછંદ.

અહા! કલ્પવૃક્ષસમાન શ્રીવીતરાગ સ્તોત્ર દે ફળ યથા,
શ્રી હેમચંદ્રસૂરિંદ પ્રણિત શ્રીકુમરભૂપ ભણે તથા,
અધ્યયન ભૂપ ત્રિકાળ કરતા ફળ મળ્યું અતિ ભક્તિનું,
ભવિ ભણે નિસુણે ધરે ધ્યાન નિશાન તાકે મુક્તિનું. ૧
આ સ્તોત્રનું શ્રી કપૂરવિજયે ગદ્ય ભાષાન્તર કર્યું,
શુભ છંદ સાંકળચંદ રચિ અનુવાદ પદ્યથી ઉચ્ચર્યું,
હું અજ્ઞ કિંકિર મુનિ કવિનો કીટ સુરતરુ પર ચઢયો,[1]
ભૂલચૂક માગું માફ મ્હેં ફળ સ્વાદ ચાખી ગુણઘડયો[2]

---

૧ તરસ્યો ૨ પાપરહિત

દોહરા.

સંવત વસુ મુનિ નિધિ શશિ, વિજય દશમી ગુણવાદ,
કવિની જન્મ તિથિ દીને, પૂર્ણ થયો અનુવાદ, ૧
વૃદ્ધિચંદ્ર ગુરૂરાયના, કર્પૂરવિજય સુ શિષ્ય,
ભાષાન્તર ગુર્જર રચ્યું, ચરણ નમું નિશ દીશ. ૨
મૂળ સ્તોત્ર અનુવાદને, ભણે ગણે ધરી ધ્યાન,
તે ભવિ નરનારી ભલાં, તાકે મોક્ષ નિશાન. ૩
સકળ શાસ્ત્ર શણગારઆ, સ્તોત્ર પરમ ઉજમાળ,
ભાવે ભવિ કંઠે કરે, વિલસે મંગળમાળ. ૪
ધ્યેય સ્તોત્ર ધ્યાતા ભવિક, ધ્યાનથી બાળ ગોપાળ,
આ ભવ પરભવ સુખ મળે, મટે મોહ જંજાળ. ૫
આધિ વ્યાધી ભય ટળે, રોગ શોગ સૌ જાય,
અષ્ટ સિદ્ધિ નવનિધિ મળે, મંગળમાળા થાય. ૬

વીતરાગ સ્તોત્ર અનુવાદ સમાપ્ત.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પ્રણિત શ્રી મહાદેવ સ્તોત્રનો અનુવાદ.

પ્રયોજક સાંકળચંદ પિતાંબરદાસ શાહ.

હરિગીત છંદ.

જેનું અતિશય શાન્તરસથી ભરેલું દર્શન યથા,
જગજીવને જે અભયદાતા મંગળિક માનું તથા;
દર્શન અમોઘ અપૂર્વ ઉત્તમ ભવ્ય ભયહર છે સદા,
તેથીજ તે શિવ શ્રેષ્ઠ છે હું હર્ષભેર નમું મુદા. ૧
સૌ દેવના પણ દેવ જે અતિ સર્વ સમૃદ્ધિવાન છે,
તેથી મહેશ્વર માનીએ ઠકુરાઇને ચિદ્જ્ઞાન છે,
એવા સમર્થ સ્વરાગ દ્વેષથી રહિત પરમાત્મા ખરા,
તે જિનેશ્વરને નમું જે સુખ દાયકા પાવનકરા. ૨
પરકાશ લોકાલોકને કરનાર જસ મહાજ્ઞાન છે.
મહા દયાને મહા દમન ને જગનાયને મહા ધ્યાન છે,
એ લક્ષણે મહાદેવ તે ત્રિભુવન વિષે કહેવાય છે,
બીજા અનેરા નામ માત્ર કુદેવ તેહ ગણાય છે. ૩

નિજ શરિરમાં રહેનાર વિષય કષાય આદિક ૧તસ્કરો
તે સર્વથા જીતી લીધા એ દેવ સેવા આદરો,
તે મહાદેવ ગણાય બીજા રાગદ્વેષી દેવમાં,
નવ તર્યા તે કેમ તારશે જે ૨ભગ્નનૌકા સમ બલા. –૪
દુર્જય મહા જે રાગદ્વેષ રૂપી મહા સુભટો તણો,
ભવરણ વિષે જેણે કર્યો જય સર્વથા જિન તે ભણો,
ત્હેનેજ હું મહાદેવ માનું નામ ધારી અન્ય છે,
અહા! મહાદયા જગજીવ શાસનરસિક કરવા ધન્ય છે. ૫
લૌકિક મતમાં શબ્દ માત્રજ મહાદેવ મનાય છે,
પણ જૈન શાસનમાં સદા ગુણ યુક્ત દેવ ગણાય છે,
એ શબ્દને વળી અર્થથી મહાદેવ જૈનો માનતા,
વિપરીત અન્યમતિ સદા કલ્પિત દેવ પિછાણતા. ૬
વળી શક્તિ માત્ર વિજ્ઞાન લક્ષણ લૌકિકે મહાદેવ છે,
પણ જૈન શાસન માંહ્ય વ્યક્ત વિજ્ઞાન લક્ષણ દેવ છે,
એ લક્ષણે મહાદેવ શ્રી વીતરાગ ૩તે સ્વયમેવ છે.
જેણે બધી મહામોહ જાળ ૪ઉચ્છેદી તે મહાદેવ છે.૭

૧ ચોરો ૨ ફાટીનાવ. ૩ પોતાની મેળે–સ્વભાવિક. ૪ ઉખેડી

મહામદ વિવર્જીત મહાલોભ વિમુક્ત દેવ સ્વરૂપ છે,
વળી મહાગુણ યુત એજ છે મહાદેવ ચિદ્દઘન રૂપ છે,
તે ગુણયુત મહાદેવને હું નમસ્કાર કરૂં મુદા,
જે તરણ તારણ દુઃખ નિવારણ અભય આપે છે સદા,૮
મહા રાગ દ્વેષને મોહ તેમજ કષાયો જેણે હણ્યા,
તે સત્ય જગ મહાદેવ યાચુ અવર કુદેવો ગણ્યા,
તે ડુબ્યા પોતે બુડાડે નિજ ભક્તને કલ્પિત અહા,
નવ ભજે વિબુધો કુદેવોને ભજે તે મુઢા મહા. ૯
મહા કામજ્વરનો નાશ કીધો મહા ભય દૂરે કર્યા,
ઉપદેશ મહાવ્રતનો કર્યો તે મહાદેવ ખરા[1]ધરા,
હું શરણ કરૂં મહાદેવ એવા જિતેંદ્રિયનું સર્વદા,
સામ્રાજ્ય જે શિવપૂરિનું આપે શિર તે વંદુ સદા,૧૦
મહા ક્રોધને મહા માન માયા મહા મદ જેણે હણ્યા,
મહા લોભ આદિક દોષ સઘળા હણ્યા જેણે મૂળખણ્યાં,
અહા તે ખરા મહાદેવ શુભ કહેવાય જગમાં શાશ્વતા,
બીજા સરાગી દેવ જુઠા કષાથો યુત લાજતા. ૧૧
જે મહા દયાળુ મહાનંદી અને મહા જ્ઞાની પૂરા

૧ પૃથ્વી.

મહા યોગી ને મહા તપસ્વી મહા મૌની તે પ્રભુજી ખરા,
મહાદેવ એ શુભ લક્ષણો યુત સદા શોભે જયકરા,
ક્યાંજિનપતિસુગજેંદ્ર સમ ક્યાંઅન્ય દેવો ખર[1]ધરા.૧૨
મહા વીર્યને મહા ધૈર્યવળી મહાશીલ જેમાં છે સદા,
મહા ગુણને મહા ક્ષમા આદિક સત્વ જેમાં છે યદા,
મહાદેવ તે કહેવાય જેછે અભયદાતા સર્વથા
જે પમાડે જગજીવને શાતા વધુ શી કહું કથા? ૧૩
થયું સ્વતઃ પરગટ જ્ઞાન લોકાલોક પરકાશક યથા,
જેમાં અનંતુ વીર્યને ચારિત્ર જેનામાં તથા,
સાક્ષાત્ એ શુભ ઉદ્ભવ્યાં તે સ્વયંભુ કહેવાય છે,
બીજા અનેરા દેવ તેહ સરાગી દ્વેષિ ગણાય છે. ૧૪
સ્ત્રી શસ્ત્ર આદિ રહિત જે કાયોત્સર્ગ મુદ્રા મુદા,
મુદ્રા પર્યંકાસન ધરી જે પ્રશમ રસ ઝીલે સદા,
એવા પ્રભુ જિનપતિ તે શિવ અને શંકર જાણીએ,
એથી રહિત અન્યમતિ દેવો દેવ રુપ ન માનીએ. ૧૫
સાકાર નિરાકાર છે વળી મૂર્ત અમૂરત જેહ છે,
જે પરમ આતમા બાહ્ય આતમા અંતરાતમા તેહ છે,
છે સ્વરૂપ એનુ અકળ જે નવ ઓળખે અજ્ઞો ડરી,
પંડિતજનો કરતા પરીક્ષા વીતરાગ તણી ખરી. ૧૬

---

૧ પૃથ્વી તળ ઉપર.

જે પરમ દર્શન જ્ઞાનયોગથી અક્ષય આત્મ સ્વભાવને,
પામ્યા વળી જે થયા પરમાત્માજ તજીય વિભાવને,
જે ક્ષમા પરમ અને દયાયુત મતા પરમાત્મા ખરા,
કહેવાય છે સાર્થક નથી પ્રભુ નિરર્થક [1] જગ ભાસ્કરા.૧૭
જે સિદ્ધ અવિનાશીજ સુખ સંપ્રાપ્તથી પરમાત્મ છે,
વળી પ્રથમ કર્મવશાત્ સંસારે ભમ્યા બાહ્યાત્મ છે,
તેમજ વિવેકથી દેહધારી છતાં અંતર આત્મ છે.
એ ત્રણુ પ્રકારે શિવ મનાય શ્રી જિનપતિ તે આપ્ત છે૧૮
જે અવસ્થા દોષિત તેહ સકલ અવસ્થા જાણવી,
વળી દોષ રહિત નિષ્કલ અવસ્થા તેજ સાચી માનવી,
તે સર્વથા નિજ દેહ રહિત થતાં પરમપદ સ્થિત દશા;
વીતરાગ તે પામે દશા બીજા સુમાર્ગેથી ખશ્યા ! ૧૯
જે એક મૂર્તિ છતાં પણુ પર્યાય નયે ત્રિમૂર્તિ છે,
આત્મા તણા શુદ્ધ જ્ઞાન દર્શન ચરણુ ગુણુથી પૂર્તિ છે,
તેથીજ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ત્રિમૂર્તિ કહેવાય છે,
વીતરાગને ઉપમા ઘટે એ અવરમાં ન ઘટાય છે. ૨૦
જે એક મૂર્તિ છતાં બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર નવ ઘટે,
એ ત્રણુ ભાગ ન બને છે ભિન્ન પરસ્પર મિથ્યા રટે,

---

૧ જગત્ લોચન-સૂર્ય

એ ત્રણની મૂર્તિ યથાવિધ એક કદી નવ સંભવે,
આવેવિરોધએવાતકહેતાં અન્યમતિજેમ તેમ લવે ?–૨૧
છે વિષ્ણુ કાર્ય સ્વરૂપ બ્રહ્મા ક્રિયારૂપ જાણો યથા,
વળી મહેશ્વર કારણ રૂપે છે એક મૂર્તિ નવ તથા,
એવીજ રીતે કાર્ય કારણ યુક્ત મૂર્તિ ન એક છે,
ઘટના ઘટે નવ એક કહેતાં કહે તે નર[1] ભેક છે, ૨૨
છે પ્રજાપતિનો પુત્ર બ્રહ્મા માત પદ્માવતિ કહી,
અભિજિત નક્ષત્રે જનમ જસ એક મૂર્તિ નવ રહી,
અહા ! અર્થ વ્યર્થ કરે મુહાત્મા તત્ત્વ જે જાણે નહીં,
વીતરાગ પ્રણિત ન સૂત્ર જાણે વાત જુક્તિ નવ કહી, ૨૩
વસુદેવનો સુત વિષ્ણુ છે માતા કહી જસ દેવકી,
નક્ષત્ર જન્મનું રોહિણી તો એક મૂર્તિ કયાં ટકી ?
જિનશાસને કહી યુક્ત વાતો અન્યમતિ નવ સદ્દહે,
કલ્પિત–કપોલ કથા કુ વિકથા વિરોધો ઇત ઊત ગ્રહે ૨૪
પેઢાલનો સુત રૂદ્ર છે તસ સત્યકી માતા કહી,
નક્ષત્ર મૂળમાં જન્મ જેનો એક મૂર્તિ કયાં રહી ?
અર્ધાંગ રાખે અંગના જે શૂળ શસ્ત્ર ધરે સદા,
વીતરાગને નહીં શસ્ત્ર રમણિ પ્રશમરસ ઝીલેમુદા. ૨૫

---

૧ દેડકો.

ભુજંગી છંદ.

જુવો વર્ણ રાતોજ બ્રહ્મા તણો છે,
વળી શ્વેતવર્ણિ મહેશ્વર ભણ્યો છે
તથા શ્યામવર્ણિં અહા! વિષ્ણુ કેવો?
ન મર્તિ કદા સંભવે એક દેવો? ૨૬
જપે જાપમાલા સદા એક બ્રહ્મા,
ધરે રૂદ્ર ત્રીશૂળને[1] અંક રામા,
વળી શંખને ચક્ર છે વિષ્ણુ પાંસે,
ન મર્તિ કદા સંભવે એક ખાસે? ૨૭
વળી ચાર મુખોજ બ્રહ્મા કહ્યો છે,
તથા ત્રણ્ય નેત્રે મહેશ્વર રહ્યો છે,
અહા! વિષ્ણુને હાથ છે ચાર કેવા?
ન મૂર્તિ કદા સંભવે એક દેવા? ૨૮
મથુરાં વિષે જન્મ બ્રહ્મા તણો છે,
મહેશ્વર તણો રાજગૃહિમાં ભણ્યો છે,
વળી દ્વારિકાં કૃષ્ણનો જન્મ જાણો,
ન મૂર્તિ કદા એક તો કેમ તાણો? ૨૯
જુવો હંસનું ધ્યાન બ્રહ્મા તણું છે!

---

૧ ખોળો. ૨ વાહન.

વળી નંદીનું યાન તો રૂદ્રનું છે,
તથા વિષ્ણુનું યાન જાણો ગરૂડે,
ન મૂર્તિ કદા એક તો કેમ જુડે ? ૩૦
જુવો પદ્મ બ્રહ્મા તણે હાથ દીસે,
મહેશ્વર તણા હાથમાં શૂળ રીસે,
તથા વિષ્ણુના હાથમાં ચક્ર કેવું ?
ન મૂર્તિ કદા એક કે, કેમ એવું ? ૩૧
થયા કૃત યુગેજ બ્રહ્મા બિચારા,
થયા યુગ ત્રેતા વિષે રૂદ્ર ન્યારા,
અને દ્વાપરે વિષ્ણુની ઉત્પતિ છે,
ન મૂર્તિ કદા એક એકુવૃત્તિ છે. ૩૨
વળી જ્ઞાન તે વિષ્ણુ સાચાજ માનું,
સદા શુદ્ધ ચારિત્ર બ્રહ્મા વખાણું,
કહ્યા જ્ઞાન સમ્યકત્વથી શિવ શાન્તિ,
ધરે મૂર્ત અર્હત તણી સૌમ્ય કાન્તિ. ૩૩
[1]મહી, [2]વારી. વા [3]વન્હિ યજમાન માનું,
વળી [4]વ્યોમને [5]સોમ જે શ્રેષ્ટ [6]ભાનુ.

---

૧ પૃથ્વિ ૨ પાણી. ૩ અગ્નિ ૪ આકાશ ૫ ચંદ્ર ૬ સૂર્ય.

યથા આઠગુણો વિત્મા રાગ જેના,
ધટે ત્હેમને તે બીજાને ધટેના. ૩૪

પ્રસન્ના સુવારી ક્ષમા તેજ પૃથ્વિ,
નિઃસંગી સુવાયુ અને યોગ વન્હિ,
છતાં મુર્ખ માને કષાયો ભરેલા,
કુદેવો છતાં દેવ માને છકેલા. ૩૫

દયા દાનને જે તપો યુક્ત આત્મા,
ખરા એજ યજમાન માનો પ્રમાત્મા,
અને લેપ વર્જી સ્વભાવે સુઆત્મા,
સદા વ્યોમની તુલ્ય માનુંજ મહાત્મા. ૩૬

સદા સૌમ્ય મુર્તિ રૂપે હું પિછાણું,
ખરા ચંદ્ર શ્રી અર્હતોને વખાણું,
અને જ્ઞાન વિકાશથી સૂર્ય જાણું,
બીજા અન્ય જે આગિયાને ન માનું. ૩૭

૧વિમુક્તા અહા ! પુણ્યને પાપ બેથી,
વળી૨ વર્જતા રાગ ને દ્વેષ તેથી,
નમસ્કાર તે અર્હતો ને કરે જે,
ન ઇચ્છા છતાં૩ શિવ શ્રી ને વરે તે. ૩૮

---

૧ મુકાએલા ૨ રહિતા ૩ મોક્ષ રૂપી લક્ષ્મી.

અકારેથી વિષ્ણુ રકારેથી બ્રહ્મા,
હકારે શિવા જાણવા જે પ્રશમ્યા,
નકારેથી માનો સદા શ્રેષ્ટ મુક્તિ.
રહ્યો અર્થ અર્હન્ પદે એ સુયુક્ત, ૩૯
અકારેજ આદિ પ્રબોધે સુધર્મો,
વળી આદિ મુક્તિ સ્વરૂપ જ્ઞાન પરમો,
તથાવિધ અર્હન્ પદે એ અકારે,
રહ્યો અર્થ યુક્તો કહ્યો સૌ સ્વિકારે. ૪૦

રૂપીને અરૂપી સ્વરૂપ દ્રવ્ય વાંચ્યું,
પ્રભુ ત્હેં દીઠું જ્ઞાન ચક્ષુથી સાચું,
લોકાલોક દીઠા પ્રભુ ત્હેં પ્રકાશ્યા,
ભણે ભાગ્યશાળી ર કારે સુ રાસા. ૪૧

હણ્યા રાગ ને દ્વેષ મોહાદિ જેણે,
પરીસા સહ્યા ને હણ્યા કર્મ એણે,
અહા ! વીતરાગે જીતી સર્વ બાજી,
હકારે ભણ્યા તે થયા વિશ્વ કાજી. ૪૨
વળી પુણ્ય ને પાપ જાણ્યા પ્રભુતા,
અને આઠ સુપ્રાતિહાર્યોથી યુક્તા,
સદા શુદ્ધ સંતોષથી પૂર્ણ સ્વામી,

નકારે ભણે પંડિતો શીર નામી. ૪૩
ભવો બીજના અંકુરા રાગ આદી,
ગયા દોષ જેના ચખાડી પ્રસાદી.
ભલે બ્રહ્મ વિષ્ણુ હરો જિન હોવે,
નમસ્કાર ત્હેને કરૂં પાપ ધોવે. ૪૪

હરિગીત છંદ

ભગવાન્ હેમાચાર્ય જે સર્વજ્ઞ કળિકાળે ખરા,
મહાદેવ સ્તોત્ર રચ્યો રૂડો જે ધર્મધુરંધર ધરા,
અનુવાદ આ શુભ છંદ સાંકળચંદ રચિ સ્તવના કરે,
જે ભણે નિસુણે ભવ્ય તે નિશ્ચે વરે શિવશ્રી ખરે ૪૫

પરમાર્હત્ શ્રી કુમારપાળ ભૂપાળ વિરચિત

આત્મ નિન્દા રૂપ જિણેંદ્ર સ્તુતિ

મૂળસંસ્કૃતનો અનુવાદ

હરિગીત છંદ

વીતરાગ ! સૌ ઇંદ્રો નમ્યા તુજ [1]પાદપીઠે કરોં સ્તુતિ,

---

૧ ચરણ કમળે.

તસ મુગટ મણિના કિર્ણ જ્યો તે પાદકજ શોભે અતિ,
ત્હેં જગતના ભય દુઃખ સમૂહો નાશ કીધા સર્વદા,
જયવંત વર્તો જિનપતિ ત્રૈલોક્ય બંધુછો સદા. ! ૧
ભગવાન્ રાગ રહિત કૃતાર્થ સમર્થ છો ત્રિભુવન પતિ,
હે નાથ ! તુજ પ્રભુતા યથાવિધ કહી શકે ન બૃહસ્પતિ ?
તો અર્થિ વર્ગ સ્વરૂપ ત્હારૂં વર્ણવે કેમ મુખ થકી ?
હું મૂર્ખ બાળક છતાં લેશ વિનંતી કરૂં જેમ તેમ બકી. ૨
પ્રભુ ચિત્તશુદ્ધે મુક્તિપુરિમાં ગયા પણ મુજમન રમો,
તુમ ૧ગુણારોપણ મન થતાં સાક્ષાત્કાર થયા તમો,
જેમ સૂર્ય બહુ દૂર છતાં દર્પણમાં પડે કિર્ણો યથા,
તે કિર્ણ ઘરની માંહ્ય શું ઉદયોત્ નથી કરતા તથા ? ૩
હે નાથ ! પ્રાણીમાત્રના જન્મો ઉપાર્જીત પાતકો,
તુજ ભક્તિ સ્તુતિથી નાશ પામે નરે નહિ ર૨ૈા ઘાતકો,
જ્યાં સૂર્યનાં કિર્ણો પ્રચંડ પડે ભૂમિપર સામટાં.
ત્યાં અંધકાર સમૂહ ન રહે જાય પાતક ભામટા. ૪
જગજીવ મોહજ્વરે પિડાય પિડાહરી તસ સુખ કરો,
આજ્ઞા અધિન છું હું તમારી થાય મોહ ન કેમ ૩પરો ?

---

૧ પ્રભુના ગુણોનું ચિંતવન ૨ ચારકષાયો, અનુ-તાનુબંધી ૩ દૂર-છેટો

ભગવાન્ તુમ શરણું કરે તે જીવનું રક્ષણ કરો,
રક્ષક તમે મહાદયાવાન છતાં મ્હને કેમ પરહરો ? ૫

સંસાર અટવી ઉલ્લંઘન કરતાં મળ્યા [૧]સાર્થપ પ્રભુ !
આશ્રય કર્યો મ્હેં આપનો હું મુક્તિનો ઇચ્છક વિભુ,
મહા યત્નથી પ્રભુના પસાયે રત્ન ત્રઈ મુજને મળી,
અહા ! કષાયો રૂપ ચોર લુટે ઉપેક્ષા ન કરો વળી. ૬

હે નાથ ! ભવોદધિ ભ્રમણ કરતાં મળ્યા મહાપુણ્યે તમે,
મહાયત્નથી પ્રભુ મળ્યા પણ નવ [૨]રકળ્યા શું કહીએ અમે ?
તે સમે કે, આ ભવે પાપી પિંડ ભક્તિ ન કરી શક્યો ?
પુજ્યા ન પ્રભુ કરી સ્તુતિન શીગતિથશે મ્હારીહું ચૂકયો ?-૭

પ્રભુ કર્મ કુંભારે મ્હને સંસાર ચક્ર વિષે અહા !
કુબોધ દંડે બહુ ભમાવ્યો ચારગતિ દુઃખ મ્હેં સહયાં,
એ મહાકુંભારે મ્હને ટીપી કર્યો દુઃખ ભાજન પ્રભુ
રક્ષણુ કરો એ કર્મથી જગ શરણ્ય છો કારૂણ્ય વિભુ. ૮

પ્રભુ મમત્વાદિક કષાયો સંસાર બીજના કંદને,
ક્યારે ઉખેડીશ આપ આજ્ઞા હીર ધરી તે ફંદને ?
આત્માજ માની સાર પ્રભુ તુજ તત્ત્વ પામીશ હું કદા ?

---

૧ સાર્થવાહ. ૨ ઓળખ્યા

નિરપેક્ષ વૃત્તિ ૧અનિચ્છા મોક્ષે થશે ક્યારે યદા ? ૯
હે નાથ ચંદ્ર સમાન શિતળ શ્રેષ્ઠ ગુણ છે તાહરા,
તે ગુણ-દોરા વડે મ્હેં મન માંકડું બાંધ્યું જરા,
હું સ્પૃહાવાન છું સ્વામી આજ્ઞા રૂપ અમૃત પાનમાં,
ક્યારે કરીશ પરબ્રહ્મમાં હું પ્રીત તસ ગુણ ગાનમાં. ૧૦
હે નાથ ! ત્હારા ચરણ કજના પ્રસાદે મ્હેં મેળવ્યાં,
નર જન્મ ધર્મ સુ દેવ એ હદ છતાં પણ-નવ કેળવ્યાં,
પ્રભુ બળાત્કારે કામદેવાદિક ક્યાયો પાપીયા,
મુજને અકાજે જોડતાં ખિન્નતા નથી મન વ્યાપીયા. ૧૧
દેવાધિદેવા ૨ભદ્રકર્તા છો ચરે સંભાવના,
મ્હેં કામદેવાદિક હટાવ્યા ભાવતાં એ ભાવના,
તે છતાં એ પાપાતમા મુજ પુંઠ હજુ નથી મુકતા,
તું રક્ષરક્ષ પ્રભુ મ્હને હું શરણ આવ્યો લુંટતાં. ૧૨
પ્રભુ ભવ સમુદ્રે ભ્રમણ કરતાં દૃષ્ટિ ગોચર નવ થયા,
જો થયાં દર્શન હોતતો રઝળ્યો ન હોત કરો દયા;
વળી અંત જેનો નથી એવાં નારકાદિક દુઃખ તણા,
૩અતિથિપણેનવ થયો હોત હું મળ્યા હોતજો સજ્જના ૧૩

૧ ઇચ્છારહિત ૨ કલ્યાણ કરતા. ૩ પરોણા-મેમાન.

હે નાથ ! ચક્ર૧ અસી ધનુષ્ય અંકુશ વજ્ર સુ લક્ષણે,
લક્ષીત, ચરણ કમળ યુગળ છે શોભના પર રક્ષણે;
દુઃખે ન વારી શકાય તે મોહાદિ શત્રુથી ડર્યો,
હું શરણ કરૂં તુજ ચરણદ્વયનું નાથ ત્હારો આશરો.૧૪
અગણિત કારૂણ્ય શરણ્ય પુન્યાઇ પ્રભુતા પ્રભુ આપની,
સર્વજ્ઞ નિષ્કંટક પ્રભા છે વિશ્વનાથ પ્રતાપની,
તે છતાં મહત ભિક્ષે મ્હને યાચક કર્યો ભાગ્ય વડે,
દીન હતાશા શરણે રહ્યો પ્રભુ રક્ષરક્ષ ન અરિ નડે ૧૫
પ્રભુ વિના દુઃખ સમૂહ દળવા અન્યનો નથી આશરો,
ભવ દુઃખ મ્હારાં હરો નાથ સમર્થ છો કરૂણા કરો;
અથવા અનાદિ શત્રુઓના જથ્થાનું મૂળ સંહરો,
છો વિષ્ણુ ચક્ર રહિત૩ પદના ચક્રનો લેઉં આશરો. ૧૬
દેવાધિદેવ છો મહેશ્વર બુદ્ધ ત્રિભુવન નાથ છો,
મહારાજ મ્હારી લાજ છે તુમ હાથ સ્વામી સનાથ છો,
પણ કામક્રોધાદિક અંતર વૈરીએ જીત્યો મ્હને,
હું ખેદ પામ્યો તે થકી પોકાર કરી યાચું ત્હને. ૧૭
હે નાથ ! તે ક્રોધાદિ અંતર વૈરીએ રીસે મ્હને,
મહા મોહ અંધારા વિષે નાંખ્યો ભજું હું કેમ ત્હને ?

૧ તરવાર ૨ એ ૩ પગના

સ્વામી અધર્મરૂપી દુ:ખોનો ત્યાગ કરી મુજ મન યથા,
લાવું સમાધીમાં તદા એ શત્રુ કરતા બહુ વ્યથા. ૧૮
હે દેવ ! તુજ આગમ તણા અભ્યાસથી જાણ્યું ખરૂં,
મોહાદિ જે મમ શત્રુ તે ભવ ભ્રમણનું દે ન્હોતરૂં;
તોપણ મુઢાત્મા આત્મ તજી૧ પર પુદ્દગળે મોહ્યો અતી,
તસ સંગથી અપકૃત્ય મુજથી થાય છો પ્રભુ શુભમતિ ૧૯
મહામ્લેચ્છ ક્રુર કષાય તે મહા રાક્ષસોએ દાસને,
હે ભૂવન વીર ! કરી વિટંબણ ભમાવ્યો દેઈ ત્રાસને;
પણ પુણ્યયોગે મનુષ્ય ભવ હું હાલ પામ્યો છું પ્રભુ ?
તો હવે ફરી તે ના નડે તેમ કરો ચરણ શ્રણા વિભુ.૨૦
નિજ દેહમાં મમતા ન સમતા સહિત શ્રદ્ધા શુદ્ધતા,
સાચો વિવેક અને વળી પરપુદ્દગળેજ નિસંગતા;
શત્રુ અને વળી મિત્રમાં સમભાવ એવી ભાવના,
હું થઈશ સંયમવાન્ ક્યારે નાથ એવો શુભમના? ૨૧
વીતરાગ આપજ એક મ્હારા દેવ છો સાચા પ્રભુ,
ત્હારો પ્રરૂપ્યો ધર્મ એહજ ધર્મ સાચો છે વિભુ,
એવું સ્વરૂપ વિચારીને કિંકર થયો છું આપનો,
મ્હારી ઉપેક્ષા નવ કરો ક્ષય કરો મ્હારા પાપનો. ૨૨

---

૧ દેહાદિક.

હે દેવ ! કામાદિ બીજા સુર અસુર ત્હેં જીત્યા અતી,
તે સર્વ તુમ પ્રતિ નવ સમર્થ તે ભાગીયા નિર્બળવૃત્તિ,
તુમથી છૂટયા તે આપના કિંકર મ્હને મહા જોરથી
મારી અતિશય માર ઘાયલ કર્યો મુજને તોરથી. ૨૩
સૌ ભવ્ય પ્રાણીવર્ગને મુક્તિપુરિમાં લેઇ જવા,
સામર્થ્ય ત્હારૂં છે પ્રબળ જગશરણ્ય કારૂણ્ય અનુભવ્યાં,
હું ક્રિયાહિણુ છું છતાં પણ છું લીન ચરણકમળ પ્રભુ,
વળી દીન હું આવ્યો શરણ રક્ષણ કરો નહિં શું વિભુ?૨૪
હે દેવ ! ત્હારા પાદપદ્મનું યુગલ જસ હૃદયે રમે,
નિશ્ચે વરે ત્હેને શ્રી શોભા વિશ્વત્રયની દુઃખ શમે;
વળી તે શ્રી શોભા સંગ ત્હેનો કદીય પણ મૂકે નહીં;
એવો તમારા ચરણ બેનો નાથ મહિમા છે સહી. ૨૫
નિર્ગુણ શિરોમણિ અને ક્રુર દુરાત્મા પાપિષ્ટ છું,
વળી છું અનિષ્ટ કષાય કલુષિત લોકમાંહી કનિષ્ટ છું;
તેથીજ દુઃખની રાશીં ભવોદધિમાં ડૂબ્યો છું હું પ્રભુ,
આજ્ઞા ઉત્થાપી પડયો છૂટો દુઃખ સહું તેથી વિભુ.૨૬
ચિંતામણિ જસ કર ચઢે ખામી ન ત્હેને રહે કશી,
આશ્રય કરે લક્ષ્મી જગતની રહે તસ ઘરમાં વસી.
તો આજ પ્રભુ મમ નેત્રના અતિથી થયા પાવન કરી,

મ્હેં સ્નાન અમૃત સિંધુમાં કર્યું પાપ અરિ નાશ કરી. ૨૭,
સંસાર મહા સિંધુ વિષે ભમતાં મ્હને પ્રભુજી મળ્યા,
શુભ ઝાઝ સમ તારક તમે સુખધામ સાચા અટકળ્યા,
વળી મુક્તિ રમણિ સાથ હસ્ત મિલાપમાં સહાયક થયા,
મમ હાથ ગોર ચતુર ચઢયા ભવકષ્ટ નષ્ટ થયાં ગયાં, ૨૮
હે નાથ ! જેણે સ્તોત્રથી ભક્તિ સ્તુતિ કરી શુભ મને,
વળી પુષ્પમાળાથી પુજા કરી નમસ્કાર કર્યો ત્હને,
ચિંતામણિ રૂપ આપ જેના કર ચઢ્યા ત્યાં શ્રી સવાઇ,
તસ આંગણે સુરતરૂ ફળ્યો શી માન એમાં નવાઇ?–૨૯
ભગવાન્ હું મમ ઉભય નેત્રો મિંચી સ્થિર મન વશ કરી,
જે સમય ત્હારૂં ધ્યાન ધરૂં સાક્ષાતકાર થતા તરી,
વળી કર્મ-મર્મ સમૂહનો કરનાર ક્ષય પ્રભુ યુક્તિથી,
જુદા નથી પડતા થતા પ્રભુ એકમેક સ્વ ભક્તથી. ૩૦
પ્રભુ વિના બીજા અન્ય દેવો શ્રેષ્ઠ ભક્તિથી યદા,
અતિશય પ્રસન્ન થતાં છતાં પણ મુક્તિ નવ આપે કદા,
જો લિંબ તરૂને સુધારસના ઘડા ભરી ભરી સિંચિએ,
પણ આમ્રફળ આપે ન તે કરી ફળ લિંબોળી કડુ દીએ. ૩૧
ઉપમા ન આપી શકાય જેની મહા દયાળુ જિનપત,
નિજ આશ્રિતોના ગુણ કે અવગુણ તે જોતા નથી,

આશ્રિત ગણી ભવજળ થકી ત્હેં હાથ ગ્રહી તાર્યો મ્હને,
નિર્ગુણ છતાં હું મોક્ષ ઇચ્છક રક્ષરક્ષ સુ ભકતને. ૩૨
બહુ જન્મના પુણ્યો વડે ત્રિભુવન ચુડામણિ પ્રભુ મળ્યો,
આજ્ઞા અધિન હું મોક્ષ ઇચ્છક ખચીત મળશે નિર્મળો,
તે વાતના સાક્ષી ગુરૂ મમ હેમચંદ્રસૂરિ પ્રભુ,
શું મુકિતથી યાચું અધિક ભવોભવ શરણહો વીરવિભુ,૩૩
પરમાર્હત્ દેવ કુમારપાળે રચિ સંસ્કૃતમાં સ્તુતિ,
નિજ આત્મ નિન્દા રૂપ જિનપતિ સ્તુતિ કરી ભકિત અતી,
અનુવાદ આ શુભ છંદ સાંકળચંદ રચિ સ્તવના કરે,
જે ભણે નિસુણે ભાગ્યશાળી વિજયકમળા તે વરે. ૩૪

શ્રીરત્નાકર પચીશી અનુવાદ.

પ્રયોજક સાંકલચંદ પિતાંબરદાસ શાહ.

હરિગીત છંદ.

કલ્યાણ મુકિતરૂપ મંગલ ક્રિડાના ઘર છો પ્રભુ,
નરદેવ ને સુરદેવ ચરણકમળ નમ્યા ત્હમને વિભુ;
સર્વજ્ઞ છો સૌ અતિશયોથી યુકત જગપરધાન છો,
પ્રભુ સદા જગજયવંત વર્તો કલાજ્ઞાન નિધાન છો. ૧

ત્રિભુવનતણા આધાર ને કરૂણા તણા અવતાર છો,
દુઃખે નિવારી શકાય તે સંસાર વૈદ્ય શ્રીકાર છો;
સર્વજ્ઞ શ્રીવીતરાગ જાણો છતાં ભોળા ભાવથી,
કિંચિત કરૂં આ વિનંતી તે સ્વિકારો સદ્ભાવથી. ૨
જેમ બાલક્રિડાયુક્ત બાલક માત–તાત કને યથા,
શંકારહિત જેમ તેમ લવે પણ ખુશી માતપિતા થતા;
તે પ્રમાણે હે નાથ ! ત્હારી પાસ મમ કથની કહું.
ભવતાપથી હું તપ્યો પ્રભુની શિતળ છાયામાં રહું ૩
આ ભવ વિષે નવ દાન દીધું શીલ નવ પાળ્યું અહી,
વળી ક્ષમાયુક્ત કર્યો ન તપ મ્હેં ભાવ પણ ભાવ્યો નહીં,
પ્રભુ ગયો ભવ ફેરો નિરર્થક હવે મ્હારૂં શું થશે ?
હુ કયાં જઈ કરૂં શરણુ કોનું નાથવણ નવ મન હસે. ૪
હું બળ્યો ક્રોધાગ્નિ થકી વળી દુષ્ટ લોભ અહિ ડસ્યો,
અભિમાન અજગરથી ગળાયો નાથ આણુથી ખસ્યો,
માયાતણી જાળે ફસ્યો હું ભજું કેમ કરી આપને ?
મદ કષાયો વશ આતમા પડી સહ્યાં ભવ સંતાપને. ૫
મ્હે સ્વ, પરહિત આભવઅને પરભવ વિષે કાંઇ નવ કર્યું,
તેથીજ સુખ પામ્યો ન હું હે નાથ ! લોક વિષે ખરૂં;
ભવપૂરણ કરવા જન્મ મ્હારા અલેખે સઘળા ગયા,
અજ્ઞાન વશ ભવમાજી હાર્યો દુઃખ જાય ન મુજ કહ્યાં. ૬

આનંદદાયક પ્રભુ તુજ મુખચંદ્રથી અમૃત ઝરે,
મુજ મન ભિંજાય ન તદપિ ત્હારા દર્શને ત્રાતા અરે !
માનું હૃદય મુજ કઠણ પત્થરથી અધિક ક્યાંય નવ ઠરે,
હા ! દેવ શી ગતિ થશે મ્હારી મનકપિ કુદકા ભરે. ૭
ભવસિંધુમાં ભમતાં થકાં દુષ્કર મનુષ્યભવ મેળવી,
શુભજ્ઞાન દર્શન ચરણ રત્નની રિદ્ધિ મળી નવ કેળવી;
એ રત્ન આપ પસાયે પામ્યો પ્રમાદે નિંદ્રા વશે,
હું ગુમાવી બેઠો કરૂં પોકાર ક્યાં જઇ સૌ હસે ? ૮
વૈરાગ્ય રંગ તરંગનો દેખાવ જગ ઠગવા કર્યો,
વળી ધર્મનો ઉપદેશ જનમનરંજને દીધો ખરો;
વિદ્યા ભણ્યો તે વાદ કરવા હેતુભૂત થઇ હે પ્રભુ !
મમ હાસ્યકારક કાજ કહેતાં લાજ આવે છે વિભુ. ૯
અપવાદ પરના ઉચ્ચરી મ્હેં મલિન મુખ કર્યું હે પ્રભુ !
વળી વિકારે પરસ્ત્રિયાદિક જોઈ નેત્ર મલિન કર્યાં વિભુ;
મ્હેં અહિત પરનું ચિંતવી ચિત્ત દોષ યુક્ત કર્યું ખરૂં,
હા ! હા ! થશે શું ભાવી મ્હારૂં નાથ તુજ શરણું કરૂં. ૧૦
વિષયાંધ થઇ મ્હેં કામરાક્ષસથી વગોવી જાતને,
આવે શરમ અપકૃત્ય કહેતાં સુણાવું જગતાતને,
સર્વજ્ઞ જાણો છો સકળ પણ પ્રગટ કરૂં પ્રભુ આગળે,
ત્હેં અધમ તાર્યા તાર મુજને બિરૂદ તો તારક ફળે. ૧૧

અહા ! અન્યમંત્રો ભણી મ્હેં પરમેષ્ઠિમંત્ર ન ઉચ્ચર્યો,
ભણીને કુશાસ્ત્ર પ્રમાણથી હું જિનાગમ ઘાતક ઠર્યો;
મ્હેં કર્યાં કર્મ કઠોર ઘોર કુદેવની સંગત થકી,
હે નાથ ! ભ્રમણા મન તણી હું કયાં કહું જ્યાં ત્યાં ભકી? ૧૨
પ્રભુ પ્રશમ રસથી યુક્ત મૂર્તિ દ્રષ્ટિપંથેથી તજી,
અહા ! મુઢમતિ મ્હેં મદનની કુવાસના મનમાં ભજી;
સુંદર સ્ત્રીના સ્તન કટિ નાભી કટાક્ષે મોહ્યો ઘણો,
દુરધ્યાન એ અહનિશ ધ્યાતાં ગણ્યો ભય નહીં આપનો. ૧૩
સ્ત્રીના ચપળ ચક્ષુ અને ચ્હેરા નિરખતાં હે પ્રભુ !
જે રાગરંગ જરા જરા ચોટયો ન છૂટે એ વિભુ !
એ રંગ તુજ આગમસમુદ્રે પખાળ્યો જાતો નથી,
શું હશે કારણ તેહનું જાણું ન હું શું કહું કથી ? ૧૪
નથી અંગ અનુપમ ગુણગણો નથી હે પ્રભુ મ્હારા વિષે,
તેમજ નથી કોઇ કળા આત્મવિકાશ કરવા જગ હસે;
વળી ઝળકતું નથી તેજ કે પ્રભુતા ન દીસે કોઇ યદા,
તે છતાં હું અભિમાન કરતાં વિટંબણ પામ્યો સદા. ૧૫
ક્ષણ ક્ષણે આવરદા ઘટે પણ બુદ્ધિ ન ઘટે પાપની,
વય જાય પણ વિષયાભિલાષ ન જાય કૃતિ સંતાપની;
હું યત્ન ઔષધનું કરૂં પણ ધર્મ ઔષધ નવ કર્યું,
મહામોહથી ઘેરાયલો મમ સ્થિતી ભુંડી કયાંકરૂં ? ૧૬
પ્રભુ હતા કેવળજ્ઞાનમય રવિજ્યોત સમ તારક તમે,